મિલકામદારનાં ૨૧ કુટુંબોમાં ૧૬૦ વ્યક્તિ છે, જેમની વાર્ષિક કુટુંબની સરાસરી આવક રૂ.૫૯૪૭ અને ખર્ચ રૂ.૫૧૦૮ છે. તેવી જ રીતે સરેરાશ વ્યક્તિદીઠ વાર્ષિક આવક લગભગ રૂ.૭૮૦ અને ખર્ચ રૂ.૬૭૪ છે. ઓછામાં ઓછી માથાદીઠ આવક રૂ.૩૮૨ અને વધુમાં વધુ રૂ.૧૨૦૦ છે. આ વર્ગમાં રૂ.૩૩૦૦થી માંડી ૧૨,૬૦૦ સુધીની કુટુંબની વાર્ષિક આવક ધરાવનાર તથા ૪થી માંડી ૨૧ સભ્ય સંખ્યા ધરાવનાર કુટુંબો પણ છે. સરાસરી કુટુંબનું કદ ૭.૬ છે.

છૂટક મજૂરી કરનાર વિભાગના સારી ફરવનાર ૯ કુટુંબોનું દારૂનું ખર્ચ તેમના દવાના ખર્ચ કરતાં વિ… હોય છે તેવી માહિતી સર્વેકાર્ય દરમ્યાન તેમના આગેવાનો પાસેથી મળી છે. તેમના કેટલાક આગેવાનો પણ દારૂ પીતા હોવાનું જોવા મળ્યું છે.

એક સીધા સાદા ભીલ આગેવાને દિલનું દર્દ ઠાલવતાં જણાવેલું કે 'શું કહું ? આ દારૂએ તો અમારી કોમનો દાટ વાળ્યો છે. જેમની આવક સારી છે તેમનો સારો એવો હિસ્સો દારૂની લત પાછળ વપરાઈ જવાથી આવક ખર્ચના બે પાસાં સરખાં કરી શકાતાં નથી.

છૂટક મજૂરી કરતાં કુટુંબોનું ધાર્મિક ખર્ચ :

આ લોકોનું સરાસરી કુટુંબનું વાર્ષિક ખર્ચ રૂ. ૨૪.૩ થાય છે. ઓછામાં ઓછું ખર્ચ કરનાર કુટુંબ રૂ. ૧૦ ખર્ચે છે. જ્યારે વધુમાં વધુ ખર્ચ કરનાર કુટુંબ માતાના જવારા પાછળ રૂ. ૧૫૦ ખર્ચે છે. આ ખર્ચ પણ તેમની જાતિના અન્ય વિભાગ (આઠ વિભાગ પૈકી)ના લોકો કરતાં ઓછું છે. કારણ કે તેમની કમાણી પણ ઓછી છે. રૂ. ૨૪.૩નું સરાસરી વાર્ષિક ખર્ચ તેમના સરાસરી કુટુંબની વાર્ષિક આવકના (રૂ. ૨૩૭૪) ૧%થી થોડું વધુ છે.

ગરીબમાં ગરીબ કુટુંબ પણ માતાજીના નોરતામાં નૈવેદ્યનું ખર્ચ કરે છે. આમ કરીને તેઓ પોતાની ધાર્મિક પરંપરાને જાળવી રાખે છે.

આવાં ખર્ચનો સમાવેશ સેમ્પલ સર્વે જેવા સર્વેની ટકાવારીમાં અલગ બતાવાતો નથી પરંતુ અન્ય ખર્ચ કે આનંદપ્રમોદના ખર્ચમાં તે સમાવી શકાય. અન્ય ખર્ચમાં કુલ ખર્ચના ૮થી ૧૦મા ટકામાં આવાં ખર્ચ સમાવવાં પડે.

છૂટક મજૂરી કરતાં કુટુંબોમાં રહેઠાણની જગ્યા :

'ક' પ્રકારનું ઘર એટલે પાકું-સીમેન્ટ કોંક્રિટનું અને પતરાંના છાપરાવાળું કે ધાબાવાળું.

'ખ' પ્રકારનું ઘર એટલે કાચું-પાકું, નળિયાં કે પતરાવાળું.

'ગ' પ્રકારનું ઘર એટલે ઝૂંપડું-માટીની દીવાલવાળું અને નળિયાં કે ઘાસના પતરાંના છાપરાવાળું.

રહેઠાણનાં મકાનોને ક, ખ, ગ એવા ત્રણ વિભાગમાં વહેંચી તેમને અનુક્રમે સારાં, મધ્યમ અને કનિષ્ઠ ગણ્યાં છે.

છૂટક મજૂરી કરતાં ૩૯ કુટુંબો પૈકી સરાસરી કુટુંબની વ્યક્તિને ૪.૭ ચો. કીલોમીટર જગા રહેવા મળે છે. બે કુટુંબની સરેરાશ વ્યક્તિ પાસે ૨૫ ચો.મી. જગ્યા છે તે કારણે આ વિભાગની સરાસરી વ્યક્તિને ૪.૭ ચો.મી. રહેવાની જગા મળે છે.

સૌથી ઓછી રહેવાની જગા મેળવનાર બે કુટુંબની સરેરાશ વ્યક્તિને ૧૧ ચો.મી. જગા મળે છે. અને તે પણ 'ગ' પ્રકારના ઘરમાં રહે છે. ૩૯ પૈકી ૧૩ કુટુંબો 'ગ' પ્રકારના

આ કુટુંબો પૈકી ૯ (૨૫%) કુટુંબો હાથલારી ચલાવે છે. બાકીના ચૂનો ઘોળવાનું, તંબાકુ ચાળવાનું, ગેરેજીના કોલુ પર મજૂરીનું, મિલની કેન્ટીનમાં, ચાની કીટલીનું, બંગલામાં વાસણ કપડાંનું, મિલમાં બદલી ભરવાનું, કડિયાકામ, લકરાં ચારવાં વગેરે કામો કરે છે.

છૂટક મજૂરી કરતાં કુટુંબોમાં સરાસરી માથાદીઠ વાર્ષિક કાપડ ખર્ચ :

સરેરાશ વ્યક્તિનું વાર્ષિક રૂ.૬૦ નું ખર્ચ તેમના કુલ ખર્ચ રૂ.૪૮૩ના લગભગ ૧૨.૫ % થાય છે. શહેરી વિસ્તારમાં કાપડ અને પગરખાં પાછળનું ખર્ચ કુલ આવકના ૫.૩% સુધી થાય તો પરવડી શકે એટલે આ ૧૨.૫% ખર્ચ લગભગ સવા બે ગણું વધુ ગણાય.[૬] કાપડમાં વધુ તેમનું વધુ ટકા ખર્ચ એ તેમની ગરીબીની ચાડી ખાય છે. (જીવન જરૂરિયાતની જુદી જુદી બાબતોમાં ખર્ચના નિર્ધારિત અંગેનો કોઠો પરિશિષ્ટ-૧૦માં આપેલો છે.)

રૂ. ૩૦નું માથાદીઠ વાર્ષિક કાપડ ખર્ચ કરનાર ૧૨(૩૩%) કુટુંબની વ્યક્તિઓ ચીંથરેહાલ રહે તે સમજી શકાય તેમ છે. રૂ.૪૧થી ૫૦નું ખર્ચ કરનાર ૮ કુટુંબો અને રૂ.૫૧થી ૬૦ ખર્ચ કરનાર ૧ કુટુંબ પણ આ મોંઘવારીમાં પૂરતું કાપડ મેળવી ન શકે. હા, બંગલામાં કામે જનાર કુટુંબોને ભેટ બક્ષિસ રૂપે થોડાં કપડાં મળે પરંતુ તે કુટુંબોનું પ્રમાણ ઓછું છે. હવેની મોંઘવારીમાં કપડાં જેવી વસ્તુઓ પણ ભેટ રૂપે મળતી ઘટવા લાગી છે.

રૂ.૬૧થી ૭૦નું ખર્ચ કરનાર ૨ કુટુંબ અને રૂ.૮૧થી ૯૦નું ખર્ચ કરનાર કુટુંબો ૪ છે. તથા રૂ.૯૧થી ૧૦૦નું ખર્ચ કરનાર ૬ કુટુંબો છે.

ખોરાકની જેમ કપડાં ખર્ચમાં પણ આ વિભાગ બીજા વિભાગો કરતાં પાછળ છે. ગરીબીની અસરને કારણે આપણા દેશમાં સરેરાશ વ્યક્તિદીઠ કાપડ વપરાશ ઘટતો જાય છે.

છૂટક મજૂરી કરતાં કુટુંબોનું દવા ખર્ચ :

તેમના સરાસરી કુટુંબનું દવા ખર્ચ રૂ.૯૭ છે. ઓછામાં ઓછું ખર્ચ કરનાર કુટુંબનું ખર્ચ કરનાર કુટુંબનું ખર્ચ રૂ.૨૫ છે અને વધુમાં વધુ ખર્ચ કરનાર કુટુંબનું રૂ.૨૫૦ છે તેમના સરાસરી કુટુંબનું રૂ.૯૭ ખર્ચ તેમના સરાસરી કુટુંબના વાર્ષિક ખર્ચ રૂ. ૨૩૭૪ના લગભગ ૩.૯ % થાય છે. આ ખર્ચ કુલ આવકના ૩%થી વધુ પરવડી શકે નહીં.[૭] પરંતુ ગરીબ કુટુંબોને સામાન્ય રીતે આવાં ખર્ચ વધુ થતાં હોય છે જે તેમની ગરીબીમાં વધારો કરતાં હોય છે. ભીલ કોમનો બાંધો મજબૂત હોવાથી અને તેઓ મહેનતુ હોવાથી કુદરતી રીતે તેમનું દવા ખર્ચ ખાસ વધુ નથી. છતાં અમદાવાદના શહેરી વાતાવરણમાં હવા પ્રદૂષણની અસર તેમને પણ થાય તે સ્વાભાવિક છે. વળી તેમના વસવાટ પણ મોટે ભાગે ધુમાડાવાળા અને ગંદા વિસ્તારોમાં છે.

એક અંદાજ મુજબ ૧૯૭૯-૮૦માં વધેલા ભાવ પછી માસિક રૂ.૬૦ની માથાદીઠ આવક ધરાવનાર ગરીબીની રેખાની પાસે આવી જાય છે.[3] ૧૯૭૯-૮૦ના બજેટ પછી ભાવો તો સતત વધતા જ રહ્યા છે જેટલે રૂ.૭૦૧થી ૭૫૦ની આવક ધરાવનાર ૧ કુટુંબ ગરીબાઇની રેખાની પાસેજ ગણી શકાય. ગરીબીની રેખાની વધુ ચર્ચા પરિશિષ્ટમાં આપેલી છે.

રૂ.૭૫૧થી ૮૫૦ની વાર્ષિક માથાદીઠ આવકવાળું એક કુટુંબ ગરીબાઇની રેખાથી સહેજ ઉપર અથવા આસપાસ (૧૯૭૯-૮૦ના વર્ષના હિસાબે) ગણી શકાય. જ્યારે રૂ.૮૫૧થી ૧૦૦૦ની આવકવાળાં ૨ કુટુંબ એનાથી ઉપર અથવા ગરીબીની રેખાના ભયથી મુક્ત ગણાય. રૂ.૧૩૦૧થી ૧૫૦૦ની માથાદીઠ આવકવાળાં ૩, રૂ.૧૫૦૧થી ૧૯૦૦ની આવકજૂથમાં ૨ કુટુંબો છે. આજે ૧૯૮૨માં તો રૂ.૮૫૧થી ૧૦૦૦ની માથાદીઠ વાર્ષિક આવક ધરાવતાં કુટુંબો ગરીબીની રેખાથી ભયમુક્ત ન ગણાવી શકાય. આમ ૩૬ પૈકી ૨૯ (૮૦%) કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે.

આ વર્ગમાં વધુ આવકવાળાં કુટુંબોમાં જે કુટુંબના એકથી વધુ સભ્યો લારી ચલાવે છે તેઓમાંના ઘણા દારૂની બદીમાં ફસાયેલા હોઇ જીવન જરૂરિયાતની ચીજો પાછળ પૂરતો ખર્ચ કરી શકતા નથી. વળી તેઓ પઠાણ પાસેથી વ્યાજે નાણાં લેતા હોય છે જેટલે તે રીતે પણ તેમની આવકનો કેટલોક હિસ્સો વેડફાઇ જાય છે. આ લોકો દિવસભર ચહા-બીડી પાછળ પણ ઠીક ઠીક ખર્ચ કરે છે.

ગરીબીની રેખા નીચે કે આસપાસ જીવતાં કુટુંબોના ખોરાકમાં બાજરીનો વપરાશ વધુ હોય છે. ઘઉંની સરખામણીમાં બાજરીનો વપરાશ પ્રમાણમાં સસ્તો પડે છે. વધુ આવક ધરાવતાં કુટુંબો એક વેળા કે બંને વેળા ઘઉં વાપરે છે. ગરીબ કુટુંબો તેલ અને શાકભાજી ઓછાં વાપરે છે અને વેજીટેબલ ઘી પણ વારતહેવારે બાજે (જુઓ) છે.

<u>છૂટક મજૂરી કરતાં કુટુંબોનું માથાદીઠ ખોરાકી ખર્ચ :</u>

છૂટક મજૂરી કરતાં ૩૬ કુટુંબોમાં ૧૯૭ વ્યકિત છે. સરેરાશ વ્યકિતનું વાર્ષિક ખોરાકી ખર્ચ રૂ.૪૦૯ થાય છે જે તેમનું કુલ ખર્ચ રૂ.૪૮૩ના ૮૪.૫% છે. આટલા બધા ટકા ખાધા-ખોરાકી ખર્ચ સૌથી ગરીબ વસ્તીના ૭ ટકામાં ગણાય છે.[4] આ કુટુંબો પૈકી માથાદીઠ વાર્ષિક ઓછામાં ઓછું ખર્ચ રૂ.૧૬૭ અને વધુમાં વધુ રૂ.૯૦૦ છે.

રૂ.૯૦૦નું માથાદીઠ વાર્ષિક ખોરાકી ખર્ચ કરનાર કુટુંબ સિવાયનાં બાકીનાં ગરીબીની રેખાની મર્યાદામાં સમાઇ જાય છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી
૨૧, જાન્યુઆરી ૧૯૮૪

## અમદાવાદ શહેરમાં વસતા ભીલોની આર્થિક સ્થિતિ

ડો.અંબાલાલ પટેલ

**૧. છૂટક મજૂરી કરનાર :**

તપાસનાં ૧૨૫ કુટુંબો પૈકી આ વિભાગમાં ૩૬ (૨૮.૮%) કુટુંબો આવે છે. અમદાવાદમાં વસતા ભીલોની વસતિમાં આ વિભાગ સૌથી મોટો છે. આ લોકો છૂટક મજૂરી મેળવે છે એટલે મજૂરી અનિયમિત અને ઓછી હોય છે. તેમને રોજીની સારી તકો ન મળતાં ગરીબીની રેખા નીચેના છેલ્લા ૧૦ ટકા વાળા વર્ગમાં જ તેમનામાંના મોટાભાગનાએ જીવન વીતાવવું પડે છે. 'આ શહેરી ગરીબોએ તો માત્ર ગામડાંના ગરીબોનો શહેર વિસ્તારમાં ઊભરાયેલો એક ભાગ જ હોય તેવું કહી શકાય.'[1]

આ કુટુંબો બહાર કામ કરવા જવું, બકરાં ચારવાં, ચાની કીટલી ફેરવવી, હોટલમાં કામ કરવું, કડિયાકામ કરવું, હાથલારી ફેરવવી કે અન્ય કામોમાં રોકાયેલાં છે.

આ ૩૬ કુટુંબોમાં ૧૮૦ માણસો હોઈ તેમના સરેરાશ કુટુંબનું કદ ૫ માણસનું થાય છે. સરેરાશ વ્યક્તિદીઠ વાર્ષિક આવક આશરે રૂ. ૫૧૩ અને ખર્ચ રૂ.૪૮૩ થાય છે. ઓછામાં ઓછી માથાદીઠ વાર્ષિક આવક રૂ.૩૩૦ છે જ્યારે વધુમાં વધુ માથાદીઠ વાર્ષિક આવક રૂ.૧૯૦૦ છે. તેમના સરેરાશ કુટુંબનું વાર્ષિક ખર્ચ રૂ.૨૩૭૪ છે.

છૂટક મજૂરી કરનાર વિભાગનાં ૩૦૦થી ૩૫૦ની સરેરાશ માથાદીઠ વાર્ષિક આવકમાં અજીવિકા ચલાવનાર ૯ કુટુંબો દારુણ ગરીબીમાં જીવન જીવી રહ્યાં છે.

રૂ.૩૫૧થી ૩૫૦ની આવકવાળાં ૮ કુટુંબો અને રૂ.૪૦૧થી ૪૫૦ની આવકવાળાં ૮ કુટુંબો ગરીબીની રેખા નીચેનાં કુટુંબો છે. તેવી જ રીતે રૂ.૪૫૧થી ૫૦૦ની આવકવાળાં ૨ તથા ૫૦૧થી ૫૫૦ની આવકવાળું એક, રૂ.૫૫૧થી ૬૦૦ની આવકવાળું ૧, રૂ.૬૦૧થી ૬૫૦ની આવકવાળાં ૪ અને રૂ.૬૫૦થી ૭૦૦ની આવકવાળું એક કુટુંબ પણ ગરીબીની રેખા નીચે આવી જાય.[2] એક ગણતરી પ્રમાણે ૧૯૭૬-૭૭ના ભાવાંક પ્રમાણે શહેરી વિસ્તારમાં રૂ.૭૧.૩૦ના માથાદીઠ માસિક ખર્ચથી ઓછા ખર્ચને ગરીબીની રેખા નીચે હોવાનું ગણવામાં આવે છે.

હવે જ્યારે જરીપુરાણા મજૂર કાયદાઓને અદ્યતન બનાવવાની દિશામાં આગળ વધવાની ઇચ્છા રાખે છે ત્યારે આવા વ્યવસાયોમાં રોકાયેલા આદિવાસી મજૂરોના કલ્યાણ કેવી રીતે થઇ શકે ? તે માટે જરૂરી છણાવટ કરવાનું અને મજૂર કલ્યાણ કાયદાઓમાં આ અંગેની સ્પષ્ટ જોગવાઇઓ કરવાનું કામ ખાસ ધ્યાનમાં રાખે એ ઉચિત છે. મજૂર મંડળોએ પણ પોતાનો જરૂરી સહકાર આપવો જોઇએ એ ઇચ્છનીય છે.

પરંતુ તાત્કાલિક પગલાંના એક ભાગ રૂપે એવું સૂચન કરવામાં આવે છે કે જિલ્લા કક્ષાએ સમાજ કલ્યાણ ખાતા અથવા તો મજૂર કલ્યાણ ખાતા હસ્તક એક ખાસ અધિકારી નીમવા જોઇએ. જે શહેરોમાં આવતા આવા આદિવાસીઓની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બની શકે. તેમજ હાલના સમાજ કલ્યાણ અધિકારીઓને આ દિશામાં જાગૃત કરવાનો સમય પણ પાકી ગયો છે. અને આ ખાસ અધિકારીઓ ઉદ્યોગ ધંધામાં અકસ્માતમાં આદિવાસી મજૂર ઘવાય કે મૃત્યુ પામે એવા સમયે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં અને અને ખાસ કરીને પૂરતું વળતર મેળવવા જરૂરી કાનૂની સલાહ મેળવી શકે તો આદિવાસી કલ્યાણની દિશામાં આ મહત્વની સિદ્ધિ હાસલ કર્યા સમાન બની રહેશે એ નિર્વિવાદ છે.

વળી આદિવાસીઓના કલ્યાણ સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ અને તેમને તેમની કાર્ય પ્રવૃત્તિનાં એક નવું ક્ષેત્ર તરીકે સ્વીકારવા આગળ આવે એ ઘણું જ ઇચ્છનીય છે. અને શહેરમાં કામ કરતી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ અને મજૂર મહાજન જેવી મજૂર સંસ્થાઓ પણ તેમનો મૂલ્યવાન ફાળો આપવા આગળ આવશે એ પણ નિઃશંક છે.

છેવટ સરકારની સસ્તા અનાજની યોજનાનો લાભ આ વર્ગને અનિવાર્યપણે મળવો જ જોઇએ કારણ કે આ નબળા વર્ગની કલ્યાણ યોજના છે અને તેમને મળતી ટૂંકી મજૂરીની આવકમાંથી ખુલ્લા બજારમાંથી મોંઘા ભાવે અનાજ વગેરે પૂરતા પ્રમાણમાં ખરીદવાનું શકય જ નથી. આ સંદર્ભમાં એવું સૂચન છે કે જે આદિવાસીઓ મજૂરીકામ માટે શહેરોમાં આવે તેમને કામ ચલાઉ રેશનકાર્ડ પૂરવઠા ખાતા તરફથી આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. જેથી આ રેશનકાર્ડના આધારે પ્રમાણિત દુકાનોમાંથી તેમને જરૂરી અનાજ વગેરે મળી શકે. અને તેમને જરૂરી પ્રમાણમાં પૂરવઠો મળે એ પણ જોવું જોઇએ. આ બાબતમાં આદિવાસી તરીકેની ઓળખ અંગેની તાંત્રિક પ્રશ્ન ઊભો થાય ત્યારે સમાજ કલ્યાણ ખાતાએ યોગ્ય વ્યક્તિના કિસ્સામાં પુરવઠા ખાતાને જરૂરી ભલામણ પણ કરવી જોઇએ. ઓછામાં ઓછું આ પ્રશ્નમાં તેમને કામે રાખનાર માલિકોએ તેમનો જરૂરી સહકાર આપવો જોઇએ એ ઘણું જ ઇચ્છનીય છે. જો આ પ્રમાણેની અથવા સુધારા વધારા સાથેની અન્ય વ્યવસ્થા કરવામાં આવે તો આ કાર્ય પણ આદિવાસી કલ્યાણની એક વધુ મહત્વની સિદ્ધિ બની રહેશે.

સંદર્ભ સૂચિ :
1. Population of Indian and Pakistan by K. Davis
2. Introduction to sociology by Johnson

આમ તો આવી અનેક નાની મોટી સમસ્યાઓની યાદી વિસ્તારી શકાય એવી પૂરેપૂરી શક્યતા તો રહેલી જ છે પરંતુ આ યાદીને ન વિસ્તારતાં ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં કેટલાંક સૂચનો કરવાનું પ્રલોભન રોકી શકાતું નથી.

સૂચનો :

જ્યાં હજારોની સંખ્યામાં મધ્યમ અને ગરીબ વર્ગના શહેરી વિસ્તારોમાં વસતા લોકો અ નાની મોટી મુશ્કેલીઓની વણઝાર વચ્ચે તેમનો જીવન સંઘર્ષ ખેલી રહ્યા હોય ત્યારે મોસમી સ્થળાંતર કરી આવતા આદિવાસીઓની સમસ્યાઓ ઉકેલી નાખવાનો ખ્યાલ દિવાસ્વપ્નમાં રાચવા સમાન છે. તેમ છતાં સરકાર જ્યારે પછાતવર્ગો અને આદિવાસીઓનું કલ્યાણ સાધવા બંધારણી બંધાયેલી છે ત્યારે સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓ, આદિવાસીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સમાજ આવી અનેક સમસ્યાઓની ગંભીરતા ઘટાડવાની દિશામાં અવશ્ય પોતાનો ફાળો આપી શકે એવી પૂરેપૂરી શક્યતા રહેલી છે. આ સંબંધિત કેટલાંક સૂચનો કરવાનું ઉચિત માનું છું.

પ્રથમ રહેઠાણની સમસ્યા બાબતમાં કંઇ પણ કહેવું ઘણું જ કઠિન છે. કારણ કે આ સમસ્યા એટલી તો ગૂંચવણ ભરેલી છે કે જો આ આદિવાસીઓની સમસ્યા ઉકેલવા જઇએ તો મૂળ સમસ્યા જ વધુ ગૂંચવણભરી બની જાય છે. પરંતુ આ સમસ્યાના સંદર્ભમાં સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ શહેરી સમાજે માનવતાવાદી અભિગમ અપનાવવો જોઇએ એટલું તો અવશ્ય કહી શકાય અને આવી સંસ્થાઓની માલિકીની ખુલ્લી પડેલી જમીનમાં આ લોકો તત્પુરતો વસવાટ કરે તો તેને માન્ય રાખવું જોઇએ. જેથી કરીને ઓછામાં ઓછું કેટલીક ગેરરીતિઓ તો અટકાવી શકાય.

બીજું મજૂરી કામમાં જુદી જુદી રીતે થતા શોષણની સમસ્યા પણ એટલી જ ગૂંચવણ ભરેલી છે. ગરજુ અને શોષિત વર્ગને તેમના શોષણમાંથી મુક્ત કરવા માટે તેમના તરફથી સાનુકુળ પ્રત્યાઘાત અને પૂરતો સહકાર ન મળે તો આવી સમસ્યાઓનો કોઇ ઉકેલ શોધી શકાતો નથી બલ્કે આ સમસ્યા ઉકેલવા જતાં બીજી અનેક સમસ્યાઓ તેમની સામે ખડી થઇ જાય છે. તેમ છતાં આવી લાચાર સ્થિતિમાંથી કંઇક તો માર્ગ કાઢવો જ રહ્યો અને તેમાં સરકારની જવાબદારી વધુ હોય એ તદ્દન સ્વાભાવિક બાબત છે. સરકાર ઉદ્યોગો અને બાંધકામમાં જુદા જુ કાયદાઓનો અમલ થાય એ અંગેની જરૂરી વ્યવસ્થાતંત્ર ગોઠવેલું જ છે. પરંતુ આદિવાસીઓ આવી સંસ્થાઓમાં મજૂરીકામ કરે છે એ ઉઘાડી હકીકત હોવા છતાં પણ તેમના કલ્યાણ અંગે સરકાર કોઇ ખાસ પગલાં લીધાં હોય કે જાગૃતિ બતાવી હોય એવું જણાતું નથી. અને રાજ્ય સરકાર

(ग) બાંધકામ અને નાનાં કારખાનાંઓ તેમજ અન્ય સ્થળોએ મજૂરીકામમાં કામ હલકું હોય કે ભારે સુરક્ષાવાળું હોય કે ભયજનક પરંતુ તેમને તે કામ કર્યા વિના છૂટકો હોતો નથી. અને આવાં સ્થળોએ ઘણીવાર નાના મોટા અકસ્માતો બનતા હોય છે. જેમાં આદિવાસી મજૂરોને નાની મોટી ઇજા થાય અથવા તો એવી ગંભીર રીતે ઘવાય કે ભવિષ્યમાં અપંગ બની જવાને કારણે તે બીજું કામ ન કરી શકે અને કેટલાક અકસ્માતોમાં તો આદિવાસી મૃત્યુ પામે તો આવા ધંધાદારીઓ જ તે કુટુંબને અમુક ઉચ્ચક રકમ વળતર તરીકે ચૂકવીને ત્યાંથી જતા રહેવા ફરજ પાડે છે અને મૃત્યુના કિસ્સામાં તેની લાશ તેના ગામમાં મોકલવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે જેથી ગુન્હાના પુરાવાનો નાશ થાય અને તે કુટુંબને સહાયરૂપ બન્યા એમ બંને રીતે લાભ મેળવે છે. આવા ઘણા અકસ્માતોના ગુન્હા નોંધાતા નથી એટલે તેની તપાસ પણ થતી નથી. વળી આવા ભોગ બનેલાઓને કાનૂની સલાહ અને મદદ માટે લગભગ કોઇ જ સગવડ ન હોવાને કારણે તેઓ જે રકમ મળે તે લઇને ત્યાંથી જતા રહેવામાં જ પોતાનું શ્રેય માનતા હોય છે.

3. <u>સરકારી સસ્તા અનાજના લાભનો અભાવ :</u>

નબળા વર્ગોના કલ્યાણની યોજનાના એક ભાગ રૂપે રાહતદરે અનાજ અને અન્ય જરૂરિયાતની ચીજવસ્તુઓ નક્કી કરેલી દુકાનોમાંથી વેચવામાં આવે છે. સામાન્ય રીતે આદિવાસી વિસ્તારોની અને એમાંય ખાસ કરીને અત્યંત પછાત અને ઊંડાણવાળા વિસ્તારોમાં ત્યાં વસતા આદિવાસીઓ ખાંડ, તેલ, અનાજ વગેરે નિયમિત રીતે અને પૂરતા પ્રમાણમાં ખરીદતા નથી અથવા તો ખરીદતા જ નથી. પરંતુ આવા વિસ્તારોની દુકાનોમાંથી પૂરેપૂરો ક્વોટા વેચાયાનું બતાવવામાં આવે છે. આ કુટપ્રશ્નને હજી ઉકેલી શકાયો નથી.

પરંતુ શહેરોમાં મોસમી સ્થળાંતર કરી આવતા આદિવાસીઓ તેમના રેશનકાર્ડ સંબંધિત ગામના નામે ધરાવતા હોવાથી શહેરોમાં તેમના રોકાણ દરમ્યાન આનો કોઇ લાભ મળતો નથી અને આ સમય એવો હોય છે કે તેમને અનાજ વગેરે ખરીદવાની ફરજ પડતી હોય છે. પરંતુ રેશનકાર્ડના અભાવે તેઓ રાહત દરે અનાજ વગેરે ખરીદી શકતા ન હોવાથી તેમને ખુલ્લા બજારમાંથી જેને કેટલીકવાર વ્યંગમાં કાળા બજાર પણ કહેવામાં આવે છે ત્યાંથી ઘણા મોંઘા ભાવે અનાજ લોટ વગેરે ખરીદવું પડતું હોય છે અને તેમની મજૂરીની ટૂંકી આવકમાંથી પૂરતા પ્રમાણમાં ખરીદવાનું ઘણું મુશ્કેલ હોય છે. એટલે જેમને ખરેખર જરૂર છે અને જેમના કલ્યાણ માટે સરકાર ખાસ ધ્યાન આપે છે એવો વર્ગ એક પાયાની કલ્યાણ યોજનાનો લાભ ... બાકાત રહી જાય છે.

(ખ) આપણે અગાઉ જોયું કે તેમને કામે રાખવામાં કોઇ સરકારી કાયદાનો અમલ આડે આ નથી એટલે તેમને મજૂરી પણ સરકારી ધારાધોરણ મુજબ ચૂકવવામાં આવતી નથી. બલ્કે જે મજૂરીનો દર ચાલતો હોય એ પ્રમાણેની પૂરેપૂરી રકમ પણ નિયમિત રીતે અને પૂરતા પ્રમાણ ચૂકવવામાં આવતી નથી. અલબત્ત કેટલાક કિસ્સાઓમાં કેટલાક માનવતાવાદી ધંધાદારીઓ આદિવાસી મજૂરોને તેમને જરૂરિ જરૂરિયાતના સમયે તેમની પૂરેપૂરી રકમ અને અને જો જરૂર હોય તો વધુ રકમ પણ આપતા હોય છે. વળી તેમને કામ આપનાર મુકાદમો પણ કામ આ બદલામાં વળતર રૂપે પૈસા પડાવી લેતા હોય છે. અથવા તો માલિક પાસેથી મજૂરી દર લે તેનાથી અમુક ટકા ઓછી રકમ ચૂકવવામાં આવે છે.

આવાં કામોમાં ગમે તેવું ભારે કામ હોય તો પણ તે કરવાનું હોય છે. તેમજ આ સા ૧૪ વર્ષથી નીચેની વયનાં બાળકો પાસેથી પણ નાનું મોટું કામ કરાવવામાં આવે છે.

(ગ) કોઇ ખોદકામ કરવાનું હોય, માટી વગેરે ખસેડવાનું હોય કે પુરાણ વગેરે કરવાનું હો એવાં કામોમાં કેટલીકવાર માલિક આદિવાસી ટોળાના નેતા કે વડીલ સાથે સોદો નક્કી કરે અને આ સોદો કામની માપણી વગેરેના આધારે નહીં પરંતુ વાતચીતના આધારે કરવામાં આવે અથવા તો કેટલીકવાર ખાસ ઉપર મજૂરીકામ આપવામાં આવે છે આવા કામની માપણીમાં તેમજ મજૂરીની ચૂકવણીમાં ભારે ગેરરીતિઓ તેમજ ગોલમાલ કરવામાં આવે છે. અને ઘણીવાર તો ટુકડીનો નેતા પણ આવી ગેરરીતિઓમાં ભાગીદાર બનીને પોતાનાં ભાઇઓને છેતરતો હોય છે.

(ઘ) આ સિવાયની સૌથી વધી ચિંતા સૌંદર્યવાન સ્ત્રીઓ અને કુમારીકાઓને બળાત્કાર ભયની હોય છે અને સ્વાભાવિક રીતે જ આવી સ્ત્રીઓ અને કુમારિકાઓના કુટુંબીજનો પણ સતત આ ભયની ચિંતામાં રહેતા હોય છે. બાંધકામમાં કામ કરતા કડિયા, સુથાર જેવા કારીગરો, મુકાદમો તથા અન્ય અસામાજિક તત્વો અને કેટલીકવાર તો માલિકો પણ આવી સૌંદર્યવાન સ્ત્રીઓ અને કુમારિકાઓની બિભત્સ રીતે છેડતી કરતા હોય છે તેમજ ગંદી ગાળો પણ બોલતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં તો આવી સ્ત્રીઓ અને કુમારિકાઓને આવા લોકોના બળાત્કારનો ભોગ બનવું પડતું હોય છે. પરંતુ તેમને મજૂરી દ્વારા રોજી મેળવવાની હોવાને કારણે તેમને તથા તેમના કુટુંબીજનોને આવા બનાવો પ્રત્યે સામાન્ય રીતે દુર્લક્ષ સેવવું પડતું હોય છે. અલબત્ત કેટલાક કુટુંબો તો આવું કામ છોડીને ત્યાંથી લીકે જતાં રહે છે. પરંતુ અહીં કે ગમે ત્યાં આવા ભયની ચિંતામાંથી મુકત થઇ શકાતું નથી. આમ મજૂરીકામમાં તેમનું આર્થિક, શારીરિક અને સા ની રીતે શોષણ કરવામાં આવતું હોય છે.

આદિવાસીઓ પોતાનો ખોરાક ચૂલા પર રાંધે છે અને આ સિવાય કોઇ વિકલ્પ પણ હોતો નથી. એટલે ચૂલાને કારણ ધૂમાડાથી લોકોને ત્રાસ થાય છે આથી શહેરના લોકો પણ તેમની નજીક આવા લોકો પડાવ નાખે તે પસંદ કરતા નથી. બલ્કે કેટલીકવાર ત્યાથી જતા રહેવા ફરજ પણ પાડતા હોય છે. તેમજ જો તેઓ ફૂટપાથ, જાહેર રસ્તા કે જાહેર જગ્યા નજીક રહેતા હોય કે રાત્રે સૂઇ જતા હોય તો પોલીસ ખાતાના, નગરપાલિકાના સુરક્ષા અને દબાણ ખાતાના કર્મચારીઓ અને ટ્રાફીક વિભાગના કર્મચારીઓ પણ તેમને હેરાન કરતા હોય છે. અને તેમની પાસેથી ગેરકાયદેસર પૈસા પણ વસુલ કરતા હોય છે. જો તેઓ આવા પૈસા ન આપી શકે તો તેમને અડચણના બહાને ત્યાથી જતા રહેવા ફરજ પાડવામાં આવે છે. આમ તેઓને ભારે માનસિક યાતનાઓમાથી પસાર થવું પડતું હોય છે. એટલે તેમના શહેરમાં આગમનથી માંડીને પોતાના વતનમાં પાછા ફરવાના સમય સુધી રહેઠાણની સમસ્યાની યાતનામાથી પસાર થવાનું અનિવાર્ય હોય છે.

## ૨. મજૂરીકામમાં શોષણ :

આમ તો સમગ્ર આદિવાસી સમાજ સદીઓથી શોષિત વર્ગ તરીકે રહયો છે અને ઇતિહાસમાં ખૂબ જ ઓછી જાતિઓએ તેમને થતાં શોષણ સામે બંડ પોકાર્યુ છે. શહેરના ધંધાદારીઓ તેમજ અન્ય લોકો તેમનું ભરપૂર શોષણ કરતા હોય છે. વળી તેમને મજૂરી કામમાં રાખવામાં કોઇપણ કાયદાનો અમલ કરવાનું આડે આવતું નથી. અથવા તો આવા અમલ કરવામાથી છટકી જવાનું ખૂબ જ સરળ હોવાને કારણ આવા શોષણખોરોને શોષણ કરવાનું મોકળું મેદાન મળી જાય છે. તેમનું ઘણીબધી પધ્ધતિઓ દ્વારા શોષણ કરવામાં આવે છે તેના કેટલાક દાખલાઓ નીચે પ્રમાણે છે :

(ક) તેઓ બાંધકામ મજૂરીકામ કરતા હોય કે રસ્તો બાંધવાના કામમાં હોય, નાના કારખાનામાં મજૂરી કામ કરતા હોય કે કોઇ વ્યકિતનું નાનું સરખું મજૂરી કામ કરતા હોય ગમે ત્યાં પરંતુ તેમને કામ ઉપર ચઢવાનો, રીસેષ ભોગવવાનો કે કામ ઉપરથી છૂટવાના સમયની કોઇ નિશ્ચિતતા હોતી નથી. ઉનાળામાં શેરડી પીલવાના કોલુ ઉપર કામ કરતા કે નાની હોટલમાં કામ કરતા લોકોને તો મોડી રાત સુધી પણ રોકાવું પડતું હોય છે. બાંધકામમાં તો સ્ત્રીઓને પણ મોડી સાંજ સુધી છૂટક કામ કરાવીને રોકી રાખવામાં આવે છે. વળી બપોરે ખાવાનો-આરામનો સમય પણ નકકી નથી હોતો. આ બાબતના નિર્ણયો જે તે માલિક લેવાના હોય છે. વળી વધુ કામ કરવાનું વધારાનું મહેનતાણું કે એટલા સમયની બીજા દિવસ છૂટ એવું પણ હોતું નથી. આમ તેમના કામ કરવાના કલાકો કાયદા વિરુદ્ધ ઘણા વધારે હોય છે.

શહેરોમાં આવતાં આ લોકોને વધતા ઓછા પ્રમાણમાં આ સમસ્યાઓમાંથી પણ પસાર થવું પડતું હોય છે.

૧. રહેઠાણની સમસ્યા :

ખેતીની મોસમ પૂરી થતાં અને ખાસ કરીને જયારે વરસાદ ખૂબ ઓછો પડયો હોય એ વર્ષે પંચમહાલ જિલ્લાના વિવિધ વિસ્તારોના ખાસ કરીને ભીલ જાતિના આદિવાસીઓ તેમની પત્ની, બાળકો અને અન્ય સભ્યો સાથે માથે પોટલાં, પતરાના ડબા ઉપાડી ગાડી, બસ કે વગેરે વ્દારા વડોદરા શહેરમાં મજૂરીની શોધ માટે ઠલવાતા રહે છે. તેઓ સામાન્ય રીતે ૧૦-૨૦ની સંખ્યામાં હોય છે.

આમેય વડોદરા શહેર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં ઝડપથી ઔદ્યોગિકરણ હોવાને કારણે માત્ર નજીકના ગામોના જ નહીં પરંતુ દેશના જુદા જુદા પ્રદેશના લોકો આવીને વસતા હોવાથી ખૂબ જ ગીચ બની રહ્યું છે એટલે શહેરમાં વસનારા હજારો લોકો સાંકડી, અસગવડોના અભાવવાળી અને બિનઆરોગ્યપ્રદ ચાલીઓમાં જીવન વ્યતીત કરતા હોય છે. એટલે શહેરમાં વસવાટની સમસ્યા ઘણી જ વિકટ અને ગૂંચવડ ભરેલી છે ત્યાં આ મોસમી સ્થળાંતર કરીને આવતી આદિવાસી ટોળીઓ માટે પોતાનો વસવાટ કયાં કરવો ? એ ઘણી જ વિકટ સમસ્યા તેમને સતાવતી હોય છે. એટલે એ લોકો રસ્તાનાં ફૂટપાથ, સરકારી કે અન્ય મકાનો ની થોડી પણ ખુલ્લી જગ્યા, ખાનગી કે સરકારી પડતર જમીન બાંધકામ ચાલતું હોય એવી જગ્યા, રેલવે સ્ટેશન અને શહેરની નજીકના પરાં વિસ્તારની ખુલ્લી જગ્યામાં થોડી આડાસ કરીને પોતાનો વસવાટ ઊભો કરી દે છે. આમ તેઓ સામાન્ય રીતે ખુલ્લી જગ્યામાં જ રહેતા હોય છે.

શિયાળાની કડકડતી રાતીઓમાં તેમજ વરસાદ પડતો હોય, પવન ફૂંકાતો હોય એવા સમયે તો તેઓ ખૂબ જ કફોડી હાલતમાં મૂકાઈ જાય છે. કારણ કે આવા સમયે તેમનાં નાનાં બાળકો, સ્ત્રીઓ વગેરેને કયાં આસરો આપવો ? આમ તેઓ લાચાર પરિસ્થિતિમાં મૂકાય છે. વળી વરસાદના દિવસોમાં તેમના ચૂલા કયાં સળગાવવા અને કેવી રીતે સળગાવવા ? એટલે કેટલીય ટંકો તો તેમને ખાધા વિના પણ ચલાવી લેવું પડતું હોય છે.

આમ તો જે લોકો મકાન બાંધકામ કે અન્ય બાંધકામમાં કામ કરતા હોય તેમને માટે રહેઠાણની સમસ્યા પ્રમાણમાં થોડી હળવી હોય છે, કારણ કે તેઓ ત્યાં કે નજીકમાં વસવાટ કરી શકે છે. પરંતુ આવું કામ પૂરું થતાં તેઓને પણ વસવાટ માટે નવી જગ્યા શોધવાની મુશ્કેલી થાય છે.

વેપાર અર્થ પ્રવેશ સાથે ત્યાંની સાદા પદ્ધતિને બદલે ધીમે ધીમે રોકડ નાણાંકીય વ્યવહાર વધવા લાગ્યો. જેથી તેમની પાસે રોકડ નાણું હોવું જ અનિવાર્ય બનવા લાગ્યું. તેમના જન્મ-મરણ જેવા અનેક પ્રસંગો પણ વધુને વધુ ખર્ચાળ બનવા લાગ્યા. જે માટે પણ રોકડ નાણું અનિવાર્ય હતું. છેવટે ખાસ કરીને આઝાદી મેળવ્યા બાદના સમયગાળામાં આદિવાસી અને બિનઆદિવાસી વિસ્તારો વચ્ચે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડોમાં ભારે વધારો થતાં આ બંને સમાજો વચ્ચેનો ગાઢો સંપર્ક અનિવાર્ય બન્યો. આની અસરરૂપે આદિવાસીઓ બિનઆદિવાસી જીવનપદ્ધતિનું અનુકરણ કરવા લાગ્યા. જે માટે રોકડ નાણાંની જરૂરિયાત વધુ તીવ્ર બની. આવાં બધાં સ્થળાંતરપ્રેરિત પરિબળો સાથે શહેરમાં ઉદ્યોગ ધંધા સાથે સંકળાયેલા લોકોની દ્રષ્ટિમાં ઓછી મજૂરીએ ભારે અને વધુ કલાકો કામ કરી શકે એવા મજૂરો તરીકે આદિવાસીઓ જ વધુ ઉપયોગી જણાયા. આમ આ પ્રમાણેની દ્વિમાર્ગી પ્રક્રિયાને કારણે આદિવાસીઓની શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરી જવાની પ્રક્રિયાનો માર્ગ માત્ર મોકળો જ નહીં પરંતુ વિસ્તરતો જ રહ્યો છે.

આદિવાસીઓ મજૂરી કામ માટે શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરીને આવે છે અને વરસાદની મોસમ પહેલાં પોતાનું કામ આટોપી લઈને પોતપોતાના વિસ્તારોમાં પાછા ચાલ્યા જાય છે. પરંતુ આ મોસમી સ્થળાંતરને કારણે તેમને પોતા માટે, શહેરી સમાજ માટે શિક્ષણ વ્યવસ્થા વગેરે માટે ઘણીબધી સમસ્યાઓની હારમાળા ઊભી થાય છે. તેમને પોતાને નડતી સમસ્યાઓને સામાન્ય રીતે બે ભાગમાં વહેંચી શકાય જેમાં પ્રથમ ભાગમાં તેમની કુટુંબ વ્યવસ્થા અને રોજીંદા જીવનમાં જે અવ્યવસ્થા સર્જાય છે જેમ કે કુટુંબના વૃદ્ધ અને માંદગીમાં પિડાતા સભ્યોની દેખભાળની સમસ્યા, તેમના પશુઓની દેખભાળ વગેરે ગણાવી શકાય. જ્યારે બીજા ભાગમાં તેઓ તેમનાં ગામ છોડી શહેરોમાં આવીને મજૂરીકામ કરે અને પોતાની મોસમ આવતાં પહેલાં મજૂરીકામ છોડી દઈને પોતાના ગામ પાછા ફરવા સુધીના સમયગાળામાં જે જે સમસ્યાઓમાંથી પસાર થવું પડે તે ગણાવી શકાય.

પ્રસ્તુત લેખમાં પંચમહાલ જિલ્લાના જુદાં જુદાં ગામડાંઓમાંથી મજૂરીની શોધમાં વડોદરા શહેરના જુદા જુદા ભાગોમાં પડાવ નાખતા ભીલ જાતિના આદિવાસીઓ સાથેની વાતચીત તેમજ નિરીક્ષણ આણંદ, નડિયાદ, ડાકોર વગેરે જેવા શહેરોમાં આવતા જુદી જુદી જાતિઓના આદિવાસીઓના નિરીક્ષણના આધારે તેમજ સંબંધિત મિત્રો સાથેની ચર્ચાના આધારે ખાસ કરીને વડોદરા શહેરમાં સ્થળાંતર કરી આવતા ભીલ જાતિના આદિવાસી મજૂરો જે સમસ્યાઓમાંથી પસાર થાય છે તેમાંની કેટલીક પાયાની સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડવાનો આ સ્થળે વિચાર છે. વળી આ સમસ્યાઓ માત્ર વડોદરા શહેર પૂરતી સીમિત નથી. કારણ કે જુદા જુદા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી

૨૧, જાન્યુઆરી ૧૯૮૪

## ગુજરાતનાં જુદાં જુદાં શહેરોમાં મોસમી સ્થળાંતરિત આદિવાસીઓની કેટલીક સમસ્યાઓ : એક અવલોકન નોંધ

- સાયમન મકવાન

### સ્થળાંતરની પશ્ચાદ્ભૂમિકા :

વિશ્વના સમાજ પરિવર્તનના ઇતિહાસમાં મી સદીના સમયગાળામાં ઇંગ્લેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાન્તિની ઘટનાને એક સીમાચિહ્નરૂપ ઘટના ગણવામાં આવે છે. આ ઘટનાની ફલશ્રુતિરૂપે ગામડાંઓ ઝડપભેર ભાંગવાની અને શહેરો કે ઔદ્યોગિક વિસ્તારો ઊભા થવાની, ગામની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા શહેરોમાં કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થામાં બદલાવા જેવી અગણિત ઘટનાઓ સર્જાતાં સમાજ પરિવર્તનની પ્રક્રિયા ખૂબ ઝડપથી ચાલી હતી. આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન જે જે દેશોમાં ઔદ્યોગિક ક્રાન્તિનાં મંડાણ થયાં ત્યાં થતું રહ્યું છે. જેમાં આપણો ભારત પણ એક દેશ તરીકે સામેલ છે.

આદિવાસી વિસ્તારોમાં આવેલાં ગાઢાં જંગલોનો ધીમે ધીમે નાશ કરવામાં આવતાં વરસાદની અનિયમિતતા વધતી રહી જેની સીધી અને માઠી અસર ખેતીને થતાં ખેત આધારિત અર્થવ્યવસ્થા ધરાવતી આદિવાસી અર્થવ્યવસ્થાના પાયા હચમચી ઊઠયા. આની અસર માત્ર જમીન ધરાવનાર ખેડૂતો પૂરતી ન રહેતાં જમીન વિહોણા અને એક માત્ર ખેતમજૂરી ઉપર આધાર રાખતા લોકોને પણ થઇ હતી. તેમની મજૂરી મળવાની તકોમાં એક ધારો ધાર ઘટાડો નોંધાતો રહયો છે. વળી જંગલની જાળવણી માટે સરકાર સજાગ થતાં જંગલ અંગેની નીતિઓ અને કાયદાઓમાં ફેરફાર થવા લાગ્યા. જેની વિપરિત અસર જંગલોમાંથી ગૌણ પેદાશો વગેરે ભેગી કરીને પૂરક આવક મેળવતા લોકોને થઇ. એટલે આદિવાસી અર્થવ્યવસ્થા માટે આ ઘટના બીજા કારમા ઘા સમાન બની રહી. અન્ય સમાજોની જેમ આદિવાસી સમાજમાં પણ વડીલોની મિલકત તેમના વારસદારોમાં વહેંચવામાં આવે છે. આથી જમીન પણ વારસામાં આપવાની હોવાથી પેઢી દર પેઢી તેના નાના નાના ટુકડા થતા રહયા અને એક સમય એવો આવ્યો કે જમીનનો નાનો ટુકડો ખેતી કરવા માટે આર્થિક રીતે બિનઉપયોગી બનવા લાગ્યો. તેના આધારે કુટુંબનું પોષણ કરવાનું લગભગ અશક્ય બનવા લાગ્યું. સમયના વહેણ સાથે આદિવાસી વિસ્તારોમાં ભરાતા હાટોમાં બિનઆદિવાસીઓનો

કાર્યગોષ્ઠી

ક સમસ્યાઓ : ૭૬

---

...ાન

ાયશાળામાં ઇંગ્લેન્ડમાં
છ...આ, ઘટનાની
ઉ...ા થવાની, ગામની
...િત ઘટનાઓ સર્જાતી
જ જ ...માં
ક ...ા તરીકે

...માં આવતા
...આધારિત
...માત્ર જમીન
પર આધાર રાખતા
ો નીચાતો રહ્યો છે.
ાયદાઓમાં ફેરફાર
પૂરક આવક
માં ...ા સમાન
ના ...ારસદારોમાં
...ી તેના નાના
...તી કરવા માટે
...ળણ અશક્ય
ાદિવાસીઓનો

| ક્રમ | વિગત | કુટુંબ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧. | મકાનનું બાંધકામ | ૮૦ કુટુંબ | ૨,૪૦,૦૦૦-૦૦ |
| ૨. | પીવાના પાણીની વ્યવસ્થા | ૮૦ કુટુંબ | ૪૮૦૦૦-૦૦ |
| ૩. | વીજળીની સગવડ | ૮૦ કુટુંબ | ૨૦,૦૦૦-૦૦ |
| ૪. | મરઘાં ઉછેર | ૮૦ કુટુંબ | ૪૦૦૦-૦૦ |
| ૫. | હાથલારી, શાકભાજીની લારી, ચાની લારી છૂટક ધંધાઓ માટેની યોજના | ૨૫ વ્યક્તિ | ૨૦,૦૦૦-૦૦ |
| ૬. | ઓટોરીક્ષા | ૧૦ વ્યક્તિ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| ૭. | પગરીક્ષા | ૨૦ વ્યક્તિ | ૧૫,૦૦૦-૦૦ |
| ૮. | સીવણ તાલીમ | ૪ વર્ગ | ૬૦,૦૦૦-૦૦ |
| ૯. | અંબર ચરખાની તાલીમ આપી અંબર ચરખા આપવા | ૮૦ વ્યક્તિ | ૪૦,૦૦૦-૦૦ |
| ૧૦. | ટોપલા-ટોપલીના ધંધા માટે | ૭૫ કુટુંબ (૧વર્ષ) | ૭૫,૦૦૦-૦૦ |
| ૧૧. | શિક્ષણમાં સ્કોલરશીપ અને અન્ય મદદ | | ૧૫,૦૦૦-૦૦ |
| ૧૨. | આશ્રમશાળા (બિનાવર્તક ખર્ચ રૂ. ૬૪૦૦૦ અને આવર્તક ખર્ચ રૂ. ૮૩,૬૦૦) | | ૧,૪૭,૬૦૦-૦૦ |
| | | કુલ ખર્ચ | ૭,૮૪,૬૦૦-૦૦ |

....

## સંદર્ભ સૂચિ


૧. આપણી યોજના : ગુજરાતની ત્રીજી પંચવર્ષીય યોજના - પટેલ પિતાંબર, ૧૯૭૦

૨. આપણું ગુજરાત - પટેલ પિતાંબર, ૧૯૭૦

૩. આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિકાસ કાર્યક્રમ (૧૯૭૪-૭૯) - મરાવી મુસ્તાઅલી
- પંડ્યા, ગૌરીશ
- શાહ, કોકિલાબહેન

૪. આદિવાસીઓની સમસ્યા - પટેલ શાન્તિભાઈ, રચના પ્રકાશન, ૧૯૭૦, અમદાવાદ

૫. કાથોડી આદિવાસીઓમાં ગરીબી - પંડ્યા ગૌરીશંકર, ૧૯૭૯, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૧૪

૬. ગુજરાતના આદિવાસીઓ - શાહ વિમલ, ૧૯૬૧, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૭. ગુજરાતના દૂબળાઓ - શાહ, પી.જી. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા,

૮. પંચમહાલના ભીલો - મકવાણા જયંતિલાલ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૫

૯. પોમલા જાતિ વિષે રજૂઆત માહિતી, - વૈદ્ય મહેશપ્રસાદ, યોજના વર્ષ-૫, અંક-૮, જુલાઈ ૧

૧૦. સામાજિક સંશોધનની પદ્ધતિ - નાયક ઠાકોરભાઈ, ૧૯૬૨.

## ૫. વિકાસ માટેનું આયોજન :

પોમલા જાતિના પરંપરાગત વ્યવસાયથી હાલ તેઓને જીવન ટકાવવું ઘણું મુશ્કેલ બન્યું છે. શહેરી સભ્ય સમાજના સંપર્કથી થોડુંઘણું નવું અપનાવતા થયા છે. આને કારણે તેઓ ઘણી સમસ્યાઓના ભોગ બન્યા છે. જેમ કે રહેઠાણ ધંધાની સમસ્યા, ગરીબી, આરોગ્ય, શિક્ષણ વગેરે હાલના તબક્કે તેઓને આ મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા પડશે. તેમના વિકાસ માટે શું કરી શકાય તે માટે જે સૂચનો છે તે આ પ્રમાણે છે.

(૧) ટોપલી બનાવવા માટે એમને વાંસ, ખજૂરીનાં ઝાડો સહકારી મંડળી કરાવીને આપવાં જોઇએ.

(૨) સ્વતંત્ર રીતે ધંધો કરવા ઇચ્છનારને બેન્ક દ્વારા લોન આપવી જોઇએ.

(૩) લિજ્જત પાપડનો ઉદ્યોગ સારો એવો વિકાસ પામ્યો છે. આ જાતિની બહેનો માટે પણ આવું કેન્દ્ર ખોલવું જોઇએ.

(૪) આ જાતિની ઘણી બહેનો સીવણ કામ કરવા માટે તૈયાર છે તો તે અંગેની તાલીમ આપી આ વ્યવસાય માટે તૈયાર કરવાં જોઇએ.

(૫) ઘણા યુવાનો પગરીક્ષા, ઓટોરીક્ષા ભાડેથી લઇ ચલાવે છે. જેમાંથી તેમને પૂરું વળતર મળતું નથી તો કોઇ બેન્ક દ્વારા લોન આપી તેને રીક્ષા અપાવવી જોઇએ કે જેથી તેઓ સારી આવક કરી શકે.

(૬) એક અતિ મહત્વની બાબત એ છે કે તેઓ શહેરોમાં વસતા હોવા છતાં આદિવાસીઓને જે પ્રકારના લાભ મળે છે તેનાથી તેઓ વંચિત છે. તો આ માટે તેમને આદિવાસીના લાભો મળે તેવું સઘન તંત્ર ગોઠવવું જોઇએ.

પોમલા જાતિનો મોટો વર્ગ હાલ સંક્રાંતિ કાળમાંથી પસાર થઇ રહયો છે. પ્રવર્તમાન સંજોગોમાં આ જાતિનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, તેને પગભર કરવા હોય તો તેને માટે કોઇ વિકાસ યોજના બનાવી તેનું તાત્કાલિક અમલીકરણ થાય તે જરૂરી છે. કે જેથી કરીને તેના સમગ્ર પાસાનો વિકાસ થાય અને તેઓ એક જૂથ એકમ તરીકે ટકી શકે.

પોમલા જાતિની બધાં શહેરોમાં મળી ૪૫૪ ની વસ્તી થાય છે. તેમના સર્વાંગી વિકાસ માટે આ સૂચિત વિકાસ યોજના દ્વારા બે વર્ષમાં રૂ. ૭,૮૪,૬૦૦ નું ખર્ચ થશે. આ ખર્ચ કદાચ મોટો પણ લાગશે. પરંતુ પોમલાની કુલ વસ્તીમાં જો માથાદીઠ ખર્ચ કાઢીએ તો આશરે રૂ. ૧૭૩૦ જેટલો જ થાય છે.

પોમલા જાતિ માટેની વિકાસ યોજનાનું બે વર્ષનું કુલ ખર્ચ આ પ્રમાણે થાય છે :

(ખ) પોમલા લોકો હંમેશાં પોતાના જૂથ સિવાયના અન્ય પ્રાંતિય જૂથને ગમે તેટલા તેના પ્ર... છતાં પોમલા તરીકે તેઓને ગણાવતા નથી.

વળી અન્ય પ્રદેશોમાં આ લોકોની બોલી બોલતા લોકો વસે છે, તેઓ ગુજરાતમાં વસતા પોમલા સાથે લગ્ન સંબંધ બાંધવા ઇચ્છે છે, પરંતુ ગુજરાતના પોમલા તેનો અસ્વીકાર કરે છે. કારણ કે બોલી મળતી હોવાથી તેઓ પોમલા જ છે તેમ ન કહી શકાય.

(ગ) પોમલા જાતિ પોતાની જાતિમાં જ લગ્ન કરવાનું પસંદ કરે છે પરંતુ પોમલા પુરુષ અન્ય જાતિમાં લગ્ન કરે તો તેનો વિરોધ થતો નથી, કારણ કે જે વંશજો થાય છે તે પોમલા જ કહે છે. જ્યારે પોમલા છોકરી પોમલા જાતિમાં જ પરણાવવી એવું ભારપૂર્વક માને છે. આનો અર્થ એ થયો કે પોતાની જાતિનું અસ્તિત્વ અને સંખ્યા ટકાવી રાખવા માટે પોમલાઓ સતત અને સભાન પ્રયત્નો કરે છે. બીજી જાતિઓમાંથી આડકતરી રીતે ભરતી કરે છે.

## ૩. સામાજિક રીતરિવાજો :

રજસ્વલા સ્ત્રીને 'અડકવું નહીં' જેવા નામે બોલાવે છે. જે સ્ત્રી ઘરમાં રસોઇ બનાવવી, પાણી ભરવું, દેવ-દેવીની પૂજા કરવી વગેરે કાર્યો પાંચ દિવસ સુધી કરી શકતી નથી. સગર્ભા અવસ્થા દરમ્યાન કોઇ ખાસ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં થાય છે.

જન્મ પછીના છઠ્ઠા દિવસે સાત જાતના લીલોતરી શાક અને રોટલી બનાવી નાનાં બાળકોને જમાડે છે. સવા માસે નામકરણ વિધિ કરવામાં આવે છે.

લગ્નની ઉંમર ૧૮થી ૨૩ વર્ષના ગાળામાં વધારે થાય છે. લગ્ન એક સાથી છે, લગ્નમાં છોકરાના પિતાએ છોકરી પક્ષને દહેજ આપવું પડે છે. પતિ પત્નીને બનતું ન હોય તો બંનેની સંમતિથી છૂટાછેડા લેવામાં આવે છે. પુરુષની ઇચ્છા વિરુદ્ધ સ્ત્રી ભાગી જાય તો તેણીના પિતાએ દહેજ અને લગ્નનો ખર્ચ પુરુષ પક્ષને આપવો પડે છે. મૃત્યુ સંસ્કારમાં બાળવાની અને દાટવાની બંને પ્રથા છે. પરંતુ હાલ લાકડાની કિંમત વધવાથી ઘણાં કુટુંબો મૃતદેહને દાટે છે. મૃત્યુ પછી પાંચ દિવસ સુધી મૃત વ્યક્તિને પ્રિય હોય તેવી વસ્તુઓ તેને દાટવામાં કે બાળવામાં આવ્યો હોય ત્યાં મૂકવામાં આવે છે. મૃત્યુ પછીના બારમા દિવસે બારમાની વિધિ કરવામાં આવે છે.

## ૪. ધર્મ :

પોમલા લોકો હિંદુ દેવ દેવીઓને પૂજે છે. આર્થિક પ્રવૃત્તિના સંદર્ભમાં કાળભૈરવ, નાકોટ... શેષનાગ વગેરેની પૂજા કરે છે. હિંદુઓમાં આવતા તહેવારો મનાવે છે. આ ઉપરાંત પોતાના ઉત્સવો, ઉજાણી, પૂજા, જાત્રા વગેરે ઉજવે છે. શહેરી સભ્યતાની અસરને કારણે ભૂત, પ્રેત, ડાકણ, ભૂવા ભગતમાં ઓછી શ્રદ્ધા ધરાવે છે.

| | | | |
|---|---|---|---|
| ૭૧. | પત્નીનો મોટો ભાઇ | સાળો | નામ લઇને |
| ૭૨. | પત્નીનો નાનો ભાઇ | સીરેલેમ | નામ લઇને |
| ૭૩. | મોટી બહેનનો પતિ | મિયાન અને મિયાનક બોટવા | |
| ૭૪. | પત્નીના મોટા ભાઇની પત્ની | પેરમાઇ | |
| ૭૫. | નાની બહેનનો પતિ | મિયાન | - |
| ૭૬. | પત્નીની બહેન | સાળી | સાળી બોટવા |
| ૭૭. | પત્નીની બહેનનો પતિ | તેમ | - |
| ૭૮. | પત્નીનો મોટો ભાઇ | દાદો | - |
| ૭૯. | પત્નીનો નાનો ભાઇ | દીયોર-દીયોર અને હોવી | |
| ૮૦. | પતિની બહેનનો પતિ | બનેવી | - |
| ૮૧. | પતિની બહેન | ખ્યાલ નથી | નામ લઇને |
| ૮૨. | મોટા ભાઇની પત્ની | ઉરેલ-ભીરે ભાભી કો બોટવા | |
| ૮૩. | પુત્રની પત્નીનો પિતા | વેવાઇ વા | |
| ૮૪. | પુત્રની પત્નીની માતા | વેવાણી વા | - |

ઉપરોક્ત શબ્દાવલી જોતાં જ બાલતા સ્પષ્ટ રીતે જોઇ શકાશે કે તેઓના મૂળ શબ્દોમાં ગુજરાતી શબ્દો ઘણા જોવા મળે છે. અમુક સગાઓ માટે સંદર્ભમાં કે સંબોધનમાં કયો શબ્દ આવે તે માટે તેઓ કશું જાણતા નથી.

સમાજની પોતાની વ્યવસ્થા માટે જાતિપંચ જોવા મળે છે, જેમાં નથી કોઇ બંધારણ કે ઠાર્યવાહી એ એક છે. પરંતુ ગામના દરેક પોમલા કુટુંબો મળી એક આગેવાન નીમે છે. જે પોતાના સમાજમાં થતા સામાન્ય ઝઘડાનું નિરાકરણ કરે, લગ્ન પ્રસંગોમાં હાજરી આપી પોમલા પટેલ લગ્ન કરાવે વગેરે. પરંતુ એટલું જરૂર કહી શકાય કે આ પટેલનું પણ દિવસે દિવસે પોમલા સમાજમાંથી મહત્વ અને નિયંત્રણ ઘટવા લાગ્યું છે.

આવડા નાના સમુદાયને એક એકમ તરીકે રહેવા માટે શું કરવું પડે છે અને તેના નાનપણાની અસર એની સંરચના પર શી થાય છે તેના એકાદ બે દાખલા આ પ્રમાણે છે :

(ક) આવા નાના જૂથમાં કુટુંબ એક મહત્વની સંસ્થા બની જાય છે કારણ કે જે ક્રિયાશીલ અને નિયંત્રણકારી સામાજિક સંસ્થાઓ હોય છે તેમાં માત્ર કુટુંબ જ દૃઢ એકમ તરીકે ચાલુ રહે છે.

| | | | |
|---|---|---|---|
| ૪૨. | માતાના નાના ભાઈનો પુત્ર | - ખ્યાલ નથી | નામ લઈને |
| ૪૩. | માતાના મોટા ભાઈનો પુત્ર | તેમ | નામ લઈને |
| ૪૪. | માતાના નાના ભાઈની પુત્રી | ખ્યાલ નથી | નામ લઈને |
| ૪૫. | માતાના મોટા ભાઈની પુત્રી | [illegible] | નામ લઈને |
| ૪૬. | માતાના પિતા | ભેરેલાલ | |
| ૪૭. | માતાની માતા | ભેરગામ | |
| ૪૮. | બહેનનો પુત્ર | તેજસી ડપસ | નામ લઈને |
| ૪૯. | બહેનની પુત્રી | તેજસી મીચડ | નામ લઈને |
| ૫૦. | બહેનના નાના ભાઈની પુત્રી | તેમ પીચડર | નામ લઈને |
| ૫૧. | માતાની મોટી બહેન | તેજસ | માસી |
| ૫૨. | માતાની નાની બહેન | તેજસ | માસી |
| ૫૩. | માતાની મોટી બહેનનો પતિ | મિયાન | - |
| ૫૪. | માતાની નાની બહેનનો પતિ | માસાજી | માસાજી |
| ૫૫. | પત્નીની નાની બહેનની પુત્રી | ખ્યાલ નથી | નામ લઈને |
| ૫૬. | પત્નીની નાની બહેનનો પુત્ર | તેમ | નામ લઈને |
| ૫૭. | માતાની મોટી બહેનનો પુત્ર | ખ્યાલ નથી | નામ લઈને |
| ૫૮. | માતાની નાની બહેનનો પુત્ર | ખ્યાલ નથી | નામ લઈને |
| ૫૯. | માતાની મોટી બહેનની પુત્રી | ખ્યાલ નથી | નામ લઈને |
| ૬૦. | પિતાનો પિતા | ભેરે ગામ સીજે -ગમાનું | - |
| ૬૧. | પુત્રનો પુત્ર | ડેસી | નામ લઈને |
| ૬૨. | પુત્રીની પુત્રી | પીચડર | નામ લઈને |
| ૬૩. | પિતાની માતા | ભેરગામ | - |
| ૬૪. | પત્નીનો પિતા | ગમાન | - |
| ૬૫. | પત્નીની માતા | ભેરગામી | - |
| ૬૬. | પુત્રીનો પતિ | જેરમાણી | - |
| ૬૭. | પતિનો પિતા | ગમાન | - |
| ૬૮. | પતિની માતા | ગામ | - |
| ૬૯. | પુત્રની પત્ની | ભેરમાર | - |

| | | |
|---|---|---|
| ૧૭. પિતાનો ભાઇ | ભેરે ભાઉ | ભેરે વાયા બોલવા |
| ૧૮. ભાઇનો પુત્ર | તેમ ડેકૂ આઘુ | નામ લઇને |
| ૧૯. પિતાનો પિતાથી નાનો ભાઇ | સ્વરે કાકો | કાકા |
| ૨૦. પિતાનો પિતાથી મોટો ભાઇ | ભેરે ગાઉ | નામ લઇને ભેરે ગાઉ |
| ૨૧. મોટા ભાઇનો પુત્ર | ભીર | નામ લઇને |
| ૨૨. મોટાભાઇની પુત્રી | ભેરે થીસડ તેમ | નામ લઇને |
| ૨૩. નાના ભાઇનો પુત્ર | ખ્યાલ નથી | નામ લઇને |
| ૨૪. નાના ભાઇની પુત્રી | સ્વરે તેમ પીસકર | નામ લઇને |
| ૨૫. પિતાના મોટાભાઇની પત્ની | ભેરે ગમ | - |
| ૨૬. પિતાના નાના ભાઇની પત્ની | - સાંરે તેમ ઉરેત | - |
| ૨૭. પિતાની પિતાથી મોટી બહેન | - ફુઇ પાટુ | - |
| ૨૮. પિતાની પિતાથી નાની બહેન | - સ્વરે ફુઇ | - |
| ૨૯. પિતાની બહેનનો પતિ | - મામા | મામા |
| ૩૦. પિતાની બહેનનો પુત્ર | - તેમ | નામ લઇને |
| ૩૧. પિતાની બહેનની પુત્રી | બઇ | નામ લઇને |
| ૩૨. પિતાની બહેનના પુત્રની પત્ની | તેમ હીરેત | - |
| ૩૩. પિતાની બહેનની પુત્રીનો પતિ | - મીરાન | - |
| ૩૪. પિતાની બહેનના પુત્રનો પુત્ર | - જોર ચાવ | નામ લઇને |
| ૩૫. પિતાની બહેનની પુત્રીની પુત્રી | - ખ્યાલ નથી | નામ લઇને |
| ૩૬. માતાનો માતાથી મોટો ભાઇ | - મામા | મામા |
| ૩૭. માતાનો માતાથી નાનો ભાઇ | - હીરે તેમ | - મામા |
| ૩૮. માતાના મોટા ભાઇની પત્ની | - મામી | મામી |
| ૩૯. માતાના નાના ભાઇની પત્ની | - મામી | મામી |
| ૪૦. પત્નીના ભાઇનો પુત્ર | - ભેરે તેમ | નામ લઇને |
| ૪૧. પત્નીના ભાઇની પુત્રી | - બઇ | નામ લઇને |

નિશ્ચિત શબ્દો હોય છે. પોમલા જાતિમાં પણ નજીકના સગાંઓ માટે સંદર્ભસૂચક અને સંબોધન સૂચક શબ્દો જોવા મળે છે. જે નવાઇ પમાડે તેવા છે. કે જેમાં તેના મૂળ તેલુગુ શબ્દો પણ છે અને સાથોસાથ સભ્ય સમાજના સંપર્કને કારણે ગુજરાતી શબ્દો પણ દ્રષ્ટિપાત થાય છે. ઘણા શબ્દોથી હાલ તેઓ અજાણ પણ છે. એટલે અમુક સગાંઓને શું કહેવાય અને તેને સંબોધન કરી બોલાવવા હોય ત્યારે શું કહેવું તેનાથી અજાણ છે. છતાં જે શબ્દાવલી જાણવા મળી તે આ પ્રમાણે છે :

| ક્રમ | નામ | સગાઇ સંદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
| --- | --- | --- | --- |
| ૧. | પિતા | ગાવ | અ બાપા અંગ વા |
| ૨. | માતા | ગમ | મા અંગ વા |
| ૩. | પુત્ર, | કરી | નામ લઇને |
| ૪. | પુત્રી | પેકર | નામ લઇને |
| ૫. | પતિ | વોરાપાઇ | છોકરાનું નામ લઇને |
| ૬. | પત્ની | ઉરેત | છોકરીનું નામ લઇને |
| ૭. | ભાઇ (પુ.બો) | તેમ | તેમ જરા ઇંગેવા |
| ૮. | બેન (પુ.બો.) | બાઇ | બાઇ ઇંગેવા |
| ૯. | ભાઇ (પોતાના પિતાનો પણ સ્વમાતા સિવાય બીજી સ્ત્રીનો પુત્ર | અનુસવશી(તેમ) | નામ લઇને |
| ૧૦. | ભાઇ (પોતાની માતાનો પણ સ્વપિતા સિવાય બીજા પુરુષનો પુત્ર ) | અનુસવશી (તેમ) | નામ લઇને |
| ૧૧. | બેન (પોતાના પિતાની પણ સગી માતા સિવાય બીજી સ્ત્રીની પુત્રી) | બાઇ | નામ લઇને |
| ૧૨. | બેન (પોતાની માતાની પણ સ્વપિતા સિવાય બીજી સ્ત્રીની પુત્રી) | બાઇ | નામ લઇને |
| ૧૩. | મોટાભાઇ | બીરેતેમ | બીરે તેમ ઇંગેવા |
| ૧૪. | નાનોભાઇ | સ્નરેતેમ | સ્નરે તેમ બોટવા |
| ૧૫. | મોટીબહેન | બીરે તગસ | બીરે તગસ બોટવા |
| ૧૬. | નાનીબહેન | સ્નરે બાઇ | સ્નરે બાઇ બોટવા |

**૧. આર્થિક પ્રવૃત્તિ :**

પરંપરાથી આ જાતિનો મુખ્ય વ્યવસાય વાંસ અને ખજૂરીના ઝાડમાંથી ટોપલા, ટોપલી, સાદડી, સાવરણી વગેરે બનાવવાનો છે. પરંતુ દિનપ્રતિદિન આ ધંધામાં ઓટ આવતી ગઇ, ભાવો પણ નીચે જતા ગયા. આજે ૨૦ ટોપલીઓનો ભાવ રૂ. ૧.૨૫ મળે છે. તેમાં પણ મીઠાઇ માટે કાગળ (પૂઠાનાં બોક્ષ) આવવાથી આ ધંધાને મોટો ફટકો પડયો. અન્ય કોઇ નવા ધંધાનો અનુભવ નહીં હોવાથી સ્ત્રીઓ તો ટોપલી જ બનાવે છે. જયારે પુરુષો ટોપલા-ટોપલી બનાવવા ઉપરાંત નોકરી કરવી, પગરીક્ષા, ઓટોરીક્ષા ચલાવવી, સુથારીકામ કરવું, પાની લારી ફેરવવી, દુકાન અને છૂટક મજૂરીનું કામ કરે છે. આવકની રીતે જોઇએ તો સુરતમાં વસતા પોમલા કુટુંબની સરેરાશ વાર્ષિક આવક ગૃહોદ્યોગમાં રૂ.૩૧૪૫, નોકરીમાંથી રૂ.૩૩૦૬, મજૂરીમાંથી રૂ.૩૯ અને અન્ય રીતે કામ કરીને રૂ. ૨૩૯ છે. આમ કુટુંબની સરેરાશ વાર્ષિક આવક રૂ.૬૭૨૯ છે. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૬૨૩૨ છે. અહીં એક બાબતનો ઉલ્લેખ કરું કે પોમલા જાતિમાં ખર્ચ કરતાં આવક વધારે દેખાય છે એનો અર્થ એ થાય કે આ લોકો ઘણા સુખી હશે, પરંતુ વાસ્તવિકતા કંઇક જુદા જ પ્રકારની છે. સુરતમાં એ પાંચ કુટુંબો જુદા જુદા વ્યવસાય અને નોકરી કરતાં હોવાથી કુલ આવકમાં આ આવક આવી જતાં સરાસરી આવક વધી જાય છે. ઘણાં કુટુંબો દેવાદાર છે. સુરતના પોમલા કુટુંબ ઉપર સરાસરી દેવું રૂ.૩૫૭૫ છે, જે તેમની સાચી પરિસ્થિતિ શું છે તે બતાવે છે. આવાં કુટુંબોને અર્ધભૂખ્યાં કે ભૂખ્યા કે કેટલાક દિવસો પૂર્ણ ભૂખ્યા રહીને જીવવું પડે છે.

**૨. સામાજિક સંગઠન :**

પોમલા એ પિતૃસત્તાક, પિતૃવંશીય અને પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા ધરાવતું જૂથ છે. કુટુંબનું કદ આશરે છથી સાત વ્યક્તિઓનું છે. કુટુંબમાં સંયુક્તતાનું પ્રમાણ છે પરંતુ પુત્રના લગ્ન બાદ મકાનની સંકડાશના કારણે કેન્દ્રીય કુટુંબોની સંખ્યા ઘણી છે.

પોમલા જાતિમાં રક્ત પર આધારિત અને લગ્ન પર આધારિત સગાઇસંબંધો જોવા મળે છે. પ્રથમ પ્રકારના સામાજિક સંબંધોમાં એક જ લોહીના સંબંધી અને ભાઇ-બહેન, ભાઇ ભાઇ બહેન-બહેન, માતા-પુત્રી, માતા-પુત્ર, પિતા-પુત્ર જેવા સંબંધો ગણવામાં આવ્યા છે. એક લોહીના સંબંધીઓ એક ગોત્રના હોય છે. આથી આવા સંબંધીઓ વચ્ચે લગ્ન કરવા ઉપર સમાજમાન્ય નિષેધ હોય છે. જયારે લગ્ન કરવાથી સસરા, સાસુ, દિયર, નણંદ, ભાભી, મામાજી, કાકાજી, સાળા, સાળી વગેરે સંબંધો ઊભા થાય છે.

દરેક સમાજ, જાતિ કે કુટુંબમાં પોતાના નજીકના સગાસંબંધી કે જે લોહીના સંબંધ ઉપર આધારિત કે લગ્નના સંબંધ ઉપર આધારિત સગાઓ હોય તેને સંબોધવા માટે કોઇ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી
૨૧, જાન્યુઆરી ૧૯૮૪

# સુરત શહેરના પોમલા

(એક અજાણી અનુસૂચિત જનજાતિ જે શહેરોમાં નિવાસ કરે છે.)

- ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય

ગુજરાતમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ આદિવાસીઓની વસ્તી ૩૮ લાખની છે. એમાં જુદી જુદી ૨૯ આદિવાસી જાતિઓનો સમાવેશ થયેલો છે. આવી આદિવાસી જાતિઓમાં અમુક જાતિઓ એવી છે કે જેની સંખ્યા ત્રણ ચાર લાખ કે તેથી વધુ છે, જ્યારે અમુક આદિવાસી જાતિઓ એવાં પણ છે કે જેની સંખ્યા થોડીક જ છે. પોમલા જાતિનો આમાં સમાવેશ થાય છે. ગુજરાતમાં સંશોધન ક્ષેત્રે આવી અતિ અલ્પ સંખ્યક જાતિઓ અજાણ રહી ગઇ છે, બહુજન સમાજ તેના વિષે અજ્ઞાનતા સેવે છે.

ગુજરાતમાં પોમલા જાતિની વસ્તી મુખ્યત્વે સુરત (૨૨૧), વડોદરા (૯૧), ખંભાત (૭૯), અમદાવાદ (૩૯) અને ભરૂચ (૨૪) શહેરોમાં આવેલી છે. બધી મળીને કુલ ૪૫૪ની વસ્તી છે, કુટુંબ સંખ્યા માત્ર ૭૨ છે. ૧૯૮૧ની(અંદાજીત) વસ્તી મુજબ સુરત શહેરમાં જ કુલ પોમલા જાતિની અડધી વસ્તી છે. આ શહેરના ત્રણ ચાર મહોલ્લાઓમાં એમનો વસવાટ છે. સુરત શહેરને કેન્દ્રમાં રાખીને મેં આ લેખ લખ્યો છે. જો કે એક બાબતની સ્પષ્ટતા કરું તો મારા અભ્યાસ દરમ્યાન મને એ સ્પષ્ટ રીતે જોવા મળ્યું છે કે પોમલા જાતિ જુદાં જુદાં શહેરોમાં વસવાટ કરતી હોવા છતાં એમના સામાજિક-ધાર્મિક રિવાજો અને આર્થિક પ્રવૃત્તિમાં ભિન્નતા નથી.

પોમલા જાતિની ભાષા તેલુગુને મળતી આવે છે. આથી તેઓ મૂળ દક્ષિણના હશે તેમ મનાય છે. એક અભિપ્રાય એવો પણ છે કે તેઓ ૨૦૦ વર્ષ પહેલાં તેલુગુ પ્રદેશમાંથી આવીને ગુજરાતમાં વસ્યા છે.

પોમલાના શરીરનો બાંધો મજબૂત, ઊંચાઇ પથી પા ફૂટ, રંગે કાળાશ પડતા ઘઉંવર્ણા છે. આ જાતિના સમગ્ર પાસાનો વિસ્તૃત પરિચય અહીં આપવાનો અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર છે. તેથી તેના દરેક પાસાની થોડી થોડી વાતો અહીં લખી છે.

કાર્ડીઓફી

. ઉપાધ્યાય

ઉ... લાખની છે.

ાસ... જાતિઓમાં અમુક

ક ...દિવાસી જાતો

ાય છે. ગુજરાતમાં

ામાજ તેના લક્ષ

ા (૬૧), ખંભાત

ાને...લ ૪૫૪ની

શ...માં જ કુલ

વ...ાટ છે.

દતા ડરૂ તો

દા જુદા શહેરોમાં

તિમાં ભિન્નતા

ક્ષે...ા હશે તેમ

ાથે ...ાવીને

ાશ પડતા

ા નહીં તો મુશ્કેલ

<u>પ્રશ્નો :</u>

(૧) તેમનામાં ગ્રામપ્રદેશની જેમ સમગ્ર નેતાગીરીનો અભાવ છે. શહેરમાં હવે લોકોની સ્થિતિ રહી નથી કે સમાજના કામ માટે બહુ વખત આપે. દરેકને કમાવવાની ફરજ પડે છે કે કોઈ પૂરો સમય કાઢે કે સમાજના કામ માટે આપી શકે નહીં.

ભીલ સમાજની નાની-મોટી સંસ્થાઓ કામ કરે છે પરંતુ તે બધાના સંકલન અને વિકાસ માટે કોઈ સામાજિક કે સરકારી સંસ્થા આ કામ જવાબદારી સેવકો મળે તો કરી શકે.

(૨) શહેરોનો વિકાસ થતાં નવી જમીનો અને તે પર સસ્તા આવાસોની જરૂરિયાતનો પ્રશ્ન તાકીદનો છે. આર્થિક રીતે સદ્ધર ન હોવાથી સમગ્ર સમાજ સાથે આદિવાસીઓને કામ-ધંધા પૂરતા ના મળે તે સાથે આ પ્રશ્ન સંકળાયેલો છે. સરકાર તેની રીતે પ્રયત્ન કરે છે છતાં તેમના આર્થિક સદ્ધર હોય તે લાભ લઈ શકે છે. ઝૂંપડપટ્ટીઓ વધે છે તેમાં ભીલો પણ હોય છે.

(૩) સમાજ કલ્યાણ ખાતું તાલીમ આપે છે પણ હવે પૂરતી જગાઓ નીકળતી નથી. તેમાં જેની પહોંચ હોય તે પહેલો લાભ લે છે. આગળ તેમના રાજકીય આગેવાનો લાભ ઉઠાવવાની વાત કરી છે.

(૪) તેમનામાં સાંસ્કૃતિક વારસામાં નાચ-ગાન, મેળા તેમના જીવનમાં તાજગી આપી શકે છે. તેમના આ ઉત્સવોનું સારું તત્ત્વ સંસ્કારીને શિક્ષિતો પણ તેમાં રસ લેતા થાય તો તેમાંથી જીવનની તાજગી મળતી ચાલુ રહે.

(૫) અમેરિકન હબસી આગેવાન બુકર-ટી-વોશિંગ્ટને પોતાની કોમને રાજકારણમાં વાળવા કરતાં ઉદ્યોગ ધંધામાં વાળી સમાજમાં સામાજિક-આર્થિક રીતે સદ્ધર કરવાનો પ્રયત્ન કરેલો. આજનું શિક્ષણ સમાજના પ્રશ્નો વધારે છે એટલે સમગ્ર શિક્ષણ પદ્ધતિ બદલાય તે પર બધો આધાર છે. ચીલા ચાલુ શિક્ષણ ન લે તો પાછળ પડી જવાય એ ભય અન્ય વર્ગોની જેમ આદિવાસીઓને રહે છે અને તેઓ ચાલુ પ્રવાહ તરફ નજર કરે તે સ્વાભાવિક છે.

...

(૨) સ્નાનપ્રથામાં ખુલ્લે માથે ન્હાવાનું શરૂ થયું છે. મોદીવારીમાં બાળવાનો જ આગ્રહ નથી. તેવી જ રીતે બારમું થયા વિના લગ્ન કે બીજાં પ્રસંગો કામ કુટુંબમાં થતાં નહીં તે રિવાજ નીકળી જ ગયો છે. રોવા કુટવાનો રિવાજ ઓછો થયો છે, મરણની વિધિ સરળ બનાવી ટૂંકાવાઇ છે. વહેમો ઓછા થતા જાય છે અને દેવ-મંદિર, દવાનો આશરો વધતો જાય છે.

ઘરમાં વધારો કર્યું :

પરણેલા દીકરાને જુદું ઘર ન આપી શકે તો મા-બાપ અને પરણ્યા વગરનાં ઘરની ઓસરીમાં કે બહાર સૂઇ નવાં પરણેલાને ઘરમાં સૂવાની સગવડ આપે છે.

પહેરવેશમાં હવે બહેનોનાં ઘરેણાં અને પોશાકમાં, અને ભાઇઓના પોશાકમાં પરિવર્તન નોંધાયો છે. બહેનો હવે કથીરનાં હાથ ભરી દે તેટલાં ઘરેણાં પહેરતી નથી.

સંયુક્ત કુટુંબમાં પરિવર્તન :

આ બધાં પરિવર્તનો માટે કુટુંબનું કદ, એક જ કુટુંબમાં સભ્યોના જુદા જુદા વ્યવસાય વગેરે ભાગ ભજવે છે. આ ઉપરાંત શિક્ષણ અને સંપર્ક વધતાં પંચ-પટેલ અને જ્ઞાતિપંચની અસર ઓછી થઇ છે, નોકરી-ધંધાને કારણે કુટુંબના વડાનું, પત્ની કે નાના ભાઇ નોકરી કરે ત્યાં પતિ કે વડીલનું મહત્ત્વ પણ ઘટતું જાય છે. આમાં મોટું અથવા સંયુક્ત કુટુંબ તૂટતું જાય છે.

સમાજના બીજા વર્ગોની જેમ આદિવાસીઓનું શોષણ બીજા વર્ગોની જેમ તેમના રાજકીય નેતાઓ પણ કરે છે. રાજકારણમાં આગળ આવવા તેમના નેતાઓ તેમનો ઉપયોગ કરે છે અને રાજકીય અને આર્થિક લાભો પોતાને માટે લે છે. છેક છેલ્લા ગરીબ સુધી સરકારની આર્થિક યોજનાઓ પહોંચતી નથી અને ગામ ગરીબોનો મોટો વર્ગ સારી રોજગારીની તકો માટે ગામડાંમાંથી શહેરોમાં ઉભરાય છે.

હા હવે શહેરોની જેમ ગામડાંની સમૃદ્ધ ખેતી પ્રદેશોમાં પણ ગરીબ આદિવાસીઓ ગામડાંમાં મજૂરી માટે વર્ષનો મોટા ભાગનો સમય વીતાવે છે. અને કેટલાક ત્યાં સ્થાયી થવા પ્રયત્ન કરે છે.

ધાર્મિક વિધિ અને માન્યતાઓમાં પરિવર્તન :

દારૂ અને માંસની જગ્યાએ તેઓ શરબત જેવાં પીણાં અને મીઠાઇ થ તથા નાળિયેર વગેરી કામ ચલાવે છે. રામ-દે-પીરની ભજના રંગ વગેરેમાં પરિવર્તન આવ્યું છે. આરંભામની યાત્રાએ જાય છે. હોળીનો નાચ, ગોઠ, ઘેર જેવી બાબતમાં પરિવર્તન આવ્યું છે.

શિક્ષણ અંગે :

શિક્ષણનું મહત્ત્વ સમજી ખાસ કરીને પુરુષોનું શિક્ષણ વધતું જાય છે. સરકારની અનામત જગ્યાઓમાં નોકરીઓમાં પુરુષો હવે દરેક વિભાગમાં ભરતી થાય છે. શિક્ષણમાં ટકાવારી વધતી ...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી

૨૧, જાન્યુઆરી ૧૯૮૪

## સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તન (વિકાસ)

ડૉ. અંબાલાલ પટેલ

મનુષ્ય હમેશાં પરિવર્તન ઝંખે છે. કુદરતમાં પણ પરિવર્તન થતાં રહે છે. કોઇપણ વ્યક્તિ પરિવર્તન સિવાયનું એકધારું જીવન વ્યતીત કરી શકતી નથી. મનુષ્ય જીવનની ઘટમાળ અને તેની સમાજવ્યવસ્થામાં પરિવર્તનો આવ્યા જ કરે છે.

આદિ સમાજની સરખામણીમાં આધુનિક સમાજમાં અને તેમાંયે છેલ્લાં થોડાં વર્ષોમાં વિજ્ઞાનની ગતિ અને એવાં બીજાં પરિબળોએ પરિવર્તનને વધુ ગતિ આપી છે. વ્યક્તિ કરતાં સામાજિક મંડળો પરિવર્તન ધીમું રહેવા છતાં ધર્મ અને કુટુંબ જેવી વધારે સ્થિર અને મૂળભૂત સંસ્થાઓ ફેરફાર વગર રહી નથી. સર્વ વિકસિત સમાજોમાં ઝડપી પરિવર્તન આવી રહ્યું છે પણ સર્વ માનવ સમાજોમાં એક સરખું પરિવર્તન આવતું નથી.

### લગ્ન વ્યવસ્થામાં પરિવર્તન :

અગાઉ વિગતો જણાવ્યા પ્રમાણે લગ્નમાં બ્રાહ્મણને વિધિ માટે બોલાવવો, વરઘોડામાં બેન્ડ-વાજાં લાવવાં, મોટી ઉંમરે લગ્ન કરવું, ગુજરાતી-મારવાડી ભીલોમાં કન્યાની આપ-લે થવી, તેમના રિવાજ-દાપામાં ઘટાડો કે પરસ્પરને અનુકૂળ ફેરફાર કરવા, શહેરની કન્યા અમદાવાદ કે નાનાં મોટાં શહેરોમાં જ આપવાની મથામણ, દિયરવટું પહેલાંની જેમ ફરજિયાત ન રહેવું, કડાયાનાં લગ્ન અને સગાઇ પછી વગર લગ્ને પતિગૃહે (ગરીબાઇના કારણે) કન્યા પહોંચી જાય, વાનાં અથવા બનેલાં ઓછાં થતાં જઇ એક જ દિવસ લગ્ન, કુંવારી કન્યા સાથે સંબંધ રાખનાર સાથે મારામારીને બદલે સમજાવટ કે વધુ દાપાં લઇ પતાવટ, ફટાણાં-મજાક ઓછાં થવાં, દહેજ-દાપાં-સીમંતના રિવાજ સંજોગો પ્રમાણે સમજપૂર્વકના ફેરફાર વગેરે પરિવર્તનો આવ્યાં છે.

### સામાજિક બાબતોમાં પરિવર્તનો :

જન્મથી માંડી મરણ સુધીની બાબતો પર આર્થિક પરિસ્થિતિ ખૂબ ભાગ ભજવે છે. જેમ કે :

(૧) પ્રસૂતા સવા મહિનાને બદલે વહેલી ઘરકામમાં જોડાય છે. દવાખાને જાય છે અને સંતતિનિયમન અપનાવવાનું વલણ કેળવાતું જાય છે.

શિક્ષણ સ્તર ( શિક્ષણ લઈ રહેલા ચાલુ સભ્યોનું શિક્ષણ સ્તર)

| બાલવાડી | | ધોરણ ૧થી ૪ | | ધોરણ ૫થી ૭ | | ધોરણ ૮થી ૧૦ | | ધોરણ ૧૧થી ૧૨ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| - | ૨ | ૩૪ | ૧૫ | ૧૧ | ૩ | ૬ | ૨ | - | - | ૫૧ | ૨૨ | ૭૩ |
| - | ૯.૧ | ૬૬.૭ | ૬૮.૨ | ૨૧.૬ | ૧૩.૬ | ૧૧.૭ | ૯.૧ | - | - | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |

તપાસમાં લીધેલ કુલ શહેરી વિસ્તારનાં ૧૧૦ કુટુંબોના ૬૭૮ સભ્યોમાંથી ૭થી ૧૪ વર્ષની વયજૂથમાં ૯૨ છોકરા અને ૬૯ છોકરીઓ હતી. એટલે કે આ વયજૂથમાં ૧૬૧ બાળકો શિક્ષણ લેવા યોગ્ય હતાં પણ ઉપરનો કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે તેમાંથી માત્ર ૭૩ બાળકો જ અભ્યાસમાં ચાલુ હતાં. જ્યારે ૮૮ બાળકો અધવચ્ચે ઉઠી ગયેલ કે શાળામાં ગયેલા જ નહોતાં. તેઓ જીવનનિર્વાહના ઉપાર્જનના કામમાં જોડાઇ ગયાં હતાં. શિક્ષણ લેતા બાળકોમાં પણ મોટી સંખ્યા ધોરણ ૧થી ૪ સુધીમાં જ જોવા મળી હતી. જ્યારે પાંચથી ઉપરના ધોરણોમાં પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું.

ઉપરના બંને કોઠા જોતાં લાગે છે કે સીદીઓમાં મોટો વર્ગ અશિક્ષિતોનો છે. જ્યાં વાલીઓનો આટલો મોટો વર્ગ અશિક્ષિત હોય ત્યાં તેમજ અત્યંત ગરીબીમાં જીવન જીવતા હોય તો તે કેવી રીતે બાળકોના શિક્ષણમાં રસ દાખવી શકે. તેમજ શિક્ષણ લેતા બાળકોમાંથી પણ મોટા ભાગનાં ઘરકામમાં જોડાતાં હોય છે. જે શિક્ષણ લેવા યોગ્ય ઉંમરનાં થયાં છે તેઓ ગરીબીને કારણે શિક્ષણ લઇ શકતાં નથી.

કામ કરવાની ઇચ્છા ધરાવતા ઘણા જુવાનો શિક્ષણના અભાવે બેકાર પણ જોવા મળે છે. કારણ કે થોડું ઘણું કામ મળે વળી પાછા છૂટા થાય. જેમને કાયમી ધોરણે નોકરીઓ મળતી નથી આવા કામ કરવાની ઇચ્છા ધરાવતા લોકોમાં બેકારીનું પ્રમાણ સારું એવું જોવા મળે છે. તેમાંય થોડુંઘણું શિક્ષણનું પ્રમાણ વધવા માંડ્યું છે તેઓ પણ બેકારીનો ભોગ બને છે. બીજું ખાસ તો મોટા ભાગનાને પોતે અનુસૂચિત જનજાતિમાં મૂકાયા છે અને તેની યોજનાઓનો લાભ મળે છે તેનાથી પણ તેઓ અજાણ છે.

...

(૪) આરોગ્યની સમસ્યા :

સીદીઓ સખ્ત મજૂરીનું કામ કરતા હોવાથી અને અપૂરતો પૌષ્ટિક ખોરાક મળતો હોવાથી શરીર ક્ષીણ થાય છે અને શરીર રોગો સામે પ્રતિકાર કરી શકતું નથી. જેને પરિણામે અનેક રોગોના ભોગ બને છે.

ગરીબીને કારણે સાંકડા ઘરો અને સાંકડી ગલીઓમાં વસવાટને કારણે તેમજ મોટા ભાગના એક જ જોડ કપડાં રાખી શકતા હોવાથી એ કપડાં શરીર પર ભીંજાય અને સૂકાય છે. નહાવા ધોવાની અપૂરતી સગવડોને કારણે અનેક રોગના ભોગ બને છે.

(૫) શિક્ષણની સમસ્યા :

બાળકો આર્થિક એકમ તરીકે સીદી સમાજમાં ગણાય છે. આ બાળકોને આર્થિક ઉપાર્જનના કામમાં જોડે છે. અનેક પ્રકારના કામોમાં નાની ઉંમરથી જ જોડાય છે. તેમજ અશિક્ષિત મા બાપો બાળકોને શિક્ષણ આપવા તરફ દુર્લક્ષ સેવે છે અને ઘરના કામમાં જોડી દે છે. જેને પરિણામે શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. આ બાબ નીચેનો કોઠો જોતાં વધુ સ્પષ્ટ થશે.

શિક્ષણનું સ્તર

| અભણ | | ધોરણ ૧થી ૪ | | ધોરણ ૫થી ૭ | | ધોરણ ૮થી ૧૦ | | એસ. એસ. સી. પાસ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૭૬.૧ | ૯૭.૬ | ૧૪.૨ | ૧.૬ | ૬.૩ | - | ૧.૫ | ૦.૪ | ૧.૯ | ૦.૪ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

તપાસમાં સીદીઓ કુટુંબોનું શિક્ષણ ઉપરના કોઠામાં બતાવ્યા મુજબનું જોવા મળ્યું હતું જેમાં મોટો વર્ગ અશિક્ષિતનો હતો. તેમાંથી સ્ત્રીઓ ૯૭ ટકા અશિક્ષિત હતી. આ સિવાય જે શિક્ષણ થોડું છે તે પણ એકથી ચાર ધોરણ સુધીનું જ છે. પાંચથી ઉપર માત્ર ૯ ટકા જ શિક્ષણ હતું. જ્યારે સ્ત્રી વર્ગમાં તો ૦.૮ ટકાનું જ હતું. હવે શિક્ષણ લઈ રહ્યાં છે તેવાં બાળકોનું શિક્ષણ જોવાથી ખ્યાલ આવશે કે અત્યારે હાલ કેટલાં બાળકો શિક્ષણ લેવા જાય છે. જો કે તેમાં પણ નિયમિત બાળકો શાળામાં જતાં નથી જેને પરિણામે સ્થગિતતા અને અપવ્યય પણ એટલો જ જોવા મળે છે.

જેને પરિણામે કુટુંબના સભ્યો ઘરની બહાર કે ગમે તે જગ્યાએ આશરો શોધી સૂવે છે. આ રીતે ઘરમાં અને બહાર પણ સંકડાશ હોય છે. જેને કારણે ગંદકી પણ વિશેષ થાય છે. જેને પરિણામે તેમનું આરોગ્ય બગડે છે.

સીદીઓ શહેરોમાં અન્ય જગ્યાએ રહેતા જોવા મળે છે. જેમાં તેઓની વસવાટ સીદી મહોલ્લાઓમાં જ નહીં પણ જુદી જુદી જ્ઞાતિઓ સાથેની છે. શહેરની સાંકડી ગલીઓમાં પાણી ગમે ત્યાં ઢોળેલું હોય પ્રકાશ પણ પૂરતા પ્રમાણમાં ન મળી રહે તેવી ગલીઓમાં રહેતા જોવા મળ્યા હતા.

(૨) ઘરોમાં સગવડોનો અભાવ :

મોટા ભાગના ભાડાના મકાનમાં અને નાના નાના ઘરોમાં રહેતા હોવાથી તેમજ ગરીબીમાં જીવન વ્યતીત કરતા હોવાથી ઘરોને મરામત કરાવી શકતા નથી, વિજળીની સગવડો પણ મોટા ભાગના ઘરોમાં નથી. પાણીના નળ પણ તમામ મોટા ભાગના ઘરોમાં નથી. તેઓ જાહેર નળ પરથી પાણી ભરે છે. જ્યાં પાણીની લેવાની અનેક જાતની મુશ્કેલીઓ નડે છે. તેમાંય પાણીના સ્ટેન્ડો આસપાસ ગંદકી પણ એટલી જ થાય છે. નાનાં નાનાં ઘરોને કારણે સુવાવડ જેવા પ્રસંગે અનેક પ્રકારની મુશ્કેલીઓ અનુભવે છે. નાના ઘરમાં અલગ વ્યવસ્થા થઇ શકતી ન હોવાથી તે જ ઓરડામાં કંતાન બાંધીને અલગ ભાગ ઉભો કરી પ્રસંગો પતાવે છે.

(૩) મજૂરીની સમસ્યા :

સીદીઓમાં શિક્ષણના અભાવને કારણે નોકરીઓ મેળવી શકતા નથી. જેથી મોટા ભાગના ટ્રકોના ડ્રાયવર, ટ્રકોમાં માલ સામાન ઉતારવા ચઢાવવાનું કામ, ખાનગી નોકર તરીકે, લારી ફેરવવાની કે કોઇ કોઇ રીક્ષા ચલાવવાની તેમજ સિનેમા ઘરોમાં ડોરકીપર તરીકેની જગ્યાએ કામ કરતા હોય છે. કારખાનામાં મજૂર તરીકેનું કામ કરે છે. આ અનેક પ્રકારના ધંધાઓ કરે છે જેમાં કાયમી રોજી પ્રાપ્ત થઇ શકતી નથી. નાનાં બાળકોને પણ આજીવિકાના કામમાં જોડાવું પડે છે. હોટલમાં કપ રકાબી ધોવા કે અન્ય જગ્યાએ કામ કરવા માટે મોકલે છે. જેને પરિણામે બાળકો શિક્ષણ લઇ શકતાં નથી. કેટલીક સ્ત્રીઓ કપડાં વાસણ કે કચરા પોતાનાં કામ કરી આર્થિક રીતે મદદ કરવાની પ્રવૃત્તિ કરે છે. જેમાં પણ ઘણું ઓછું પ્રાપ્ત કરે છે. જ્યારે કેટલીક સ્ત્રીઓ ઘરચોળાં ભરવાનું કામ કરે છે પણ પૈસાના અભાવે બીજા લોકો પર આધાર રાખી ઓછા પૈસામાં કામ કરી આપે છે.

શહેરોમાં વસતા સીદીઓ જીવનનિર્વાહ માટે અનેક પ્રકારના પ્રયત્નો કરતા હોવા છતાં જીવનનિર્વાહની પૂરતી રોજી પ્રાપ્ત કરી શકતા નથી. અને કામ શોધવા રખડવું પડે છે.

અભ્યાસ માટે રાજકોટ, ગોંડલ, જામનગર, જૂનાગઢ અને તળાજા શહેરોમાં વસતા કુલ ૨૨૦ કુટુંબોમાંથી ૧૧૦ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. આ અભ્યાસ દ્વારા તેમની જે સમ જાણવા મળી છે તે આ પ્રમાણે હતી :

સમસ્યાઓ :

સીદીઓ ગરીબીની સંસ્કૃતિમાં જીવન વિતાવે છે. આવી સંસ્કૃતિમાં પોતાના મૂળ પરંપરાગત ધંધાઓમાં વારંવાર પરિવર્તનો થતા રહે છે. જીવન ટકાવી રાખવા અનેક નવા ધંધાઓ તરફ તેઓએ જવું પડે છે. જેને કારણે ગરીબી ઘટવાને બદલે વધતી જાય છે. જેને પરિણામે આ ગરીબ સમાજ અન્ય સમાજોની હરોળમાં નીચે ઉતરતો જાય છે. જેને પરિણામે અનેક પ્રકારની સમસ્યાઓ તેઓને ઘેરી વળે છે. 'જેમ . દૂબળા ઢોરને બગાઇઓ વધુ' તેમ આવા સમાજોની સમસ્યાઓ વિકટ અને વિશેષ ઊભી થતી જાય છે. અને ધીમે ધીમે આવી સમસ્યાઓ સામે પોતાનો સમાજ અને અન્ય સમાજો એક નવું દર્શન ઊભું કરી દે છે કે આ રીતે જ જીવાય, આમની સારી સ્થિતિ હોઇ શકે જ નહીં, સીદીઓને આવાં જ ઘરો હોય, બાદશાહો છે, આળસુ છે. તેમને શિક્ષણની શું જરૂર છે. વગેરે અનેક પ્રકારનાં દર્શનો ઊભાં થાય છે. તેમાંથી કેટલીક પરંપરાઓ આવા સમાજ માટે રૂઢ બની જાય છે. તેમજ સમગ્ર સમસ્યાઓને કોઠે પાડતા જાય છે. પણ બૃહદ સમાજોના સંદર્ભમાં વિચારીએ તો આવી સમસ્યાઓને બહાર લાવવી જોઇએ. આવી સમસ્યાઓમાં બહાર ન નીકળે ત્યાં સુધી ગરીબીની સંસ્કૃતિના વર્તુળમાંથી બહાર આવી શકે નહીં. આ માટે તેમની જે સમસ્યાઓ છે તેનો વિચાર કરવો જોઇએ તો જ તેમના વિકાસ વિશે સમજી શકાય.

૧. રહેઠાણની સમસ્યા :

ગ્રામ્ય વિસ્તારમાં વસતા સીદીઓ કરતાં શહેરી વિસ્તારમાં વસતા સીદીઓની રહેઠાણની સમસ્યા ખૂબ જ વિકટ છે કારણ કે શહેરના ગંદા વિસ્તારોમાં તેમનો વસવાટ છે. તેમજ મોટા ભાગના પોતાની માલિકીનાં ઘરો ધરાવતા નથી. જેને લીધે શહેરોમાં જ્યાં અને જેવું સસ્તા ભાડાનું કોઇ પણ જાતની સગવડો વિનાનું ઘર ભાડે રાખી તેમાં રહેતા જોવા મળ્યા હતા. તેમાંયે આ ઘરોમાં મોટા ભાગનાં જિર્ણ હાલતમાં હતાં. વરસાદને કારણે કેટલાંક ઘરોની દીવાલોનો ભાગ પડી ગયેલો હોય, દીવાલોમાં તીરાડો પડી હોય જે ઘરોનું સમારકામ માલિકો કરાવતા નથી અને પોતે કરી શકતો નથી. તેથી મજબૂરીથી તે ઘરમાં પોતાના કુટુંબ સાથે રહે છે. તેમાંયે ચોમાસામાં ઘરમાં પાણી પડતું હોય, ઘરવખરી ભીંજાતી હોય, પોતે અને બાળકો પણ ભીંજાતાં હોય તેવી પરિસ્થિતિનાં દર્શન થયાં હતાં. તેમાંયે મોટા ભાગનાં ઘરો માત્ર એક જ ખંડવાળાં જોવા મળ્યાં હતાં. જે ખંડમાં ૧૦થી ૧૭ વ્યક્તિઓ સુધીના સભ્યો નિવાસ કરે છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગ્રામ્ય વસ્તી | શહેરી વસ્તી | કુલ વસ્તી |
|---|---|---|---|---|---|
| ૫. | જામનગર | જામનગર | ૨૩ | ૩૪૫ | ૩૬૮ |
| | | ભવાન | - | ૧૨ | ૧૨ |
| | | કલ્યાણપુર | ૯૯ | - | ૯૯ |
| | | ઓખામંડળ | ૧૪ | ૫૯ | ૭૩ |
| | | ખંભાળિયા | ૩૭ | - | ૩૭ |
| | | ધારોલ ધ્રોલ | ૬ | ૨૮ | ૩૪ |
| | કુલ | | ૧૭૯ | ૪૪૪ | ૬૨૩ |
| ૬. | જૂનાગઢ | જૂનાગઢ | ૮ | ૯૦ | ૯૮ |
| | | તલાલા | ૨૦૧૪ | ૫૩૩ | ૨૫૪૭ |
| | | વેરાવળ(પાટણ) | ૧૦૦ | ૩૩ | ૧૩૩ |
| | | માળિયા(હાટિના) | - | ૧ | ૧ |
| | | માંગરોળ | ૧ | ૩ | ૪ |
| | | માણાવદર | - | ૧ | ૧ |
| | | ઉના | ૧૬૩ | ૭ | ૧૭૦ |
| | કુલ | | ૨૨૮૬ | ૬૬૮ | ૨૯૫૪ |
| | બધા જિલ્લાની કુલ | | ૨૮૨૨ | ૧૬૬૦ | ૪૪૮૨ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સીદી આદિવાસીઓની વધતી ઓછી વસ્તી ધરાવતા ૬ જિલ્લાઓના ૩૭ તાલુકા છે જેમાં ગ્રામ્ય વસ્તી ૨૪ અને શહેરી વસ્તી ૨૭ તાલુકાઓમાં જોવા મળે છે.

ગ્રામ્ય વિસ્તારમાં વસતા સીદીઓ કરતાં શહેરોમાં વસતા સીદીઓની સમસ્યાઓ અનેકગણી વધારે તથા મુશ્કેલ છે. શહેરોમાં નાના નાનાં ઘરોમાં ગંદી વસાહતોમાં નિવાસ કરતા હોય છે. જયાં પાણી, સંડાસ, પાણીના નિકાલની પૂરતી વ્યવસ્થા નહીં હોવાને કારણે ગંદકીભર્યું વાતાવરણ, નહાવા-ધોવાની અલાયદી સગવડ નહીં હોવાને કારણે ઉભી થતી મુશ્કેલીઓ, નાનાં ઘરોમાં અનેક વ્યક્તિઓનો સમાવેશ કરવાની, કામધંધાની શોધ, અપૂરતું વેતન વગેરે અનેક સમસ્યાઓ વચ્ચે જીવન જીવતા હોય છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગ્રામ્ય વસ્તી | શહેરી વસ્તી | કુલ વસ્તી |
|---|---|---|---|---|---|
| ૨. | સુરેન્દ્રનગર | વઢવાણ | - | ૫ | ૫ |
| | | લીમડી | ૬ | - | ૬ |
| | | હળવદ | ૪ | - | ૪ |
| | | ધ્રાંગધ્રા | - | ૨ | ૨ |
| | | લખતર | - | ૪ | ૪ |
| | કુલ | | ૧૦ | ૧૧ | ૨૧ |
| ૩. | રાજકોટ | રાજકોટ | - | ૯૬ | ૯૬ |
| | | કોટડા સાંગાણી | ૨ | - | ૨ |
| | | ગોંડલ | - | ૨૦૬ | ૨૦૬ |
| | | જેતપુર | - | ૭ | ૭ |
| | | ધોરાજી | - | ૫૮ | ૫૮ |
| | | ઉપલેટા | ૨૫ | ૨૧ | ૪૬ |
| | | માળિયા | ૪ | - | ૪ |
| | | વાંકાનેર | ૫ | ૨૮ | ૩૩ |
| | કુલ | | ૩૬ | ૪૧૬ | ૪૫૨ |
| ૩. | ભાવનગર | ભાવનગર | - | ૪૧ | ૪૧ |
| | | ઘોઘા | - | ૩ | ૩ |
| | | તળાજા | ૪ | - | ૪ |
| | | મહુવા | ૧૨ | ૩૯ | ૫૧ |
| | | શિહોર | ૧૧ | ૯ | ૨૦ |
| | | બોટાદ | ૫ | ૧ | ૬ |
| | કુલ | | ૩૨ | ૯૩ | ૧૨૫ |

સીદીઓની ગ્રામ્ય અને શહેરી વસ્તીની ટકાવારી

| ક્રમ | જિલ્લો | ગ્રામ્ય વસ્તી | શહેરી વસ્તી |
|---|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૭૭.૪ | ૨૨.૬ |
| ૨. | જામનગર | ૨૮.૭ | ૭૧.૩ |
| ૩. | રાજકોટ | ૮.૦ | ૯૨.૦ |
| ૪. | અમરેલી | ૯૦.૯ | ૯.૧ |
| ૫. | ભાવનગર | ૨૫.૬ | ૭૪.૪ |
| ૬. | સુરેન્દ્રનગર | ૪૭.૬ | ૫૨.૪ |
| | કુલ | ૬૩.૦ | ૩૭.૦ |

ગુજરાતમાં માત્ર સૌરાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં સીદી આદિવાસીઓની વસ્તી છે. જેમાંથી ચાર જિલ્લાઓ જામનગર, રાજકોટ, ભાવનગર અને સુરેન્દ્રનગરના શહેરી વિસ્તારોમાં તો ૫૨ ટકાથી ૯૨ ટકા સુધીની કુલ સીદી વસ્તીમાંથી જોવા મળે છે. સીદીઓની ગ્રામ્ય અને શહેરી વસ્તીની સંખ્યા નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણેની હતી.

સીદી આદિવાસીઓની વસ્તી( ૧૯૭૧)

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગ્રામ્ય વસ્તી | શહેરી વસ્તી | કુલ વસ્તી |
|---|---|---|---|---|---|
| ૧. | અમરેલી | અમરેલી | ૧ | - | ૧ |
| | | રાજુલા | ૧૦૪ | - | ૧૦૪ |
| | | કોડિનાર | ૮૪ | ૧૭ | ૧૦૧ |
| | | કુકાવાવ | ૯૦ | - | ૯૦ |
| | | લાઠી | - | ૧૧ | ૧૧ |
| | | કુલ | ૨૭૯ | ૨૮ | ૩૦૭ |

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી
૨૧, જાન્યુઆરી ૧૯૮૪

## શહેરોમાં વસતા સીદીઓની સમસ્યાઓ

- ગૌરીશ પંડ્યા

ગુજરાતમાં આદિવાસીઓની યાદીમાં મૂકેલ સીદીઓ જૂનાગઢ, અમરેલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાઓમાં વસે છે. આ સિવાય બીજા વિસ્તારોમાં વસતા સીદીઓને અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવેલ નથી. એમને બક્ષીપંચ સૂચિત આર્થિક રીતે પછાતવર્ગની જાતિઓની યાદીમાં મૂકવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે કચ્છ, દીવ, અમદાવાદ, ભરૂચ અને સુરત જિલ્લાઓમાં તેમની વસ્તી છે.

ગુજરાત રાજ્યમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે સીદી આદિવાસીઓ કુલ આદિવાસીઓમાં માત્ર ૦.૧૪% હતા. તેમાં શહેરી વિસ્તારોમાં વસતા સીદીઓનું પ્રમાણ ૩૭.૦%નું હતું. 'બાદશાહ' હબામણા નામે સીદીઓ ઓળખાય છે.

ગુજરાતના આદિવાસીઓમાં માત્ર નિગ્રોટો પ્રજાતીય તત્ત્વો ધરાવતી અને મુસ્લીમ ધર્મી જાતિ છે. જે મૂળ આફ્રિકાથી આવી ભારતમાં વસ્યા છે. ભારતમાં તેમના વસવાટ અંગે અનેક પ્રકારની લોકવાયકાઓ અને જુદા જુદા મતમતાંતરો જોવા મળે છે. પણ તેમાં મુખ્યત્વે બાબતનો એબિસિનિયા અને પૂર્વ આફ્રિકાના અન્ય દેશોમાંથી ભારતના પશ્ચિમ કિનારે સીદીઓને ગુલામ કે વફાદાર નોકર તરીકે વેપારીઓ લાવ્યા હતા. આ મત સાથે મોટા ભાગના વિદ્વાનો સંમત થાય છે. ગુજરાતમાં સીદીઓનો વસવાટ લગભગ ચારસો પાંચસો વર્ષ જૂનો મનાય છે. તેમાંય ગુજરાતમાં સીદીઓની વધુ વસ્તી ગીરના જંગલોવાળા ભાગમાં છે. આ વિસ્તાર અને આફ્રિકાનો વિસ્તાર ભૌગોલિક વાતાવરણની દૃષ્ટિએ સરખા હશે કારણ કે સિંહ આફ્રિકા અને ગીરનાં જંગલો સિવાય ક્યાંય જોવા મળતા નથી. જેથી આફ્રિકાથી આવેલ સીદીઓને ગીરની ભૂમિમાં પોતાપણું લાગ્યું હશે અને વધુ પડતા ત્યાં વસ્યા હશે. પણ ધીરે ધીરે આજીવિકાની મુશ્કેલીઓ ઊભી થતાં શહેરો તરફ ગતિ કરી હોવી જોઈએ. આ જાતિ પૂરેપૂરી વફાદાર તેમજ સશક્ત શરીર સૌષ્ઠવ ધરાવે છે અને જેને પરિણામે શહેરોમાં ગમે તે પ્રકારનાં કામો દ્વારા આજીવિકા પ્રાપ્ત કરવા આવીને વસ્યા હશે. તેમાંય મોટા ભાગના ટ્રકોમાં ડ્રાયવર, તેમજ ટ્રકોમાંથી માલ ચઢાવવા ઉતારવાનું કામ કરે છે. તેમની વસ્તી મુખ્યત્વે નીચાં શહેરી વિસ્તારોમાં જોવા મળે છે.

કાર્યોષ્ઠી

ાડયા

લી, રાજકોટ,

વિસ્તારોમાં વસતા

ચિત્ત આર્થિક રીત

, અમદાવાદ, ભરૂચ

ાઓ ડુલ આદિવાસીઓમ

ણું હતું. 'બાદશાહ'

અને મુસ્લીમ ધર્મી

ઓ અનેક પ્રકારની

ાળકો અબિસિનિયા

ડ રહ્યુ નોકર

ાય . ગુજરાતમાં

નમાં સીદીઓ. ો

ભૌગોલિક

લાયુ કયાંય

લાગે હશે અને

શ ો તરફ

ડવ

ાપ્ત કરવા

ચઢાવવા

ે છે.

## કોઠા-૪

જિલ્લાવાર અને જાતિવાર કુલ શહેરી વસ્તી અને આદિવાસી શહેરી વસ્તી તથા શિક્ષણનું પ્રમાણ

| જિલ્લો | ગુજરાતની શહેરી વસ્તી | | અનુસૂચિત જનજાતિની વસ્તી | | અક્ષરજ્ઞાન | |
|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ગુજરાત | ૫૨.૫૦ | ૪૭.૫૦ | ૫૨.૭૯ | ૪૭.૨૧ | ૬૦.૩૧ | ૩૧.૨૬ |
| જામનગર | ૫૧.૭૨ | ૪૮.૨૮ | ૫૧.૦૨ | ૪૮.૯૮ | ૫૪.૦૭ | ૨૮.૮૬ |
| રાજકોટ | ૫૧.૫૧ | ૪૮.૪૯ | ૫૩.૦૧ | ૪૬.૯૯ | ૬૧.૪૨ | ૪૯.૮૮ |
| સુરેન્દ્રનગર | ૫૨.૦૧ | ૪૭.૯૯ | ૫૩.૫૩ | ૪૬.૪૭ | ૫૬.૩૪ | ૨૫.૯૩ |
| ભાવનગર | ૫૧.૫૪ | ૪૮.૪૬ | ૫૧.૨૦ | ૪૮.૮૦ | ૫૬.૨૯ | ૩૬.૩૩ |
| અમરેલી | ૫૧.૧૮ | ૪૮.૮૨ | ૪૯.૭૯ | ૫૦.૨૧ | ૫૪.૬૧ | ૪૯.૭૯ |
| જૂનાગઢ | ૫૧.૨૮ | ૪૮.૭૨ | ૪૮.૨૯ | ૫૨.૭૧ | ૫૪.૬૮ | ૨૮.૫૯ |
| કચ્છ | ૫૧.૯૨ | ૪૮.૦૮ | ૫૧.૮૭ | ૪૮.૧૩ | ૫૪.૨૦ | ૯.૪૬ |
| બનાસકાંઠા | ૫૧.૭૬ | ૪૮.૨૪ | ૫૨.૫૩ | ૪૭.૪૭ | ૫૧.૦૮ | ૧૯.૪૨ |
| સાબરકાંઠા | ૫૩.૩૮ | ૪૬.૬૨ | ૬૪.૦૬ | ૩૫.૯૪ | ૪૭.૭૪ | ૩૯.૦૬ |
| મહેસાણા | ૫૧.૫૨ | ૪૮.૪૮ | ૫૨.૩૯ | ૪૭.૬૧ | ૫૯.૦૪ | ૨૫.૬૫ |
| ગાંધીનગર | ૫૩.૮૪ | ૪૬.૧૬ | ૫૯.૯૨ | ૪૦.૮ | ૬૬.૮૬ | ૪૪.૦૦ |
| અમદાવાદ | ૫૩.૩૬ | ૪૬.૬૪ | ૫૪.૬૨ | ૪૫.૩૮ | ૬૨.૭૩ | ૪૦.૧૪ |
| ખેડા | ૫૨.૧૭ | ૪૭.૮૩ | ૫૪.૩૨ | ૪૫.૬૮ | ૬૨.૨૨ | ૧૮.૨૧ |
| પંચમહાલ | ૫૧.૫૪ | ૪૮.૪૬ | ૫૨.૧૫ | ૪૭.૮૫ | ૫૯.૯૯ | ૨૬.૨૬ |
| વડોદરા | ૫૨.૮૧ | ૪૭.૧૯ | ૬૬.૮૩ | ૩૩.૧૭ | ૬૬.૭૫ | ૨૯.૪૨ |
| ભરૂચ | ૫૨.૧૨ | ૪૭.૮૮ | ૫૨.૨૬ | ૪૭.૭૪ | ૬૦.૯૧ | ૨૪.૩૪ |
| સુરત | ૫૪.૦૧ | ૪૫.૯૯ | ૫૨.૩૧ | ૪૭.૬૯ | ૫૯.૪૧ | ૩૧.૦૬ |
| વલસાડ | ૫૨.૭૩ | ૪૭.૨૭ | ૫૨.૧૮ | ૪૭.૮૨ | ૬૩.૨૧ | ૩૭.૮૬ |
| ડાંગ | - | - | - | - | - | - |

કોઠા-૩ ચાલુ

ગુજરાત
જામનગર
રાજકોટ
સુરેન્દ્રનગર
ભાવનગર
અમરેલી
જૂનાગઢ
કચ્છ
બનાસકાંઠા
સાબરકાંઠા
મહેસાણા
ગાંધીનગર
અમદાવાદ
ખેડા
પંચમહાલ
વડોદરા
ભરૂચ
સુરત
વલસાડ
ડાંગ

| તું પ્રમાણ |
|---|
| સાક્ષરજ્ઞાન |
| સ્ત્રી |
| ૩૧.૨૬ |
| ૨૮.૮૬ |
| ૪૯.૮૮ |
| ૨૫.૯૩ |
| ૩૬.૩૩ |
| ૪૯.૭૯ |
| ૨૮.૫૯ |
| ૯.૪૬ |
| ૧૯.૪૨ |
| ૩૯.૦૬ |
| ૨૫.૬૫ |
| ૪૪.૦૦ |
| ૪૦.૧૪ |
| ૧૮.૨૧ |
| ૨૬.૨૬ |
| ૨૯.૪૨ |
| ૨૪.૩૪ |
| ૩૧.૦૬ |
| ૩૭.૮૬ |
| - |

કોઠો-૩ ચાલુ વૃદ્ધિદર

| | ૧૯૬૧-૭૧નો વૃદ્ધિ દર | | | ૧૯૭૧-૮૧નો વૃદ્ધિ દર | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી |
| ગુજરાત | ૩૫.૫૮ | ૩૪.૦૪ | ૬૪.૭૫ | ૨૯.૮૩ | ૨૮.૧૩ | ૫૬.૧૯ |
| જામનગર | -૨૦.૫૦ | -૩૦.૨૪ | ૫૦.૬૧ | ૫૭.૮૭ | ૪૮.૨૮ | ૯૦.૩૧ |
| રાજકોટ | ૭૪.૪૮ | -૨૨.૯૫ | ૯૨.૬૬ | ૪૬૭.૦૬ | ૧૮૭૮.૭૨ | ૩૬૧.૭૪ |
| સુરેન્દ્રનગર | ૫૨.૬૨ | ૬૩.૨૩ | -૮૧.૦૩ | ૨૩.૯૦ | ૧૪.૯૩ | ૯૯૫.૪૫ |
| ભાવનગર | ૧૪૨.૬૭ | ૭૨૫.૦૦ | ૧૦૯.૮૬ | ૧૨૩૫.૭૧ | ૨૪૭૮.૭૮ | ૯૬૦.૪૦ |
| અમરેલી | ૭૧.૬૬ | ૫૬.૭૪ | ૩૬૬.૬૭ | ૧૩૯.૨૫ | ૯૦.૩૨ | ૪૬૪.૨૮ |
| જૂનાગઢ | ૨૨.૦૮ | ૧૯.૪૧ | ૫૪.૧૧ | ૨૯.૨૯ | ૨૦.૮૦ | ૧૦૮.૩૧ |
| કચ્છ | ૧૪.૩૬ | ૧૯.૩૧ | ૬૦.૬૧ | ૫૬.૭૬ | ૫૫.૫૩ | ૬૩.૩૦ |
| બનાસકાંઠા | ૪૭.૫૯ | ૪૬.૯૯ | ૬૫.૨૫ | ૪૩.૯૫ | ૪૩.૭૬ | ૪૮.૯૫ |
| સાબરકાંઠા | ૩૯.૫૭ | ૩૮.૭૮ | ૨૬..૯૮ | ૪૦.૪૫ | ૩૯.૫૬ | ૧૩૩.૧૯ |
| મહેસાણા | ૧૨૧.૪૮ | ૪૬૦.૭૧ | ૨૮.૦૧ | -૭.૮૫ | -૫૬.૮૬ | ૫૧.૫૨ |
| ગાંધીનગર | - | - | - | ૩૧૧.૮૨ | ૫૪.૦૧ | ૮૪૬.૯૭ |
| અમદાવાદ | ૭૧.૯૦ | -૧૬.૭૬ | ૧૩૭.૪૩ | ૫૪.૭૮ | ૧૩૨.૦૩ | ૩૪.૭૭ |
| ખેડા | ૪૪.૫૯ | ૪૫.૨૮ | ૪૧.૩૯ | ૭૬.૪૬ | ૬૩.૮૭ | ૧૩૮.૩૭ |
| પંચમહાલ | ૪૧.૬૩ | ૩૯.૫૦ | ૫૫૨.૭૨ | ૩૬.૦૩ | ૩૬.૨૭ | ૨૯.૧૦ |
| વડોદરા | ૪૪.૬૪ | ૪૩.૫૩ | ૬૩.૪૦ | ૩૭.૦૪ | ૩૪.૧૬ | ૧૦૫.૨૦ |
| ભરૂચ | ૩૧.૨૫ | ૩૦.૬૯ | ૪૩.૦૮ | ૧૮.૫૮ | ૧૭.૭૨ | ૩૫.૩૦ |
| સુરત | ૩૧.૭૬ | ૨૯.૪૩ | ૭૧.૮૯ | ૨૫.૪૩ | ૨૩.૧૬ | ૫૪.૮૩ |
| વલસાડ | ૩૦.૦૬ | ૨૯.૨૩ | ૪૦.૩૯ | ૨૪.૭૭ | ૨૨.૫૯ | ૪૯.૭૬ |
| ડાંગ | ૩૨.૯૦ | ૩૨.૯૦ | - | ૧૯.૧૯ | ૧૯.૧૯ | - |

કોઠા-૩

## ગુજરાતની જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી અને વૃદ્ધિ દર

| ક્રમ | જિલ્લો | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | | ૧૯૮૧ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી |
| ૧ | ગુજરાત | ૨૭૫૪૪૪૬ | ૨૬૧૬૪૯૬ | ૧૩૭૯૫૦ | ૩૭૩૪૪૨૨ | ૩૫૦૭૧૫૨ | ૨૨૭૨૭૦ | ૪૮૪૮૫૮૬ | ૪૪૯૩૬૧૨ | [illegible] |
| | જામનગર | ૩૪૧૦ | ૨૯૯૯ | ૪૧૧ | ૨૭૧૧ | ૨૦૯૨ | ૬૧૯ | ૪૨૮૦ | ૩૧૦૨ | [illegible] |
| | રાજકોટ | ૩૮૮ | ૬૧ | ૩૨૭ | ૬૭૭ | ૪૭ | ૬૩૦ | ૩૮૩૯ | ૯૩૦ | [illegible] |
| | સુરેન્દ્રનગર | ૩૧૫૩ | ૨૯૨૧ | ૨૩૨ | ૪૮૧૨ | ૪૭૬૮ | ૪૪ | ૫૯૬૨ | ૫૪૮૦ | [illegible] |
| | ભાવનગર | ૭૫ | ૪ | ૭૧ | ૧૮૨ | ૩૩ | ૧૪૯ | ૨૪૩૧ | ૮૫૧ | [illegible] |
| | અમરેલી | ૧૮૭ | ૧૭૮ | ૯ | ૩૨૧ | ૨૭૯ | ૪૨ | ૭૬૮ | ૫૩૧ | [illegible] |
| | જૂનાગઢ | ૬૮૦૩ | ૬૨૮૦ | ૫૨૩ | ૮૩૦૫ | ૭૪૯૯ | ૮૦૬ | ૧૦૭૩૮ | ૯૦૫૯ | [illegible] |
| | કચ્છ | ૩૨૪૭૧ | ૨૮૫૦૩ | ૩૯૬૮ | ૪૦૩૮૧ | ૩૪૦૦૮ | ૬૩૭૩ | ૬૩૩૦૧ | ૫૨૮૯૪ | [illegible] |
| | બનાસકાંઠા | ૫૨૬૮૫ | ૫૦૯૪૭ | ૧૭૩૮ | ૭૭૭૫૮ | ૭૪૮૮૬ | ૨૮૭૨ | ૧૧૧૯૩૬ | ૧૦૭૬૫૮ | [illegible] |
| | સાબરકાંઠા | ૧૨૮૦૮૫ | ૧૨૭૬૧૬ | ૪૬૯ | ૧૭૮૮૦૪ | ૧૭૭૧૧૧ | ૧૬૯૩ | ૨૫૧૧૨૭ | ૨૪૭૧૭૯ | [illegible] |
| | મહેસાણા | ૪૧૨૫ | ૮૯૧ | ૩૨૩૪ | ૯૧૩૬ | ૪૯૯૬ | ૪૧૪૦ | ૮૪૧૯ | ૨૧૫૫ | [illegible] |
| | ગાંધીનગર | - | - | - | ૪૦૬ | ૨૭૪ | ૧૩૨ | ૧૬૭૨ | ૪૨૨ | [illegible] |
| | અમદાવાદ | ૧૨૨૧૫ | ૫૧૯૧ | ૭૦૨૪ | ૨૦૯૯૮ | ૪૩૨૧ | ૧૬૬૭૭ | ૩૨૫૦૧ | ૧૦૦૨૬ | [illegible] |
| | ખેડા | ૧૭૪૮૦ | ૧૪૩૮૫ | ૩૦૯૫ | ૨૫૨૭૫ | ૨૦૮૯૯ | ૪૩૭૬ | ૪૪૬૭૮ | ૩૪૨૪૭ | [illegible] |
| | પંચમહાલ | ૫૦૩૨૧૪ | ૪૯૩૭૩૩ | ૯૪૮૧ | ૭૧૨૭૧૩ | ૬૮૮૭૫૨ | ૨૩૯૬૧ | ૯૬૯૫૨૩ | ૯૩૮૫૯૦ | [illegible] |
| | વડોદરા | ૩૨૭૦૯૨ | ૩૧૬૨૬૪ | ૧૧૭૨૮ | ૪૭૩૧૧૭ | ૪૫૩૯૫૩ | ૧૯૧૬૪ | ૬૪૮૩૭૨ | ૬૦૯૦૪૭ | [illegible] |
| | ભરૂચ | ૩૭૦૯૭૧ | ૩૫૪૨૨૪ | ૧૬૭૪૭ | ૪૮૬૯૦૧ | ૪૬૨૯૩૯ | ૨૪૯૬૨ | ૫૭૭૩૯૩ | ૫૪૪૯૭૧ | [illegible] |
| | સુરત | ૬૨૮૧૪૪ | ૫૯૩૬૩૨ | ૩૪૫૧૨ | ૮૨૭૬૮૨ | ૭૬૮૩૫૯ | ૫૯૩૨૩ | ૧૦૩૮૨૦૦ | ૯૪૬૩૪૭ | [illegible] |
| | વલસાડ | ૫૯૬૮૧૫ | ૫૫૨૪૩૪ | ૪૪૩૮૧ | ૭૭૬૨૧૫ | ૭૧૩૯૦૮ | ૬૨૩૦૭ | ૯૬૮૫૧૮ | ૮૭૫૨૦૫ | [illegible] |
| | ડાંગ | ૬૬૨૩૩ | ૬૬૨૩૩ | - | ૮૮૦૨૮ | ૮૮૦૨૮ | - | ૧૦૪૯૧૮ | ૧૦૪૯૧૮ | - |

કોઠો-૨

રાતની જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (ટકામાં)

| જિલ્લાનું નામ | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
|---|---|---|---|---|
| | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી |
| ગુજરાત | ૯૩.૯૧ | ૬.૦૯ | ૯૨.૬૮ | ૭.૩૨ |
| જામનગર | ૭૭.૧૭ | ૨૨.૮૩ | ૭૨.૪૮ | ૨૭.૫૨ |
| રાજકોટ | ૬.૯૪ | ૯૩.૦૬ | ૨૪.૨૩ | ૭૫.૭૭ |
| સુરેન્દ્રનગર | ૯૯.૦૮ | ૦.૯૨ | ૯૧.૯૧ | ૮.૦૯ |
| ભાવનગર | ૧૮.૧૩ | ૮૧.૮૭ | ૩૫.૦૧ | ૬૪.૯૯ |
| અમરેલી | ૮૬.૯૧ | ૧૩.૦૯ | ૬૯.૧૪ | ૩૦.૮૫ |
| જૂનાગઢ | ૯૦.૩૦ | ૯.૭૦ | ૮૪.૩૬ | ૧૫.૬૪ |
| કચ્છ | ૮૪.૨૨ | ૧૫.૭૮ | ૮૩.૫૬ | ૧૬.૪૪ |
| સાબરકાંઠા | ૯૯.૦૫ | ૦.૯૫ | ૯૮.૪૩ | ૧.૫૭ |
| બનાસકાંઠા | ૯૬.૩૧ | ૩.૬૯ | ૯૬.૧૮ | ૩.૮૨ |
| મહેસાણા | ૫૪.૬૮ | ૪૫.૩૨ | ૨૫.૬૦ | ૭૪.૪૦ |
| ગાંધીનગર | ૬૭.૪૯ | ૩૨.૫૧ | ૨૫.૨૪ | ૭૪.૭૬ |
| અમદાવાદ | ૨૦.૫૮ | ૭૯.૪૨ | ૩૦.૮૫ | ૬૯.૧૫ |
| ખેડા | ૮૨.૬૯ | ૧૭.૩૧ | ૭૬.૬૫ | ૨૩.૩૫ |
| પંચમહાલ | ૯૬.૬૪ | ૩.૩૬ | ૯૬.૮૧ | ૩.૧૯ |
| વડોદરા | ૯૫.૯૫ | ૪.૦૫ | ૯૩.૯૩ | ૬.૦૭ |
| ભરૂચ | ૯૫.૦૮ | ૪.૯૨ | ૯૪.૩૮ | ૫.૬૨ |
| સુરત | ૯૨.૮૩ | ૭.૧૭ | ૯૧.૧૫ | ૮.૮૫ |
| વલસાડ | ૯૧.૯૭ | ૮.૦૩ | ૯૦.૩૭ | ૯.૬૩ |
| ડાંગ | ૧૦૦.૦૦ | - | ૧૦૦.૦૦ | - |

ગુજરાતની કુલ વસ્તી અને અનુસૂચિત જનજાતિની વસ્તી

| વર્ષ | ગુજરાતની કુલ વસ્તી | | | | | | ગુજરાતની અનુસૂચિત જનજાતિની વસ્તી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | વૃદ્ધિદર | ગ્રામ્ય | વૃદ્ધિદર | શહેરી | વૃદ્ધિદર | કુલ | વૃદ્ધિદર | ગ્રામ્ય | વૃદ્ધિદર | શહેરી | વૃદ્ધિદર |
| ૧૯૬૧ | ૨૦૬૩૩૩૫૦ | - | ૧૫૩૧૬૭૨૬ | - | ૫૩૧૬૬૨૪ | - | ૨૭૫૪૪૪૬ | - | ૨૬૧૬૪૬૩ | - | ૧૩૭૯૮૩ | - |
| | (૧૦૦.૦૦) | | (૭૪.૨૩) | | (૨૫.૭૭) | | (૧૦૦.૦૦) | | (૯૪.૯૯) | | (૫.૦૧) | |
| ૧૯૭૧ | ૨૬૬૯૭૪૭૫ | ૨૯.૩૯ | ૧૯૨૦૦૯૭૫ | ૨૫.૩૬ | ૭૪૯૬૫૦૦ | ૪૧.૦૦ | ૩૭૩૪૪૨૨ | ૩૫.૫૮ | ૩૫૦૭૧૫૨ | ૩૪.૦૪ | ૨૨૭૨૭૦ | ૬૪.૭૫ |
| | (૧૦૦.૦૦) | | (૭૧.૯૨) | | (૨૮.૦૮) | | (૧૦૦.૦૦) | | (૯૩.૯૧) | | (૬.૦૯) | |
| ૧૯૮૧ | ૩૪૦૮૫૭૯૯ | ૨૭.૬૭ | ૨૩૪૮૪૧૪૬ | ૨૨.૩૧ | ૧૦૬૦૧૬૫૩ | ૪૧.૪૨ | ૪૮૪૮૫૮૬ | ૨૯.૮૩ | ૪૪૯૩૬૧૨ | ૨૮.૧૩ | ૩૫૪૯૭૪ | ૫૬.૧૯ |
| | (૧૦૦.૦૦) | | (૬૮.૯૦) | | (૩૧.૧૦) | | (૧૦૦.૦૦) | | (૯૨.૬૮) | | (૭.૩૨) | |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડાઓ શહેરી અને ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ દર્શાવે છે.

સ્થળાંતર થયેલા આદિવાસી કુટુંબો પોતાનાં બાળકોને શિક્ષણ આપી ન શક્યા હોય.

૮. સામાન્ય વસ્તી કરતાં આદિવાસી વસ્તીમાં પુરુષ અને સ્ત્રીઓ બંનેમાં કામ કરનારાઓની સંખ્યા વિશેષ જોવા મળી.

૯. સ્ત્રીઓની સંખ્યા તો સામાન્ય સ્ત્રીઓની સંખ્યા કરતાં ત્રણગણી કામ કરનારમાં જોવા મળી. આમ આદિવાસી સમાજમાં સ્ત્રીઓને પણ કામ કરવું જ પડતું હોય છે. તેવું કહી શકાય.

કામ કરનાર વસ્તી :

સામાન્ય શહેરી વસ્તીમાં પુરુષોમાં કામ કરનારા ૪૮.૫૭% છે જયારે સ્ત્રીઓમાં ૫.૮૦% છે. આદિવાસીઓની સ્થિતિ તપાસીએ તો જણાય છે કે શહેરી વસ્તીમાં આદિવાસી પુરુષ કામ કરનારાઓ ૫૪.૬૭% અને સ્ત્રીઓ ૧૭.૮૧% છે. આમ સામાન્ય વસ્તી કરતાં આદિવાસી વસ્તીમાં પુરુષ અને સ્ત્રીઓ બંનેમાં કામ કરનારાઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. સ્ત્રીઓની સંખ્યા તો સામાન્ય સ્ત્રીઓની વસ્તી કરતાં ત્રણગણી છે. આ આંકડાઓ બતાવે છે કે જીવનનિર્વાહ માટે આદિવાસી પુરુષ અને સ્ત્રીએ બંને ભાગીદાર બનવું પડે છે.

તારણો :

૧. છેલ્લા બંને દાયકા દરમ્યાન આદિવાસીઓની વસ્તી સામાન્ય વસ્તી કરતાં વધી છે. પરંતુ ૧૯૬૧-૭૧ના દાયકા દરમ્યાન આદિવાસી વસ્તીમાં (૩૫.૫૮%) જે વધારો થયો હતો તેની સરખામણીમાં ૧૯૭૧-૮૧માં આદિવાસી વસ્તીનો (૨૯.૮૩%) વધવાનો દર થોડો નીચો રહયો છે.

૨. જિલ્લાવાર અનુસૂચિત જનજાતિ ગ્રામ્ય કરતાં શહેરી વસ્તીમાં પ્રમાણ સૌથી વધુ રાજકોટ (૭૫.૭૭%), ગાંધીનગર (૭૪.૭૬%), મહેસાણા (૭૪.૪૦%) અને અમદાવાદમાં (૬૯.૧૫%) જોવા મળે છે. જયારે આ પ્રમાણ સૌથી ઓછું ગ્રામ્ય કરતાં શહેરી વસ્તીમાં સાબરકાંઠા (૧.૫૭%), પંચમહાલ (૩.૧૯%) અને બનાસકાંઠામાં (૩.૮૨%) છે.

૩. આદિવાસી ગણાતા આઠ જિલ્લાઓમાં શહેરી આદિવાસી વસ્તી કુલ વસ્તીના ૧૦% કરતાં ઓછી છે.

૪. શહેરી વસ્તીનો વધારો ૧૯૬૧-૭૧માં સૌથી વધુ પંચમહાલ (૫૫૨.૭૨%) અને અમરેલી જિલ્લામાં (૩૬૬.૬૭%) હતો.

૫. તેવી જ રીતે શહેરી વસ્તીનો વધારો ૧૯૭૧-૮૧માં સૌથી વધુ સુરેન્દ્રનગર (૯૯૫.૪૫%) અને ભાવનગર (૯૬૦.૪૦%) જિલ્લાઓમાં જોવા મળ્યો. આ વસ્તી વધારાનાં અનેક કારણો હોઇ શકે. કદાચ જન્મ પ્રમાણ વધ્યું હોય, મૃત્યુ પ્રમાણ ઘટયું હોય અથવા નવી જાતિઓને આદિવાસી તરીકે ગણવામાં આવી હોય.

૬. વડોદરા અને સાબરકાંઠા જિલ્લાઓમાં વસતા આદિવાસીઓમાં સ્ત્રીઓનું શહેરો તરફનું સ્થળાંતર ઓછું હશે એવું જોવા મળ્યું અથવા પુરુષોનું સ્થળાંતર વધુ હશે એવું જોવા મળ્યું.

૭. ખેડા અને કચ્છ જિલ્લાઓમાં સામાન્ય વસ્તી કરતાં આદિવાસી વસ્તીમાં સાક્ષરતા ઘણી જ ઓછી જોવા મળી. કદાચ શિક્ષણની સુવિધા ન મળી હોય અથવા ખેડા જિલ્લામાં બહારથી

ગાંધીનગર જિલ્લામાં શહેરી સામાન્ય પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૫૯.૯૨% છે અને ૪૦.૦૮% જોવા મળે છે. અમદાવાદ જિલ્લામાં શહેરી સામાન્ય પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૫૩.૩૬% અને ૪૬.૬૪% છે. જ્યારે આદિવાસી પુરુષ અને સ્ત્રીઓ અનુક્રમે ૫૪.૬૨% અને ૪૫.૩૮% છે. તેવી જ રીતે સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૫૩.૩૮% અને ૪૬.૬૨% છે. જ્યારે આદિવાસી પુરુષ અને સ્ત્રીઓની સંખ્યામાં મોટો તફાવત જોવા મળે છે. જે અનુક્રમે (પુરુષો) ૬૪.૦૬% અને (સ્ત્રીઓ)૩૫.૯૪% છે. આની જેમ વડોદરા જિલ્લામાં પણ સામાન્ય પુરુષ-સ્ત્રી અને આદિવાસી પુરુષ સ્ત્રીમાં મોટો તફાવત જોવા મળે છે. વડોદરા જિલ્લામાં સામાન્ય પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૫૨.૮૧% અને ૪૭.૧૯% છે. જ્યારે આદિવાસી પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૬૬.૮૩% અને ૩૩.૧૭% જોવા મળે છે. આમ આ ઉપરથી કહી શકાય કે વડોદરા અને સાબરકાંઠા જિલ્લાઓમાં વસતા આદિવાસીઓમાં સ્ત્રીઓનું શહેરો તરફનું સ્થળાંતર ઓછું હશે. અથવા પુરુષોનું સ્થળાંતર વધુ હશે.

શિક્ષણ :

શહેરોમાં વરાતા સામાન્ય લોકોનું તેમજ આદિવાસી વસ્તીનું શિક્ષણનું વર્ગીકરણ કરતાં જણાય છે કે સામાન્ય શહેરી વસ્તીમાં સાક્ષરતા ૬૦.૩૧% છે. જ્યારે શહેરી આદિવાસીઓમાં સાક્ષરતા (૩૧.૨૬%) અડધા જેટલી છે. જિલ્લાવાર શહેરી વસ્તીમાં સાક્ષરતા જોઇએ તો ગાંધીનગર જિલ્લામાં સામાન્ય વસ્તીમાં ૬૬.૮૬% છે, જ્યારે આદિવારી વસ્તીમાં ૪૪.૦૦% છે. ત્યાર પછી વડોદરા જિલ્લામાં સામાન્ય વસ્તીમાં ૬૬.૭૫% અને આદિવારી વસ્તીમાં ૨૯.૪૨% સાક્ષરતા છે. તેવી જ રીતે અમદાવાદ જિલ્લામાં સામાન્ય વસ્તીમાં ૬૨.૭૩% અને આદિવાસી વસ્તીમાં ૪૦.૧૪% સાક્ષરતા છે. સૌથી વધુ સાક્ષરતાનો તફાવત ખેડા અને કચ્છ જિલ્લાઓમાં સામાન્ય વસ્તી અને આદિવાસી વસ્તીમાં જોવા મળે છે. જે આ પ્રમાણે છે : ખેડા જિલ્લામાં સામાન્ય વસ્તીમાં સાક્ષરતા ૬૨.૨૨% છે અને આદિવાસી વસ્તીમાં ૧૮.૨૧% સાક્ષરતા છે. તેવી જ રીતે કચ્છ જિલ્લામાં સામાન્ય વસ્તીમાં સાક્ષરતા ૫૪.૨૦% અને આદિવાસી વસ્તીમાં ફક્ત ૯.૪૬% સાક્ષરતા જોવા મળે છે. આનાં કેટલાંક કારણો હોઇ શકે. જેવાં કે આદિવાસી બાળકોને શિક્ષણની સુવિધા ન મળી હોય અથવા ખેડા જિલ્લામાં સ્થળાંતર કરી આવેલાં આદિવાસી કુટુંબોને વારંવાર સ્થળાંતર થવાથી પોતાનાં બાળકોનું શિક્ષણ ન અપાતું હોય.

વસતા આદિવાસીઓનું પ્રમાણ ૬.૦૯% હતું. જે વધીને ૧૯૮૧માં ૭.૩૨% થયું હતું. ૧૯૬૧-૭૧ના દાયકા દરમ્યાન શહેરોમાં વસતા આદિવાસીઓનો વૃદ્ધિદર ૬૪.૭૫% હતો, જ્યારે ૧૯૭૧-૮૧ના દાયકા દરમ્યાન ૫૭.૧૯%નો હતો. આમ ૧૯૭૧-૮૧ના દાયકા દરમ્યાન શહેરોમાં આદિવાસીઓની વસ્તી ઓછી થઇ હતી.

જિલ્લાવાર અનુસૂચિત જનજાતિનું શહેરી વસ્તીનું વર્ગીકરણ તપાસતાં જણાય છે કે સૌથી વધુ વસ્તી અનુક્રમે રાજકોટ (૭૫.૭૭%), ગાંધીનગર (૭૪.૭૬%), મહેસાણા(૭૪.૪૦%), અને અમદાવાદ (૬૯.૧૫%) હતું. સૌથી ઓછી વસ્તી અનુક્રમે સાબરકાંઠા (૧.૫૭%), પંચમહાલ (૩.૧૯%) અને બનાસકાંઠા (૩.૮૨%) હતું. આદિવાસી આઠ જિલ્લાઓની પરિસ્થિતિ જોઇએ તો આ જિલ્લાઓમાં શહેરી આદિવાસી વસ્તીનું પ્રમાણ ૧૦% કરતાં ઓછું છે.

ગુજરાતમાં જિલ્લાવાર આદિવાસીઓની વસ્તી અને વૃદ્ધિદર અનુક્રમે કોઠા-૨ અને કોઠા-૩માં આપવામાં આવ્યો છે. કોઠા-૩માં આપવામાં આવેલી આંકડાકીય માહિતી પરથી જણાય છે કે શહેરી વસ્તીનો વધારો ૧૯૬૧-૭૧માં સૌથી વધુ પંચમહાલ (૫૫૨.૭૨%)માં હતો. બીજા નંબરે અમરેલી જિલ્લામાં (૩૬૬.૬૯%) હતો. જ્યારે સૌથી ઓછો વૃદ્ધિદર સુરેન્દ્રનગર જિલ્લામાં (-૮૧.૦૩%) હતો. ૧૯૭૧-૮૧માં સૌથી વધુ શહેરી વસ્તીનો વૃદ્ધિદર સુરેન્દ્રનગર જિલ્લામાં (૯૯૫.૪૫%) અને ભાવનગર જિલ્લામાં (૯૬૦.૪૦%) હતો. સુરેન્દ્રનગર જિલ્લામાં આદિવાસીઓની વસ્તી મોટે ભાગે વઢવાણ શહેરમાં હતી. તેવી જ રીતે ભાવનગર જિલ્લામાં મોટે ભાગે ભાવનગર, મહુવા, પાલીતાણા અને શિહોર શહેરોમાં હતી.

આઠ આદિવાસી જિલ્લાઓની શહેરી વસ્તીનું વર્ગીકરણ કરતાં જણાય છે કે ૧૯૬૧-૭૧માં પંચમહાલમાં વસ્તી વૃદ્ધિનો દર ૧૫૨.૭૨% જે ઘટીને ૧૯૭૧-૮૧માં ૨૯.૬૦% થયો. તેવી જ રીતે સુરત, સાબરકાંઠા, બનાસકાંઠા અને ભરૂચ જિલ્લાઓમાં શહેરી વસ્તીનો વૃદ્ધિદર ૧૯૬૧-૭૧ની સરખામણીમાં ૧૯૭૧-૮૧માં ઓછો રહ્યો છે. જ્યારે વલસાડ અને વડોદરા જિલ્લાઓમાં શહેરી આદિવાસી વસ્તીનો વૃદ્ધિદર વધ્યો છે. ડાંગમાં શહેરી વસ્તી જ નથી.

જિલ્લાવાર અને જાતિવાર શહેરી વસ્તીનું વર્ગીકરણ કરતાં જણાય છે કે સુરત જિલ્લામાં શહેરોમાં વસતા સામાન્ય પુરુષોની સંખ્યા ૫૪.૦૧% છે, તેવી જ રીતે સ્ત્રીઓની સંખ્યા ૪૫.૯૯% છે. જ્યારે આદિવાસી પુરુષોની સંખ્યા ૫૨.૩૧% અને આદિવાસી સ્ત્રીઓની સંખ્યા ૪૭.૬૯% છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી ૨૧ જાન્યુઆરી

## ગુજરાતમાં શહેરી આદિવાસી વસ્તી અને છેલ્લા ત્રણ દાયકાનો ઈતિહાસ

- મુસ્તાઅલી મસવી
  સંશોધન અધિકારી
- અરુણ પટેલ
  સંશોધન મદદનીશ

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તી ૬૫૮૧૪૧૦૦૦ હતી. જેમાં પુરુષો ૩૩૯૮૯૬૦૦૦ અને સ્ત્રીઓ ૩૧૮૨૪૫૦૦૦ હતી. કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૩.૭૩% હતું. જ્યારે ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી ૩૪૦૮૫૭૯૯ની હતી. જેમાં પુરુષો ૧૭૫૫૨૬૪૦ અને સ્ત્રીઓ ૧૬૫૩૩૧૫૯ હતી. આમ ૧૦૦૦ એ સ્ત્રીઓનું પ્રમાણ ૯૪૨નું હતું. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની અનુસૂચિત જનજાતિની વસ્તી ૪૮૪૮૫૮૬ની હતી. જેમાં પુરુષોનું પ્રમાણ ૨૪૫૩૫૬૬ અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૩૯૫૦૨૦નું હતું. આમ ગુજરાતની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૧૪.૨૨% હતું. આદિવાસી વસ્તીમાં ગુજરાતનો નંબર ચોથો આવે છે. સૌથી વધુ આદિવાસી વસ્તી મધ્યપ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં આવેલી છે.

ગુજરાત રાજ્યની કુલ વસ્તીનો વૃદ્ધિદર ૧૯૬૧-૭૧ પ્રમાણે ૨૯.૩૯% હતો જે ઘટીને ૧૯૭૧-૮૧માં ૨૭.૬૭% થયો. અનુસૂચિત જનજાતિની કુલ વસ્તીનો વૃદ્ધિદર ૧૯૬૧-૭૧ દરમ્યાન ૩૫.૫૮% હતો. અને ૧૯૭૧-૮૧માં આ પ્રમાણ ઘટીને ૨૯.૮૩% થયું છે. ગુજરાતની કુલ વસ્તીની સરખામણીમાં આદિવાસી વસ્તીનો વૃદ્ધિદર તપાસીએ તો બંને દાયકા દરમ્યાન આદિવાસીઓની વસ્તી સામાન્ય વસ્તી કરતાં વધી છે. પરંતુ ૧૯૬૧-૭૧ના દાયકા દરમ્યાન આદિવાસી વસ્તીમાં જે વધારો થયો હતો તેની સરખામણીમાં ૧૯૭૧-૮૧માં આદિવાસી વસ્તીનો વધવાનો દર થોડો નીચો રહ્યો છે. વસ્તી વધારાના અનેક કારણો હોઈ શકે. કદાચ જન્મપ્રમાણ વધ્યું હોય, મૃત્યુપ્રમાણ ઘટ્યું હોય અથવા નવી જાતિઓને આદિવાસી તરીકે ગણવામાં આવી હોય.

ગુજરાતની વસ્તી અને આદિવાસી વસ્તીની માહિતી કોઠા-૧માં આપવામાં આવી છે. જે પરથી જોઈ શકાય છે કે ૧૯૭૧માં ગુજરાતની કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૮.૦૮% હતું. જે વધીને ૧૯૮૧માં ૩૧.૧૦% થયું હતું. તેવી જ રીતે ૧૯૭૧માં શહેરોમાં

૫. સંદર્ભ ૧ મુજબ, વોલ્યુમ ૧૫, જેસવારા, પૃષ્ઠ ૨૭૫ વો. ૧૨, શેરિનપુરા પૃ. ૨૬

૬. અ. પાલણપુર એજન્સિ ડીરેકટરી, ફરામરોજ સોરાબજી માસ્તર, વો. ૧૬, સને ૧૯૦૮, ભાગ ૧લો, પૃ. ૧૧૮, ૧૨૦

બ. સંદર્ભ ૧ મુજબ, વો. ૨૩, શિરોહી સ્ટેટ

ક. સંદર્ભ ૨ મુજબ વો. ૮, ભીલ ટ્રાઈબ્સ

ડ. સંદર્ભ ૬ બ મુજબ ઈ. સંદર્ભ ૬ બ મુજબ

ફ સંદર્ભ ૬ બ મુજબ વો. ૧૮ પૃ. ૧૬, ૧૭

ગ. ૬ બ મુજબ, ૨. સંદર્ભ ૬ બ મુજબ

જ. ધી પીપલ ઓફ ઈન્ડિયા, સર હર્બર્ટ રીઝલી, ડબલ્યુ. થેકર એન્ડ કંપની, ૨, ક્રીડ લેન, ઈ.સ. ૧૯૧૫ લંડન આ. ૫, પૃ. ૨૩૩

૭. અ. સંદર્ભ ૨ મુજબ

બ. રાસમાળા અથવા ગુજરાત પ્રાંતનો ઈતિહાસ, એલેકઝાન્ડર કિનલોક, ફાર્બસ રચિત, ભાષાંતરકાર, રણછોડભાઈ ઉદયરામ, ભા. ૧લો, ફારબસ ગુજરાતી સભા, ૧૯૨૨

ક. સંદર્ભ ૧ મુજબ, ડ સંદર્ભ ૧ મુજબ વો. ૧૫ જેસવારા વો. ૧૨, શેરિનપુરા.

૮. અ રાજકોટ સીવીલ સ્ટેશન, જમીન સંબંધી કાગળની ફાઈલ, સને ૧૮૬૯-૭૦થી સને ૧૮૭૪-૭૫ સુધી ડામ નંબર $\frac{૫૭}{૧}$ સેન્ટ્રલ રેકોર્ડ ઓફીસ, રાજકોટ

બ. રાજકોટ સીવીલ સ્ટેશન લેન્ડ ઈન્કવાયરી કેસ, ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ ફાઈલ નં. ૧૦૨ ડીસ્ટ્રીકટ રેકોર્ડ ઓફીસ, રાજકોટ

૯. અ. રાજકોટ કેમ્પના હિસાબની બુક સને ૧૮૫૪થી ૧૮૫૯ સુધીની $\frac{૫}{૬}$-$\frac{ફા}{ના}$. ૧, સેન્ટ્રલ રેકોર્ડ ઓફીસ, રાજકોટ,

બ. સૌરાષ્ટ્રની પછાત કોમો, ભાગ ૩જો, સૌરાષ્ટ્ર પછાતવર્ગ બોર્ડ, મુંબઈ રાજ્ય, રાજકોટ, ઈ.સ. ૧૯૫૯, પ્ર. ૧

૧૦. અ. અર્બન સોશ્યોલોજી, ઈ.ઈ. બર્ગેલ, મેક-ગ્રો-હીલ બુક કંપની, ઈન્ક, ૧૯૫૫, પાર્ટ, ૪ પ્ર. ૧૩, પૃ. ૨૮૧, ૨૮૨

બ. સાયન્ટીફીક સોશિયલ સર્વેઝ એન્ડ રીસર્ચ, પી.વી. યંગ, એશિયા પબ્લીશીંગ હાઉસ, ૧૯૬૦, પ્ર. ૧૪, પૃ. ૪૦૭.


::::::

દિવાળી જેવા તહેવારો તથા ધાર્મિક ક્રિયાઓ કોમ એકતા જાળવવામાં સહાયભૂત થતા હતા. ભીલો હિંદુ જાતિ વ્યવસ્થા તરીકે સ્થિર થવાના પ્રયત્નો કરતાં હતા. ધર્મની દ્રષ્ટિએ ભીલોએ હિંદુ ધર્મના મહત્વના સંપ્રદાય રામદેવપીરના સંપ્રદાયમાં પ્રવેશ કર્યો. ધીમે ધીમે મહાદેવ, હનુમાન જેવા મુખ્ય હિંદુ દેવોની પૂજા તરફ વળ્યા હતા. પરંતુ માતાજીની પૂજા, બાધાઓ, ટેટાં, બકરાંનો ભોગ થોડા પ્રમાણમાં રહયાં હતાં. પરિવર્તનની દિશા હિંદુ ધર્મની કોમ તરીકે આત્મસાત થવા તરફ હતી. સાથે જ ભીલો શહેરી વાતાવરણને અનુકૂળ થવાના પ્રયત્નો પણ કરતા હતા.

આમ અહીં એક આદિમજાતિનાં માત્ર ૧૯મી સદીના સ્થળાંતર અને શહેરમાં અનુકુલનના એક પ્રાથમિક તબક્કાનું વર્ણન કર્યું છે. ઓગણીસમી સદીની આ વાસ્તવિક ઘટના પરથી નીચેનાં તારણો વિચારી શકાય.

(૧) આદિમજાતિઓ ભારતીય સમાજનાં અવિભાજ્ય, સતત સહજીવન જીવતાં અંગો છે. (૨) ભારતીય સમાજની પરિસ્થિતિની અસરો તેઓ પર થતી હોય છે. (૩) આર્થિક સલામતી તથા ભારતની સામાન્ય સંસ્કૃતિ ધર્મ અને જાતિ વ્યવસ્થામાં સ્થાન પ્રાપ્ત કરવાની સ્વાભાવિક પ્રક્રિયાના ભાગ રૂપે આદિમજાતિઓ જોવા મળે છે. (૪) ૧૯મી સદીની રાજકોટની ભીલકોમને જાતિ વ્યવસ્થામાં સ્થાન મળ્યું ન હતું પરંતુ નિમ્ન જાતિઓની સાથે એક હિંદુ કોમ તરીકે તેઓનું સ્થાન નિશ્ચિત થઇ ચૂકયું હતું. (૫) સૈદ્ધાંતિક દ્રષ્ટિએ અને વિવિધ સંશોધનોની દ્રષ્ટિએ, આ સાંસ્કૃતિક સંપર્ક અને સામાજિક પરિવર્તનનું અવલોકન એ બાબત સ્પષ્ટ કરે છે કે આર્થિક રીતે ગરીબ તથા બિન સલામત જીવન જીવતી કોમો વર્ચસ્વશાળી કોમો તથા શહેરોના સંપર્કમાં આવતાં અર્થવ્યવસ્થા, વ્યવસાયોનાં પરિવર્તનો તાત્કાલિક સ્વીકારી લે છે પણ સંસ્કૃતિ, ધર્મ અને રિવાજોમાં પરિવર્તન ધીમી ગતિએ તથા અનુકૂળ દિશામાં થયા કરે છે.[10]

-------------X-----------


સંદર્ભો

૧. ધી ઇમ્પિરિયલ ગેઝેટિયર ઓફ ઇન્ડિયા, વો. ૨૧, પી ડાંગ.

૨. મહીકાંઠા ડીરેકટરી, દામોદર રેવાદાસ શાહ, જૈન પ્રિટીંગ પ્રેસ, અમદાવાદ, ૧૯૦૫, ભાગ બીજો, વો.૮, ભીલ ટ્રાઇબ્સ, પૃષ્ઠ-૧૦૧-૧૦૪

૩. લાઇફ ઓફ ધી ઓનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન (નેઇમ્સ ઓફ ધી ઓથર એન્ડ પબ્લીશર આર ટોર્ન આઉટ). ધર્મેન્દ્રસિંહજી કોલેજ લાયબ્રેરી નં. ૯૫૪ / ૪૧૯૨, ઇએલપી પૃષ્ઠ ૩૨૩, ૩૨૪.

૪. સંદર્ભ, ૨ મુજબ

આવ્યા, તથા ભીલોની કંપનીઓ ઊભી કરી.[7] પરિણામે ભીલો બ્રિટિશરો તેમજ અન્ય શહેરી હિંદુ કોમોના- જ્ઞાતિઓના સંપર્કમાં આવ્યા. સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે બ્રિટિશરોએ કેમ્પ સ્થાપ્યો હતો. ઉપરાંત તે કાઠિયાવાડનું વડું રાજકીય મથક હતું. રાજકોટમાં સ્થિરતા સ્થપાતાં શહેરમાં રસ્તાનાં બાંધકામો શરૂ થયાં હતાં. શહેરનો પણ વિકાસ થતો હતો. રસ્તા અને મકાનનાં બાંધકામો -માં ખૂબ વેગ આવ્યો હતો. પરિણામે ભીલોને મજૂરી મળી રહેતી. દસ્તાવેજો તથા વૃદ્ધોની મુલાકાતના આધારે સ્પષ્ટ થાય છે કે બ્રિટિશરોના સંપર્કને પરિણામે ઈ.સ. ૧૮૩૯-૫૭ સુધીના ગાળામાં કેટલાંક ભીલ કુટુંબો ગુજરાત- રજપૂતાનાની સરહદોમાંથી સ્થળાંતર કરીને રાજકોટ ખાતેના બ્રિટિશ કેમ્પમાં વસ્યાં હતાં. દસ્તાવેજોના આધાર આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે ઈ.સ. ૧૮૭૪ પહેલાં જ લગભગ ૬૦થી ૬૫ ભીલ કુટુંબો રાજકોટના કેમ્પ વિસ્તારમાં (તે વખતનો) રહેતાં હતાં.[8] આમ બ્રિટિશ સંપર્કને પરિણામે જીવનનિર્વાહનાં મુખ્યત્વે સામાન્ય નોકરી અને મજૂરી જેવાં સાધનો મળતાં રાજકોટમાં સ્થિર થયા.[9] તેઓનાં આર્થિક સાધનો બદલાઈ ગયાં હતાં પણ સંસ્કૃતિ અને સમાજજીવન-કોમજીવનનાં ધર્મ, લગ્ન, કુટુંબ જેવાં પાસાંઓને નવાં શહેરી વાતાવરણ તથા હિંદુ જ્ઞાતિઓ સાથે અનુકૂળ કરવાનાં હતાં. આ સંપર્કને પરિણામે ૧૯મી સદીમાં તેઓનું કોમજીવન પરિવર્તન પામીને કેવું હતું તે જોઈએ.

<u>સામાજિક પરિવર્તન :</u>

સને ૧૮૬૪થી ૧૯૦૦ દરમ્યાન ભીલો એક વિશિષ્ટ કોમ (આજના સરકારી સંદર્ભમાં આદિમ જાતિ) તરીકે પોતાનું અલગ સમાજજીવન જીવતા હતા. ઉપર તેઓની આશરે ૧૮૩૫ સુધીમાં જે મૂળ સંસ્કૃતિ હતી તેનું તથા તેઓના બ્રિટિશરો તથા શહેરી હિંદુ જ્ઞાતિઓ, અન્ય કોમો સાથેના- સંપર્કોનું વર્ણન કર્યું છે. આ સંપર્કને પરિણામે ભીલો નવા શહેરી વાતાવરણમાં સ્થિર થયા. હવે તેઓની સંસ્કૃતિ તથા સમાજજીવનનાં મુખ્ય અંગોમાં આવેલું પરિવર્તન તથા તેઓએ કેવી રીતે અનુકૂલન પ્રાપ્ત કર્યું તે જોઈએ. સૌથી પ્રથમ તો ભીલોનાં આર્થિક સાધનો અને સ્થિતિમાં મહત્વનું પરિવર્તન જોવા મળે છે. જાનમાલની બિનસલામતી, લૂંટફાટ અને ગરીબીને સ્થાને, સુરક્ષા, નાની નોકરી અને મજૂરીયુક્ત જીવન તેઓ જીવવા લાગ્યા. જો કે તેઓ ગરીબ હતા છતાં નવી આર્થિક વ્યવસ્થામાં સ્થિરતા અને સલામતી વધારે હતાં. લગ્ન અને કુટુંબ તથા સામુદાયિક જીવનમાં પણ સ્પષ્ટ પરિવર્તન તથા દિશાઓ જોવા મળતી હતી. લગ્ન બાબતમાં સ્વપસંદગી, નાસી જવું, ઝઘડાને સ્થાને નિમ્ન હિંદુ જ્ઞાતિઓના રિવાજોનું અનુકરણ શરૂ થયું. મૂળ પ્રદેશમાં મુખ્યત્વે તેઓની કુટુંબ સંસ્થાનું સ્વરૂપ વિભક્ત હતું તેને સ્થાને સંયુક્ત કુટુંબ તરફનું વલણ વધ્યું. સામુદાયિક જીવનમાં ભીલપંચનું વર્ચસ્વ વધ્યું પરંતુ જ્ઞાતિ પંચાયતોની અસરો વધી. હોળી,

રાજકોટના ભીલોની મૂળ સંસ્કૃતિ અને સંપર્ક :

પ્રાચીન સમય, વર્તમાન કે ભવિષ્યની કોઇ પણ માનવ કોમ (આદિમજાતિ કે અન્ય)ના મુખ્ય પાસાંઓ, જેવાં કે, વ્યવસાય, વ્યવસ્થા, રહેઠાણ, ભાષા, પોષાક, લગ્ન, ધર્મ અને સામુદાયિક જીવન વગેરે સમાન હોવાનાં તેમાં વિભિન્નતા, ભિન્નતા હોઇ શકે પણ તે કોઇને કોઇ સમૂહમાં સામાજિક જીવનનાં અનિવાર્ય અંગ બન્યાં છે. વળી સંપર્કો અને અનિવાર્ય સંજોગો પ્રમાણે તેમાં પરિવર્તનો પણ આવે છે. જંગલો, ડુંગરાળ પ્રદેશોમાં, ૧૯મી સદીની શરૂઆતમાં જીવતી ભીલકોમનાં આવા લક્ષણો જોઇએ. વર્તમાન સંદર્ભમાં રાજકોટના ભીલોની મૂળ સંસ્કૃતિ કહીશું.

રાજકોટના ભીલોની ઇ. સ. ૧૮૩૫ આસપાસની સંસ્કૃતિના-સમાજજીવનનાં લક્ષણો અને સ્વરૂપ નીચે પ્રમાણે હતાં. આર્થિક દ્રષ્ટિએ ભીલો ખૂબ કંગાળ અને બિનસલામત જીવન જીવતા હતા. તેઓ લૂંટફાટની પ્રવૃત્તિઓ કરતા. સામાન્ય જનસમાજમાં અવ્યવસ્થા ફેલાવવા ઉપરાંત તેઓના જીવનમાં પણ ઝઘડા ખૂબ થતા. ધાર્મિક દ્રષ્ટિએ ભીલો હિંદુ ધર્મની જંગલોમાં રહેતી એક કોમ-આદિમજાતિ હતી. રાજકીય દ્રષ્ટિએ બ્રિટિશરોની સર્વોપરીતા સિદ્ધ થતી જતી હતી. તથા ભીલોને અંકુશમાં રાખવાના પ્રયત્નો કેપ્ટન આઉટરામ જેવા સફળ અમલદારો કરતા હતા. તેઓને માન્ય વ્યવસાયોમાં જોડવાના પ્રયાસો આજે પણ આપણું ધ્યાન ખેંચે છે. રહેઠાણ, પોષાક અને ખોરાક તેઓનાં ખૂબજ સાદા. ગરીબી, હાડમારી તથા તંગીનાં પ્રતીકરૂપ હતાં. હથિયારોમાં ભીલો તીર અને બાણોનો ઉપયોગ કરતા. માંસાહારી પણ હતા. લગ્ન અને પુનર્લગ્ન બાબતમાં સામાન્ય જ્ઞાતિ-હિંદુઓ કરતાં વધારે છૂટછાટો હતી. બાકી કોમજીવનમાં પુરુષોનું વર્ચસ્વ હતું. રાજકીય સ્થિરતાને લીધે તેઓ હિંદુઓના સંપર્કમાં આવવા લાગ્યા. પરિણામે સ્ત્રીઓમાં લાજ કાઢવા જેવી પ્રથાઓ પ્રચલિત બનવા લાગી. જો કે તેઓનું કુટુંબનું સ્વરૂપ મુખ્યત્વે વિભક્ત પ્રકારનું હતું. કોમ એકતા સુદૃઢ હતી. ધર્મની દ્રષ્ટિએ દેવ દેવીઓ ભૂતપ્રેતાદિમાં માનતા. ઘણા હિંદુ તહેવારો જેવા કે હુતાશણી વગેરે તેઓ ઉત્સાહપૂર્વક મનાવતા.[૬]

ગુજરાત-રાજસ્થાન સરહદોના પ્રદેશો-પાલણપુર, ઇડર, ઉદેપુર, મેવાડ, આબુ, આરાસુર ઉપર વર્ણવેલી સંસ્કૃતિ ધરાવતી ભીલ આદિમજાતિ રહેતી હતી. આ પ્રદેશમાં વ્યવસ્થા જાળવવા માટે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૮૩૦ સુધીમાં એજન્સીઓ સ્થાપી હતી. શરૂઆતમાં બંડો થયાં પણ કેપ્ટન ઓટ્રામ (          ) યોગ્ય વ્યવસ્થા સ્થાપી. ભય અને પ્રેમથી ભીલોને જીત્યા. તેઓનાં બહારવટાં શાંત થયાં. સાથે જ અંદરોઅંદરનાં ઝઘડાઓ પણ દૂર થયાં. લોકર પંચાયતોની સ્થાપના કરી, ધીમે ધીમે ભીલોની શક્તિઓનો લાભ લેવાની અને તેઓને માન્ય ધંધાઓ આપવાની યોજનાઓ ઘડી. આમ આઉટરામે ભીલો સાથે પ્રથમ કાયમી સંપર્ક સ્થિર કર્યો. લશ્કરમાં કામો

સિંહાવલોકનનો ક્રમ નીચે પ્રમાણે રાખ્યો છે :

સાંસ્કૃતિક સંપર્કોની સામાજિક પરિવર્તન પરની અસરો તપાસવા માટે પ્રથમ હાલની શહેરી ભીલ આદિમજાતિના પૂર્વજોનો મૂળ પ્રદેશ તથા મૂળ સંસ્કૃતિ પ્રથમ જોઈશું. ત્યાર પછી અન્ય સંસ્કૃતિઓના સંપર્કો તપાસીને ભીલ આદિમજાતિનાં કોમજીવનનાં મુખ્ય પાસાઓમાં આવેલ પરિવર્તનનું સિંહાવલોકન કરીને પરિવર્તનની ભાવિ દિશાઓ અને તેનાં અભ્યાસક્ષમ ક્ષેત્રોનો નિર્દેશ કરીને લેખ પૂરો કરીશું.

<u>મૂળ પ્રદેશ :</u>

રાજકોટની ભીલ કોમના પૂર્વજોનું મૂળ વતન મારવાડ હતું એવો સામાન્ય મત પ્રચલિત છે. ભીલકોમના-ભીલ આદિમજાતિના પૂર્વજો મારવાડના હતા તે પૂર્વધારણા લઈને તેઓનું મૂળ વતન અને સંસ્કૃતિ તપાસવાનો અત્રે પ્રયત્ન કર્યો છે. વૃદ્ધ અને પુખ્ત તથા યુવાન ભીલ પુરુષો લિખિત અને પ્રકાશિત દસ્તાવેજો તથા જાણકાર વ્યક્તિઓ જેવાં સાધનો દ્વારા ભીલોના મૂળ વતન વિશે નીચેની માહિતી મળી છે.

૧૯મી સદીની શરૂઆતમાં ભીલ તરીકે ઓળખાતા આદિમજાતિ સમૂહો ઉત્તરમાં રાજસ્થાનથી દક્ષિણમાં ગુજરાત અને મહારાષ્ટ્રના નર્મદા નદીના આસપાસના પ્રદેશોમાં ફેલાયેલા હતા. અન્ય આદિમજાતિ સમૂહોની જેમ તેઓ ગામડાં લૂંટતા, ઢોર ઉપાડી જતા અને ખૂન કરતા.[1] આવા તોફાની લોકોના સમૂહમાં ભીલો પણ એક વિશાળ તોફાની સમૂહ હતો. અરાજકતાના સમયમાં તેઓ લૂંટ કરતા તેથી મરાઠાઓએ ભીલો પ્રત્યે ક્રૂરતા દાખવી હતી.[2] પરંતુ ભીલો માત્ર બળને કદી વશ થયા ન હતા. તેઓના નાયકોને મનાવીને અને તેઓને વળતર વગેરે આપ્યા પછી ભીલોના પ્રદેશમાં વ્યવસ્થા જાળવી શકાતી.[3] ઉપર જણાવેલા વિશાળ વિસ્તારના બહોળા ભૌગોલિક પ્રદેશમાંથી રાજકોટની ભીલ કોમના મોટા ભાગના પૂર્વજો ગુજરાત-રજપૂતાનાની (હાલ રાજસ્થાન રાજ્ય) સરહદોના ડુંગરાળ પ્રદેશોમાંથી[4] એ તબક્કે સ્થળાંતર કરીને રાજકોટમાં નિમ્ન આર્થિક દરજ્જાની કોમ તરીકે પ્રથમવાર સને ૧૮૬૫ આસપાસ જીવન જીવતા જોવા મળે છે.[5] આમ રાજકોટની ભીલ આદિમજાતિનો- તેમના પૂર્વજોનો મૂળ પ્રદેશ નક્કી કર્યા પછી ઇ.સ. ૧૮૪૦થી ૧૮૦૦ દરમ્યાન તેઓ રાજકોટમાં આવવા લાગ્યા તે વખતની તેઓની અને વિશિષ્ટ રીતે, આ સ્થળાંતર અને અનુકૂલનની વ્યાપક પ્રક્રિયામાં સાંસ્કૃતિક સંપર્કોએ જે ભાગ ભજવેલો છે તેનું વર્ણન કરેલ છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી

કાર્યગોષ્ઠી

૨૧, જાન્યુઆરી ૧૯૮૪

# સાંસ્કૃતિક સંપર્ક અને સામાજિક પરિવર્તન

( રાજકોટની ભીલ કોમ પર એક દૃષ્ટિપાત )

- ડૉ. પી. સી. જેઠવા
અધ્યાપક અને અધ્યક્ષ
સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

## પ્રાસ્તાવિક :

આદિમજાતિઓ અને તેમાંય ખાસ કરીને ભીલ જાતિ પર અધિકૃત કામ કરનાર આદરણીય નાયક સાહેબ જેવા સજ્જન વિદ્વાનની હાજરીમાં ભીલ આદિમજાતિના કોઇ પાસાં પર રજૂઆત કરવી તે નાના મોઢે મોટી વાત જેવું છે. તેમ છતાં તેમની સંમતિ તથા સૌજન્યને લીધે, ગુજરાતના એક શહેરમાં રહેતી ભીલ આદિમજાતિનાં માત્ર એક ઐતિહાસિક, ઉત્ક્રાંતિકમૂલક પાસાં પર આ નાનો લેખ લખ્યો છે. આ લેખમાં મુખ્યત્વે ૧૯મી સદીમાં ભીલ આદિમજાતિના સાંસ્કૃતિક સંપર્કની ચર્ચા કરી છે. સ્વાભાવિક છે કે લેખનાં મુદ્દાઓ કે સામાન્ય તારણો દસ્તાવેજી માહિતી પર આધારિત છે. દસ્તાવેજોની ખરાઇ અને ચોકસાઇ પર પૂરતું ધ્યાન આપેલ છે.

## રાજકોટ શહેરના ભીલોના પૂર્વજોનું મૂળ વતન :

આધુનિક રાજકોટની ભીલ આદિમજાતિના પૂર્વજો ઇ. સ. ૧૮૩૦-૪૦ના આસપાસ ગુજરાત-રજપૂતાનાની સરહદોના ડુંગરાળ પ્રદેશોમાં રહેતા હતા. તે વખતે તેઓ ભારતના ગ્રામ વિસ્તારો અને શહેરી વિસ્તારોથી લગભગ અલગ રહીને એક આદિમજાતિ તરીકે જીવતા હતા. ડુંગરાળ વાતાવરણમાં રહેતી તે આદિમજાતિનાં કેટલાંક કુટુંબો બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સંપર્કમાં આવ્યા. ઇ. સ. ૧૮૪૦ પછીથી આ સંપર્કને પરિણામે તેઓનાં રાજકોટ તરફનાં સ્થળાંતરની પ્રક્રિયા શરૂ થઇ અને ઇ. સ. ૧૮૬૪માં ગણનાપાત્ર ભીલ કુટુંબો રાજકોટના શહેરી વાતાવરણમાં કોમજીવન જીવતાં હતાં. આજે લગભગ સવા-સો વર્ષ પછી ભીલ કોમ રાજકોટના શહેરી વાતાવરણને અનુકૂળ થઇ ગયેલી માલુમ પડે છે. રાજકોટની આ ભીલ આદિમજાતિનાં સ્થળાંતર અને અનુકૂલનની સમજ [illegible] ૧૯મી સદીના એક તબક્કાનું વિહંગાવલોકન કરવાનો અત્રે પ્રયાસ છે.

૫. જે ધંધો પરંપરાગત રીતે કોઇ જાતિને ફાળવવામાં ન આવ્યો હોય તેવો ધંધો કરવામાં રીઓ નિપૂણ છે. એટલે એમને ગમે તે ધંધામાં જોડાઇ શકાય છે. એમનામાં સાહસિકતા પણ ઘણી છે.

૬. આ આદિવાસીઓના વિકાસ માટે ઘણા ઓછા પૈસા ફાળવવામાં આવ્યા છે. અને જે ળવ્યા છે તેમાથી ખર્ચાયા પણ ઘણા ઓછા છે.

...

<u>દાતણિયા વાઘરી :</u> ૧૦ ઘર છે. એઓ ડબ્બા બનાવે. વાડી રાખે, દાતણ વેચે. પાંચ સોટીનો એક ડબ્બું લોટ. બે ડબ્બાએ એક રોટલો થાય. બાઇઓ મજૂરી કરે.

૧૩-૪-૮૧

સવારે નીકળી ગાંધીધામ. ત્યાં વાઘરીઓ શાકભાજી વેચે છે. સુંદરપરાના, અંજાર, ભૂજથી લાવે, થોડું લોકલ પણ હોય. ગાંધીધામથી કંડલા. અહીં સ્ટીમરોમાંથી સામાન ચઢાવવા ઉતારવા આદિવાસીઓ કોળીઓ હોય છે. કંડલા, ગાંધીધામ, ભચાઉ, લાકડિયા: ત્યાં ભીલ જોયા. પાબુજી ભેંતરપાળની જગ્યા હતી. લીમડાનું ઝાડ, મોટું ચોગાન એમાં ત્રણ ઝૂંપડાં અલગ. બાપનું, દીકરો, અપરિણીત (બીજાં છોકરાં સાથે રહે) એક દીકરાનું જ પરણેલો, એના કાકાનું.

ક્ષેત્રકાર્યમાંથી કચ્છના શહેરી આદિવાસીઓની આર્થિક-સામાજિક સ્થિતિ વિષે જે કેટલાંક તારણો સ્ફુર્યાં તે નીચે પ્રમાણે છે :

કચ્છનું ક્ષેત્રફળ ૪૫,૬૧૨ ચો. કિ. મી. (રાજ્યના કુલ વિસ્તારના ૨૩.૨૫%) એ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. વસ્તી ૧૦ લાખ ૫૦ હજાર. વસ્તીની ઘનતા ઓછી. કચ્છમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૬૦૩૦૧ જ છે. એમાંથી શહેરી વસ્તી ૧૦૪૦૭ છે.

૧. આ બધી આદિવાસી જાતિઓ બે રીતે સીમાવર્તી છે. ભૌગોલિક રીતે એમાંની છે. બધી જ ગામને તથા શહેરને છેવાડે રહે છે. એ સામાજિક સીમાવર્તી પણ છે કારણ કે બીજી બધી જાતિઓની હદને અડીને રહે છે.

૨. આને લીધે જમીનના પ્રશ્નો પેદા થાય છે. માંડવીમાં પારાધીને માટે મંદિર બાંધવાની જમીન નથી. ભૂજમાં કાનફટાઓનું મંદિર છે. તેમની પાસે વાઘરીઓની જમીન છે મંદિરવાળા એ જમીન પોતાની છે એમ કહીને એ માગે છે.

૩. બીજી જ્ઞાતિઓ ઉપર એમને ઘણો આધાર રાખવો પડે છે. ઓસવાળ અને કોળી, ઓસવાળ અને પારાધી એ એનાં ઉદાહરણ છે. પોતાની મજૂરી માટે, વાડીઓ રાખવા માટે આજ આવી જમીન ધરાવનાર જ્ઞાતિઓ ઉપર આદિવાસીઓ એવા આધારિત છે કે જ્યારે કેટલાક એમનું શોષણ પણ થાય છે. વધુ ને વધુ આદિવાસીઓ જમીન વિહોણા મજૂરો થતા જાય છે.

૪. આ જાતિઓમાં - ખાસ કરીને કોળીમાં - ખૂબ લચીલાપણું છે. એ સર્વગ્રાહી છે એટલે કે બીજી જાતિની વિપથગામી વ્યક્તિઓને પોતાનામાં સમાવી લે છે.

...ખી, મરચાં, ચીભડાં કરે. આઠ મહિના થાય. ત્યાં સૂઈ રહે. આઠ મહિના પછી ચોમાસે ઘરે આવે. ...૩ રૂપિયા પ્લોટના લાગે પણ આપતા નથી. એક નદીમાં કૂવો ખોદી મોટો પંપ લગાવ્યો છે. પોણો લાખ ...એક લાખની તગાવી બાકી છે.

૧૨-૪-૮૬

...નાઇ ધોઇ માંડવી જોયું. પછી નીકળ્યા અંજાર માટે ૧૦ વાગે. ૨ વાગ્યે પહોંચ્યા. જમીને આરામ કરી ૪ વાગે મેઘપર(?) ગામે ગયા. ગામ ખૂબ મોટું. ૮૦૦થી ૧૦૦૦ ઘર. ૫૫૦૦ ની વસ્તી. જાડેજા રજપૂત, ...આહીર(?), કણબી, હરિજન, મુસલમાન, પારાધી, દાતણિયા વાઘરી. ઘરો પણ મજબૂત. શેરીઓ સાંકડી. મજબૂત ઘરો બનાવેલાં. બાગાયત ખેતી મુખ્ય ધંધો. પંચાયતના સેક્રેટરી સાથે વાતચીત. એનો પટાવાળો સાથે આવ્યો. પારાધીનાં ઘરો જોયાં.

(૧) ભીલો અને અમે એક જ એમ કહે. દેશ ફેર થયો એટલે નામ બીજું.

(૨) જાગલિયાનું કામ કરે. ખાટ પર ન બેસે પણ ઊંચે બેસાડે. ભરવાડોના જાગલિયા છે. દરેકને ...રાસ હોય છે એમ જાણવા મળ્યું. ડાક વગાડે, ઠાકર ભગવાનનું છે એટલે સરસ વગાડે, ધૂણે.

(૩) કુળદેવી હોય છે અટક પ્રમાણે. કેટલાકને કુળ દેવતા હોય છે 'ડાડો' અહીં એકનો રામદેવપીર કુળદેવી-કુળદેવતા હોય. માત્ર કુળદેવતા પણ હોય.

(૪) મુખ્ય ધંધો ખારેકની વાડી ઇજારે(?) રાખવાનો. આ ગામમાં ૩૦૦-૪૦૦ વાડી છે. દરેકમાં ૩૦૦-૪૦૦ ઝાડથી વધુ. ૪-૫ લાખની ખારેક થાય. વાડીના માલીકો જાડેજા અથવા પટેલો. તેમની પાસે ભાવ ઠરાવી પાદડે જ રાખે. ઝાડને ફલ્લુઆરીમાં ફૂલ બેસે તેને ફળ આવે. 'છાંટવું' કહે. કાંટા ફૂટે તેને ...ગોરવા પડે. તો આ થાય. નીચનાં ઝાંખરાં કાપવાં પડે. ઊંચે હોય તો ચઢવું પડે. ઝાડ ફળ જરાક થાય કે ફળનો પાલો બાંધે જેથી પક્ષી નુકસાન ન કરે. ફળ જૂન, જુલાઈમાં થાય. મીઠાં લાગે. અંજારમાં વેચે. ફળ થાય ત્યાં સુધી પાંચથી છ વાર ઉપર ચઢવું પડે.

તાડી પણ ઇજારે રાખી ઉતાર કાઢે, માલીક પીએ અને પીવે. ગામમાં ૫-૬ જણા આ કામ કરે છે. એમનાં ૧૫-૨૦ ઘર છે. આ લોકો ગામ બહાર બીજા ગામે પણ વાડી રાખે. હવે તો બીજા ગામવાળા પણ રાખવા લાગ્યા છે.

(૫) ઊંટગાડી રાખે. ખારેક માટે, બીજો ચારો લાવવા.

(૬) મજૂરી કરે. બાઇઓ પણ મજૂરી ખેતરમાં કરે. (પથી ૯ સુધી રેટ છે.)

(૭) મીઠાના અગરમાં મજૂરીનો દર રોજના ૪ મળે, જોડી હોય તો ૮ મળે.

મનજીભાઈએ ૧૬ હજારનો માલ ખરીધો છે. બીજો આવ્યો છે, આઠ હજારનો. માલ લાવવામાં એક સાથે પૈસા નથી, એટલે કટકે કટકે લાવે. એમાં વ્યાજ પણ લાગે. લોન નથી મળતી. ભાવ પણ વધારે આપવા પડે. અમુક બોટમાંથી કેટલો માલ નીકળશે તેનો પણ અંદાજ આવે. આનાં દોરડાં બનાવે (જૂનાં દોરડાં કાથીનાં, કંતાનનાં, નાઇલોનનાં) આવાં દોરડાં બનાવવા મહોલ્લામાં જુવાન છોકરા છોકરીઓને રાખે. (૮થી ૧૦ રૂપિયા આપવા પડે, ચોમાસામાં પણ કામ ચાલે. ખૂબ લાંબા ચોગાનમાં જુવાનિયા વળ આપતા હતા. પછી આ જ મશીન પર વણે. ( મશીન એટલે નાનું સાદું માળખું.) હાથે પણ દોરડાં વણે, ગાય ભેંસનાં દોરડાં, વાછરડાનું દોરડું, પાણીની બદક રાખવાનું દોરડાં-એ બધું બનાવે. બૈરાં પુરુષ બધાંને આવડે. કંઈ વેસ્ટ ન જવા દે. કચરો પણ ભરે. એક બાઇએ કચરો (કૂટો તદન નકામો) દોરડું બનાવી આપ્યું -બતાવ્યું. એક કાપલો મૂકીને ઢાંકી દીધો. આમ બીઝનેશની બધી જ વાતો જાણે.

વેચવા માટે રખડવું પડે, જો કે વેચાય જાય. આમાં દિવસો ખોટી થાય છે તે જાણે. (સોસાયટી બનાવવામાં પોતાના જ ભાઇઓ હોય તો સારું એમ માને.) લોન જલદી નથી મળતી. જમીન માગે તથા બહાર ઊભા રહેવું પડે.

(૪) વાછરડાનો વેપાર કરે. એની ખોડખાંપણ જાણે. કેવો નીકળવાનો છે તે પણ જાણે. ઢોર મોકલી આપે. એક જણ ૭૦૦૦, સાત હજાર, નો માલ વેચ્યો, સગાંને મોકલ્યો. અમદાવાદમાં અનામત હુલ્લડને લીધે ૫૫૦૦, સાડા પાંચ હજારમાં વેચાયો. આમ ૧૫૦૦ રૂ. ઊંચો આવી ગયો એમ કહેતો હતો. રોકડા ચડવે પણ ન મળે ત્યારે વાયદો. આ પણ એક મોટી ખોટ.

(૫) વાઘરી જોગી આ બંનેને મંદિર માટે જગ્યા આપવા કહેલી પણ આપી નથી. જોગણ માતા ઢાંકેલી તેના ઘરે ઓટલે પડી છે. વાઘરીની કાગળના મઢમાં બેઠી છે.

(૬) વાઘરી ભેંસ, બકરાં, ઘેટાં રાખે. ( એક તો ઘેટીના દૂધની ચા બનાવી પીવાડી.)

(૭) આમના સંબંધો અમદાવાદ c/o ગુલબાઇ ટેકરો, રાજકોટમાં પણ છે.

(૮) ભંગારનો વેપાર કરે. એકઠું કરે તે વેચે. ૨૦ કિલોએ ૬ રૂપિયો મળી જાય.

(૯) ગુન્હો નથી કરતા 'પોલીસ અમારે ત્યાં આવે જ નહીં.' એમ એક જણે કહ્યું. આજ સાત પેઢીથી પોલીસ દફતરે નામ નથી કે ઓટલે ચઢ્યા નથી. ગોધરા ગયા. ૧૯ કિ. મી. માંડવીથી પશ્ચિમોત્તરમાં ત્યાં પટણી વાઘરી ખેતી કરે. ૨૦ એકરવાળા છે. ૪-૫ વાળા પણ છે. ઝૂંપડાં કાચાં, તદ્દન તૂટેલી અવસ્થામાં (માતાએ કહેલું કે પાકામાં ન રહેવું.' એમ તલાટી પ્રાણજીવન મજાકમાં કહેતા હતા.) ૫૦-૬૦ ઘર છે. ખેતીનાં સાધનો છે. છોકરાં નિશાળે જાય છે. ૯ આઠમીમાં, બારેક પ્રાથમિકમાં.

નદીમાં વાડી કરે. તે જોઇ. નદી પટમાં ૧૦૦X૧૦૦ ફૂટનો ટુકડો કરે. એમાં ટામેટાં,

ાસ ઠાવતામાં
ળતી. લીવ
માં દોરડા બ
જુવાન છોકરા
ખૂબ લાંબા ચોગાન
સાદ માળખું.)
જનું દોરડા-સ્ટે
બાઈએ ડયરા
દાવો. આમ

તે જાણ. (સોસાયટ
તી જમીન માગે

પણ જાણે. ટકો
અમદાવાદમાં
યો આવી ગયો
ોટ.
જીજી માતા

ડી)

જણ કહ્યું.
૧૯ કિ. મી.
વાળા પણ છે.
પ્રાણજીવન
ય છે જ

માં ટામેટાં,

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ०१४

ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી : ૨૧ જાન્યુઆરી ૧૯…

## કચ્છના શહેરી આદિવાસીઓ : પ્રવાસ નોંધ અને નિષ્કર્ષો

- ઠા. ભા. નાયક

સવારે ૧૦ વાગે નીકળી ૧૧ વાગે માંડવી. માંડવી ફળદ્રુપ તાલુકો, નાળિયેર, કેળાં, શેરડી, તમાકુ, મગફળી, પપૈયા થાય. બપોરે જોગી (પારધી) મારવાડી વાઘરીના મહોલ્લામાં ગયા. ખૂબ વાતો થઇ. ૪૫-૫૦ એક ઘરો હશે. એમના વિષે જે જોયું, સાંભળ્યું તે આ :

(૧) પારધીમાં ઘણા એકઠાં થઇ ગયાં. એઓ ઘણા વખતથી (ચારસો પાંચસો વરસથી અહીં રહે છે.) હવે પંચાયત એમની પાસેથી આ જગ્યા ખાલી કરાવવા માગે છે અને બીજી જગ્યાએ વસાવવા ચાહે છે. આનો કેસ માંડવી કલેકટરને ત્યાં ચાલે છે. લોકોની ખૂબ જ સઘોષ માગણી હતી કે આનું કંઇક કરવું.

(૨) એક સ્કૂલ હતી તે બંધ કરીને શું કર્યું તે ખબર જ ન પડી. નિશાળ તૂટેલી એમ જોઇ. એમાં કોઇનું ગોડાઉન હતું.

પારધીવાસનાં ઘરો બે હારમાં વહેંચાયેલાં [illegible] ઘરો નાનાં પણ પાકાં. ઉપર પતરાં કે નળિયાં, છાજવાળાં તો કોક જ. વચમાં લીમડાનાં ઝાડ. ઘરો આગળ ઓસરી. કેટલીક તો છાજવાળી, કેટલીક ખુલ્લી. બૈરાં બધાં બેસીને વાતો કરતાં હતાં. ઘરો પાછળ વાસણ માંજવા કે એવા નિસ્સારની જમીન. છોકરાં પણ ઢગલાબંધ.

(૩) કોઇ બાલમંદિર નથી. છોકરાં માટે નિશાળ નથી. એક હરિજનોનું છાત્રાલય છે. તેની એમને ખબર છે.

(૪) હરિજનોને બધું મળે અમને કંઇ ન મળે. રાજ એમનું છે એટલે, એમ કહેતા હતા.

(૫) બધા પુરુષો મજૂરી કરે. લારી રાખીને માલ ફેરવવાનું કંઇ કામ મળે તે કરે.

(૬) બૈરાં ઘરે જ રહે.

(૭) એ લોકો માત્ર જંગલમાંથી લાકડાં લાવે, બાવળની શીંગો લાવે. આમાંથી કંઇક વેચાણ પણ ખરું. ભારાના બે રૂપિયા મળે.

(૮) આ લોકો દોરડાં બનાવે પણ ભરતકામ, મોતીકામ નથી કરતાં. આવડતું પણ નથી, સીખતા પણ નથી.

(૯) કથરી બનાવે ખરાં, (રંગીન કકડા મૂકીને બનાવે છે.)

clear indicatio
tribal politi
by an appeal
urbanization
to acquire m
the expandin
in future to m
industrial and
incorporatio
cance. Insp
non-tribal
employment
training an
satisfactor
strengthened
purposeful
planning.
In or
the industri
possible man
planned fo
training,
organized,
great numbe
from wher
recruited
will have t
Unevenne
urbanizi
an industri
ral revo
there wi
disruption

clear indication of a situation which favours the development of tribal politico-economic movement which will be greatly strengthened by an appeal to ethnocentric sentiments. Industrialization and urbanization is also putting a heavy burden on the tribal youths to acquire marketable skills. Since a large number of villages of the expanding catchment area, from where workers will be recruited in future to meet the growing demands of industries in the industrial and urban centres, are tribal villages, the tribal's incorporation in the industrial activities assumes great significance. Inspite of the problem of their efficiency as highlighted by non-tribal supervisors and employers, most tribals in industrial employment work systematically and well, they show a capacity for training and have acquired, wherever it was found desireable, a satisfactory degree of skill. These attributes should be further strengthened by strong supervision which means better training purposeful and clear cut direction and above all efficient planning.

In order to secure a fuller measure of tribal's cooperation in the industrial activities as well as to use their energies in best possible manner, several social welfare measures will have to be planned for them such as in field of housing, transportation, training, health, education and recreation. But these should be organized, as far as possible in the villages itself from where a great number of tribal industrial workers is recruited. Apart from where a great number of tribal industrial workers is recruited. Apart from these social welfare measures, serious attempt will have to be made to develop the agriculture activities. Unevenness in the economic development in the industrializing and urbanizing tribal regions consists, above all, in the fact that an industrial revolution has not been accompanied by an agricultural revolution. If these measures are adopted in all earnestness, there will be less dislocation, disorganization and traumatic disruption in the social and cultural life of the tribal groups.

*********

industrial worker is having an existence of 'below the poverty line'. Low wages given by the different industrial units is one factor for this situation. As the tribals have generally lower skill for industrial work, consequently the income is lower. This is another factor. There is an enormous difference in standard of living between the tribal and non-tribal industrial workers. This is corelated with difference in income. The tribal workers who mostly work manually as unskilled workers have to, in general, work under poor conditions, both from technical angle and material welfare and obviously this is not conducive to good output. As a consequence of this, they are labelled as less productive labourers. The very structure of the industrial undertakings and the character of the supervisors etc create a situation highly unfabourable to the progress and stabilization of tribal workers. The wide cultural and status hiatus between the non-Adivasi supervisors and Adivasi workers are both cause and effect of this problem.

A large majority of the tribal industrial workers are participating in two economic systems, one, the traditional subsistence economy and the other, full blown commercial economy of the industrialized and urbanized society. Due to this they are undergoing a process of transition from a pattern of life which exhibited predominently features of ascription, particularism and functional diffuseness to a pattern in which achievement, universalism and specificity become the basis of the socio-economic life. The structure of their society is gradually become complex which makes it difficult not only for the social scientist to describe but also for the individual tribal participant to comprehend. But significant sectors of their activity are coordinated with the tribal social system rath r than of the multi-cultural society. Nevertheless, both in its magnitude and its causes, the transition is gaining momentum in these tribal regions.

In such a transitional situation any attempt to forecast the economic activities of these tribal groups in the context of the industrialization and urbanization currently sevception their region is full of hazard. But it can be safely assumed that during the next decade, the rate of industrial working force participation for these tribals is expected to rise considerably and consequently they will certainly strengthen substantially their relative position in the industrial economy. There is clearly going to be more competition for skilled work between the tribals and non-tribals. The economic development brought in the wake of industrialization is fostering political self-consciousness among the tribals. There is

alization in these regions has meant, primarily, the development of industries, commerce and transport as run by non-tribal entreprenuers and worked with tribal as well as non-tribal workers. It is also important to note the speed at which industrial growth of these regions has been occuring. For the tribals of these regions, industrialization of their regions has significant consequences. The process of transformation of an increasing proportion of the tribal population from an agricultural group into an industrial working class is giving rise to several complications and will aggravate the complications to a great extent.

Although a great deal of occupational mobility is taking place among the tribals due to the rapid growth of industrial units in these regions, the tribals have managed to combine industrial employment with rural residence where they still go on practising subsistence agriculture. For the tribal population in these regions, the urban and industrial conditions are the product of growth rather than of instantaneous creation. Due to this the influences which the urban industrial region exert upon existing modes of life have not completely wiped out the previously dominant modes of living and associations. What is occuring among the tribal population of this region is a different type industrialization and urbanization process - one in which the influence of industrialism and urbanism is permeating surrounding tribal areas. The tribals have tended to resist many changes usually occuring in an industrial situation and are attempting to carry on their old systems, retaining the behaviour patterns which they have previously learned. This is possible to some extent as they still have an opportunity to practice agriculture and so are not entirely dependent on participation in the new industrial economy. The tribal industrial workers have the opportunity for steady adaptation to new conditions. Thus, the changes are occuring within an existing and continuing social group. The tribals are not participating in the industrial activities as uprooted individuals. As a cousequence of this, there has been not much disintegration of the traditional environment. Unlike the process of industrialization - which has taken place in Rourkela, Bhilai and Ranchi, where the tribals have been pushed into a social vocunm and a condition of cultural shock, the tribal groups in Gujarat are gradually developing into an urban community with resulting modifications in the behaviour pattern. In view of this should be a policy matter to make all possible efforts to keep the rural base of the tribal industrial workers strong and stable.

The economic opportunities provided by the growth of industrialism and urbanism in their own area have certainly been instrumental in raising their level of income but still an average tribal

On examining the process of industrialization in tribal areas it will become at once clear that the first characteristics of the urban-industrial centres, such as Vapi, Ankaleshwar, Kalol, Atul, etc is that they are new and their newness was doubtless an important factor in their rapid rise. The second common characteristic of the industrial-urban centres is that their growth was by and large associated with the demand of labour and tribal people moved to these centres because employment opportunities existed there. A third characteristic of the industrial-urban centre is the role it plays in the process of socio-cultural change. The industrial-urban centre soon became one of the chief centres of social change and played an important role in strengthening the new technical order based on rational allocation of resources, competitive markets and pursuit of self-interest in economic action.

Looking to the process of industrialization in the tribal areas, it is generally observed that this has taken four principal forms, whose relative importance differs from one area to another. These four forms are: (i) the introduction of mining leading to settling of labour in company campus or in villages near the mining areas, (ii) the development of plantation involving the employment of a large number of seasonal workers, (iii) large scale **development** of cash crops grown with hired tribal labour, and **(iv)** the development of manufacturing industries, transport and commerce, leading to the growth of diversified wage-earning class, of which a proportion, differing considerably from one area to another, is settled permanently in and around townships.

In Gujarat too, all the above mentioned four forms of industrialization have been introduced. Mining is specially important in Chhotaudepur taluka of Vadodara district and Ambaji region in Danta taluka of Banaskantha district. Plantation exists on a large scale in Surat and Valsad districts (Banana, Chikoo, Mango and Grass). Cash crops grown on a large scale by non-tribal farmers with hired tribal labour include rice and sugarcane in Valsad and Surat districts, tobacco in Kaira district and cotton in Bharuch district. Manufacturing industries have been developed in Valsad, Surat, Bharuch and Panchmahal districts while commerce has developed in all the principal towns of the tribal areas of the State.

The growth of manufacturing industries in the tribal areas has been phenomenal in recent years. Valsad-Pardi-Vapin in the Valsad district, and Ankaleshwar in the Bharuch district are the most heavily industrialized regions in the State. Rapid industria-

involved in the development of urban industrial centres, they come face to face with a social system which is characterized by conflicts in principles of social organization and the absence of traditional forms of social security.

The development of urbanism and industrialism in the tribal areas involves changes in several dimensions in tribal's way of life. The primary change is noticed in the occupational sphere which directly induces changes in economic and technological spheres but it is accompanied by associated changes in the field of social relations customs, habits, values and beliefs. The traditional social life of the tribal societies constitutes an interrelated whole and changes in one section will have corresponding reperсussion on the others. This situation, coupled with the lack of security which the traditional social milieu offered, brings lot of strains and tengions while changes in the social pattern of life is taking place in the wake of the process of urbanization and industrialization. There are many sources of resentments and dissatisfactions rooted in the changing social structures.

Urbanization and industrialization has had certain broadly similar results wherever it has taken place. It has led to migration from tribal areas to towns and cities; to the growth of urban population characterized in early stages by a preponderance of youth over age and men over women; to the development of over-crowding and slum conditions in towns; to the emergence of a labouring class with certain characteristic attitudes and problems; and to the formation of new types of associations. In Gujarat too, all these effects in varying degrees has been felt and noticed wherever urban and industrial development took place.

The distinctive features of an urban mode of life have often been described sociologically as consisting of the substitution of secondary for primary contacts, the weakening of the bond of kinship, and the declining social significance of the family, the disappearance of the neighbourhood and underminning of the traditional basis of social solidarity. The bonds of kinship, of neighbourliness and the sentiments arising out of living together for generation under a common folk tradition are likely to be absent or at best relatively weak in an aggregate the members of which have such diverse ongons and backgrounds.

Industrialization is associated with urban growth and the relationships of these two processes as effective meants of advance-ment is quite close.

TRIBAL RESEARCH AND TRAINING INSTITUTE
GUJARAT VIDYAPITH : AHMEDABAD - 380014

SEMINAR ON PROBLEMS OF TRIBALS LIVING
IN URBAN AREAS HELD ON 21-1-1984

## A NOTE ON THE FRAME OF URBANIZATION AND INDUSTRIALIZATION IN TRIBAL AREAS

- R. B. LAL

Economic development in tribal areas has so far been largely associated with improvement in agriculture and animal husbandry. Due to this reason, tribal areas in Gujarat, as elsewhere in the country, are still predominently such in which agriculture and animal husbandry are pursued to meet the domestic n needs of the household and local community. But in recent times, the urban and industrial revolution taking place in several tribal regions has been responsible for bringing great socio-economic changes. In such areas, where urban and industrial development has taken place, the tribal societies are undergoing transformation rapidly. And in several places, the transition between the traditional tribal economy and the full-scale urban industrialism is sharp enough. And, in its most general form, the second pervasive characteristics of the tribal communities in industrial and urban area is the discontinuities in the two social systems. Members of tribal societies living in and around urban and industrial centres have to live and work in a world which is marked by a complex network of often unfamiliar and conflicting relationships and roles. Their position in the society and their economic and social relationships are determined in such a situation by what they do as industrial and urban workers. This means that their status in the system of production is now the critical differential rather than kinship, age and sex which have been commonly used as status differntials in the traditional social structures of their communities. On account of the transformation in the determinating concerning their statuses, social and economic relationships in urban industrial situation tend to be amorphous, trassitory and impersonal. Traditional values, norms and forms of association give way in response to new alternatives, incentive and pressures to new set of values and norms which are completely divorced from the traditional ones. Due to the incompatibility of the transformed values and norms, traditional social forms are threatened to become extinct in course of time. While this is so, no counterparts to the familiar basis of security have as yet developed for the members of the tribal societies in the urban industrial patterning of socio-economic relationships. Thus, when a group of tribals get

......2..

જણાવે છે તેમ શહેરોમાં આવા આંતરસમૂહો અને વ્હારી સમૂહો વચ્ચે સમાયોજન (assimilation ની અને એકાત્મકતા ( integration ) ના પ્રશ્નો ઉપરાંત ગામ તથા શહેર વચ્ચે સાતત્ય (rur-urban continuum ) ને લગતા સવાલો પેદા થાય છે. બારટોક નામના સાંસ્કૃતિક માનવશાસ્ત્રી વર્ણવે છે તેમ શહેરમાં વસતા સ્થળાંતરિત લોકો બે દૂનિયા–આદિવાસી અને શહેરી– વચ્ચે વહેંચાયેલા કે રહેંસાયેલાની તીવ્ર લાગણી અનુભવતા નજરે પડે છે. માનવશાસ્ત્રી ફેડી બેઇલી તેમના Tribe, Caste & Nation નામના પુસ્તકમાં કહે છે તેમ શહેરી આદિવાસીઓ માટે રાષ્ટ્રિય પ્રવાહમાં સામેલ થવાનો પ્રશ્ન પણ ઘણો મહત્વનો છે.

આમ, શહેરોમાં સ્થળાંતર કરી આવતા આદિવાસીઓ માટે ઉપસ્થિત થતા પ્રશ્નો સંક્ષેપમાં નીચે મુજબ ગણાવી શકાય :

(૧) રહેઠાણને લગતા પ્રાથમિક સુખસગવડ, આરોગ્ય અને સુખાકારી તથા પડોશીપણાના પ્રશ્નો

(૨) આજીવિકા તથા નિયમિત અને કાયમી રોજગારીના પ્રશ્નો

(૩) જીવનધોરણ સુધારવાના પ્રશ્નો

(૪) શહેરીપણું અંતરીકૃત કરવાના કે અપનાવવાના પ્રશ્નો

(૫) સાથે કામ કરતા કે પડોશમાં રહેતા અન્ય જાતિ કે કોમના લોકો સાથે સંભવતી આંતરક્રિયામાંથી ઉદ્ભવતા પ્રશ્નો

(૬) પરસંસ્કૃતિ સંપર્કને પરિણામે સર્જાતી સંસ્કૃતિકરણની પ્રક્રિયા દ્વારા સામાજિક–આર્થિક ગતિશીલતા સાધવાના પ્રશ્નો

(૭) સ્વકીયતા અને પરકીયતા વચ્ચેના માનસિક સંઘર્ષ અને સમાધાનને લગતા પ્રશ્નો

(૮) વતન સાથેના પ્રણાલિકાગત સંબંધની કડી અતૂટ જાળવી રાખવાનો અને શહેરમાં રહી નવા સંબંધો બાંધવા અને દૃઢ બનાવવાના પ્રશ્નો

(૯) શહેરી ગરીબોના વિકાસ માટે સરકાર તરફથી મળતા લાભો પોતાને મળે તેમાં અનુભવવી પડતી મુશ્કેલીઓ અને ગૂંચો ઉકેલવાના પ્રશ્નો.

(૧૦) શહેરમાં રહી રાષ્ટ્રના મુખ્ય આર્થિક–રાજકીય પ્રવાહોમાં ભાગ લેવાના પ્રશ્નો.

...

માલિકી ભોગવતા હોય છે તેમણે શહેરોમાં મજૂર કે કામદાર તરીકે નોકરી કે ચાકરી કરવાની સ્થિતિમાં મૂકાવું પડે છે. ગામમાં પોતાનું ઝૂંપડું કે ઘર કાચું-પાકું પણ હોય તેને સ્થાને શહેરોમાં ઝૂંપડપટ્ટી, બસ્તી કે ચાલીમાં ભાડે રહેવું પડે છે. ગામમાં મોટા અને સંયુક્ત પરિવારના સભ્ય તરીકે જે સામાજિક હૂંફ અને આર્થિક સલામતીની લાગણી અનુભવે છે તેને બદલે શહેરમાં નાનકડા અને વિભક્ત કુટુંબમાં અમુક અંશે બિનસલામતી અને પરાયાપણાની લાગણી તેમને સતત સતાયા કરે છે. શહેરમાં વસ્યા પછી પહેલી પેઢીના આદિવાસીઓ પોતાના વતન સાથેનો સંબંધ ચાલુ રાખે છે પણ શહેરમાં જન્મેલા તથા ઉછરેલા બીજી પેઢીના આદિવાસી મૂળ વતનના વાતાવરણ અને સંબંધોથી અળગા થતા જાય છે. શહેરમાં જેની સાથે કામ કરતા હોય અને રહેતા હોય તેવા બીજી જાતિ કે કોમના લોકો સાથે મિત્રતા કે પડોશીપણાના નાતે નવા પ્રકારના આંતરસંબંધોના તાણાવાણામાં ગૂંથાતા જાય છે. આમ, શહેરમાં વસતા આદિવાસીઓમાં વતનથી અળગા થવાને કારણે તથા બે પેઢીઓ વચ્ચેના અંતર કે ફાસલા ( generation gap ) માંથી કૌટુંબિક પ્રશ્નો પણ પેદા થાય. વતનના ગામમાં જે સાંસ્કૃતિક એકરૂપતા ( homogeneity ) અનુભવતા હોય તેને બદલે શહેરમાં સાંસ્કૃતિક વિભિન્નતા કે અનેકરૂપતા ( heterogeneity ) અનુભવવી પડે છે. આને પરિણામે (૧) એક જ વિસ્તારમાંથી આવેલા આદિવાસીઓ પોતાની જાતિના લોકો સાથે મધપુડાને વળગેલી માખીઓ માફક નજીક-નજીકમાં રહેવાનું (beeline clustering) પસંદ કરે છે અને એમની સંખ્યા ગણનાપાત્ર રીતે વધે ત્યારે પોતાનું જાતિપંચ (group association રચે છે, (૨) બીજા વિસ્તારોમાંથી આવતા જાત જાતના આદિવાસીઓ પણ પોતાની જાતના કે પોતાના વિસ્તારના લોકો વચ્ચે રહેવાનું વિશેષ પસંદ કરે છે અને સમય જતાં પોતાના જાતભાઈઓની સંખ્યા વધવા સાથે જાતિસંગઠન પણ રચે છે. આવાં વિવિધ જાતિઓના આદિવાસીઓ શહેરમાં એક બીજાની નજીક કે થોડેક દૂર રહેતા હોય તો સમાન હિત અને હેતુઓના ધોરણે સર્વજાતિય મંડળ રચે છે. આફ્રિકાના શહેરોમાં આવીને વસેલા આદિવાસીઓના પ્રશ્નોના અભ્યાસ પરથી અગ્રગણ્ય બ્રિટીશ માનવશાસ્ત્રી મેક્સ ગ્લકમને કહ્યું છે કે આવાં શહેરોની અંદર જાતિવાદ ( tribalism )ની સમસ્યા પણ જન્મે છે.

તેમણે ભારતીય સમાજના સંદર્ભમાં જણાવ્યું છે કે શહેરોમાં જ્ઞાતિવાદ કે જાતિવાદની લાગણી ઉત્તેજીત થવાની વધારે શક્યતા હોય છે. મરડેક નામના સમાજશાસ્ત્રી કહે છે કે શહેરમાં પાછળથી આવી વસતા સીમાવર્તી સમુદાયો પોતાને 'અમે' ( we ) અને અગાઉથી રહેતા હાર્દ સમુદાયોને 'તેઓ' ( they ) તરીકે ગણે છે. સ્કોર્લેટ આઇપસ્ટાઇન અને લ્યુસી માયર જેવા સમાજમાનવશાસ્ત્રીઓ

ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા ત્રિમુખી છે : (૧) ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો દેશી રાજ-રજવાડાઓના પાટનગરોમાં વહીવટ તથા વેપાર-વાણિજ્યના કેન્દ્રો તરીકે રાજનગરોનો વિકાસ થયેલો છે, (૨) અંગ્રેજોના અમલ દરમ્યાન તાલુકાના અને જિલ્લાના મુખ્ય વહીવટી મથકો તથા ઔદ્યોગિક કેન્દ્રો તરીકે શહેરો અને નગરોનો વિકાસ થયો હોવાનું જોવા મળે છે, (૩) ભારત સ્વતંત્ર થયું તે પછી આર્થિક વિકાસના કેન્દ્ર તરીકે કેટલાંક શહેરો ખીલ્યાં હોવાનું જણાય છે. આ ત્રણે પ્રકારનાં શહેરો અને નગરોમાં આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી રોજગારીની શોધમાં લોકો વર્ષોથી આવતાં રહયાં છે. આમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારમાંથી શહેરો તરફ થતાં મોસમી કે કાયમી સ્થળાંતરોનો વેગ આઝાદી પછી અસાધારણપણે વધ્યો હોવાનું જણાય છે. જેમ કે, (૧) બિહારમાં રાંચી, બોકારો, સીંદરી અને ઝરીયા ખાતે, (૨) પશ્ચિમ બંગાળમાં જમશેદપુર, ચિત્તરંજન, દુર્ગાપુર, રાણીગંજ ખાતે, (૩) મધ્યપ્રદેશમાં ભોપાલ, ભીલાઈ અને નેપાનગર ખાતે, (૪) આસામમાં દિબ્રુગઢ, ગૌહાતી, શિલોંગ, જોરહાત ખાતે, (૫) ઓરિસ્સામાં રૂરકેલા અને ભુવનેશ્વર ખાતે, (૬) મહારાષ્ટ્રમાં મુંબઈ, પુના, સાંગલી, થાણા, કોલ્હાપુર, નાશિક, નાગપુર ખાતે, (૭) ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર, વડોદરા, આણંદ, વાપી, વલસાડ, ઉધના, સુરત, અંકલેશ્વર, ભરૂચ, હાલોલ, કાલોલ ખાતે આદિવાસીઓ આવીને વસ્યા છે અને હજી પણ આવ્યા કરે છે. તામીલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરાલા જેવાં અન્ય રાજ્યોનાં પાટનગરો અને શહેરોમાં આસપાસના આદિવાસીઓ રોજગારીની શોધમાં આવતા લાગ્યા છે.

વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગથી સમૃદ્ધ થતાં શહેરોમાં વર્ષોથી અનેક હિંદુ જ્ઞાતિઓ તથા મુસ્લીમ, પારસી, શીખ કોમોના લોકો હાર્દ સમુદાયો તરીકે રહે છે. તાજેતરમાં સ્થળાંતર કરી આવેલા અને આવી રહેલા ગ્રામવાસીઓ હાર્દ સમુદાયોના વસવાટથી ફરતે કે દૂર શહેરોના છેવાડે સીમાવર્તી સમુદાયો તરીકે રહેતા હોય છે. આ બંને પ્રકારના સમુદાયો વચ્ચે આર્થિક આંતરક્રિયા અને આંતરસંબંધનું પ્રમાણ જેટલું હોય છે તેની સરખામણીમાં સામાજિક આંતરસંબંધ અને આંતરક્રિયાનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. આવું બને તે આ બંને સમુદાયો વચ્ચેની સાંસ્કૃતિક ભિન્નતાને કારણે સ્વાભાવિક પણ છે. આને પરિણામે શહેરોમાં સાંસ્કૃતિક પચરંગીપણું કે બહુલતા (cultural pluralism )નું વાતાવરણ પ્રવર્તે છે અને આ પરિસ્થિતિ બહારથી સ્થળાંતર કરી શહેરોમાં આવીને વસતા આદિવાસીઓ માટે અનેક પ્રકારના પ્રશ્નો પેદા કરવામાં કારણભૂત બને છે.

આમાં, મુખ્ય પ્રશ્ન શહેરના વાતાવરણને અનુકૂળ થવાનો છે. એમ કરવામાં પોતાની સ્વકીયતા ( ethos ) અને અસ્મિતા ( identity )જાળવી રાખવાને લગતા પ્રશ્નો પેદા થાય છે. પોતાના ગામ કે વતનમાં ખેતી અથવા જંગલ પર આધારિત અર્થવ્યવસ્થામાં જેઓ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

<u>ગુજરાતનાં શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને તેના ઉકેલ વિષયક કાર્યગોષ્ઠી: ૨૧ જાન્યુઆરી ૧૯૮૪</u>

'શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નોના સૈદ્ધાંતિક પરિમાણો'

- રમેશ શ્રોફ
સમાજકાર્યશાસ્ત્ર વિભાગ
ગુજરાત વિદ્યાપીઠ

જે શહેરોમાં વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગની પ્રવૃત્તિઓ કેન્દ્રિત થતી જાય ત્યાં આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી લોકો સ્થળાંતર કરીને આવી વસતા હોય છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણની જેવડી પ્રક્રિયાને સમાજવિજ્ઞાનીઓ ગ્રામીણ વસ્તીનું શહેરો તરફ થતાં સ્થળાંતર માટે કારણરૂપ ગણે છે. શહેરોમાં રોજીરોટી મેળવવા માટે ગામડાંમાંથી લોકો મોસમી અને કાયમી ધોરણે સ્થળાંતર કરતાં હોવાનું જણાય છે. પરિણામે ઔદ્યોગિક કેન્દ્રો તરીકે જાણીતાં શહેરોમાં નજીકના ગ્રામ વિસ્તારમાંથી (૧) જે લોકો રોજબરોજ આવે છે તેમને શહેરની વહેતી વસ્તી (Floating population) તરીકે ઓળખાવવામાં આવે છે, (૨) શહેરમાં રસ્તા કે મકાન બાંધવાને લગતાં કામોમાં જેટલો સમય કામ ચાલે અને મજૂરી મળે ત્યાં સુધી કે કોઈની બદલીમાં કામ મળતું રહે ત્યાં સુધી શહેરમાં રહી ગામડે પાછાં જતાં રહે છે તેઓ મોસમી સ્થળાંતર (Seasonal migration) કરતાં હોવાનું કહેવાય છે, (૩) જ્યારે કેટલાક લોકો શહેરોમાં કાયમી ધોરણે વસવાટ કરવાનું પસંદ કરે છે ત્યારે તેમને સ્થાયી રહેવાસીઓ (permanent residents) તરીકે ઓળખવામાં આવે છે.

આમ, ત્રણ પ્રકારે શહેરોમાં સ્થળાંતર કરતી ગ્રામીણ વસ્તીમાં આદિવાસી વિસ્તારોમાંથી આવતા લોકોનો પણ સમાવેશ થઈ જાય છે. બહારથી સ્થળાંતર કરીને શહેરમાં આવી વસતાં અન્ય લોકોના જે પ્રશ્નો હોય છે તેવા જ અને થોડાક જુદા પ્રકારના પ્રશ્નો સ્થળાંતરિત આદિવાસીઓના હોય છે. આવા સ્થળાંતરિત સમુદાયોના પ્રશ્નો શહેરનાં જીવન અને વાતાવરણ સાથે અનુકૂલન (adaptation) સાધવાને લગતાં હોય છે. સમાજશાસ્ત્રીઓ શહેરની વચ્ચે સૈકાઓથી વસતા લોકોને હાર્દ સમુદાયો (core communities) તરીકે અને તાજેતરમાં આવી શહેરની સીમે વસતા લોકોને સીમાવર્તી સમુદાયો (fringe communities) તરીકે ઓળખાવે છે.

| ક્રમ | નામ | | સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૨૨. | શ્રી ગિરીશ મ. ભટ્ટ | - | આદિવાસી સંશોધન તા. કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ |
| ૨૩. | શ્રી લક્ષ્મણભાઇ મકવાણા | - | ,, |
| ૨૪. | શ્રી રમેશભાઇ છો. પટેલ | - | ,, |
| ૨૫. | શ્રી રાહુલભાઇ ભટ્ટ | - | ,, |
| ૨૬. | શ્રી દિલીપભાઇ પરમાર | - | ,, |
| ૨૭. | શ્રીમતિ હેમિક્ષાબેન રાવ | - | મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠ |
| ૨૮. | શ્રી બાબુભાઇ વી. બામણ્યા | - | ,, |
| ૨૯. | શ્રી ચીમનભાઇ સુથાર | - | સિવીલ હોસ્પીટલ, જામનગર |

------

## પરિસંવાદમાં હાજર રહેલા પ્રતિનિધિઓ

| ક્રમ | નામં | | સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૧. | શ્રી શંભુ દયાલજી | - | આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર |
| ૨. | શ્રી ડાહ્યાભાઇ નાયક | - | ગૂજરાત વિદ્યાપીઠ |
| ૩. | શ્રી ઘનશ્યામભાઇ શાહ | - | સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત |
| ૪. | શ્રી ઠાકોરભાઇ નાયક | - | આદિવાસી સંશોધન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ |
| ૫. | શ્રી એન.એ.વ્હોરા | - | આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર |
| ૬. | શ્રી અંબાલાલ પટેલ | - | સમાજ સેવા મહાવિદ્યાલય રાંધેજા |
| ૭. | શ્રી સિધ્ધરાજભાઇ સોલંકી | - | આદિવાસી સંશોધન તા. કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ |
| ૮. | શ્રી આર.બી.લાલ | - | ,, |
| ૯. | શ્રીમતી ભારતીબહેન દેસાઇ | - | ,, |
| ૧૦. | શ્રી મુસ્તાઅલી મસ્વી | - | ,, |
| ૧૧. | શ્રી ગૌરીશભાઇ પંડયા | - | ,, |
| ૧૨. | શ્રીમતી કોકીલાબેન શાહ | - | ,, |
| ૧૩. | શ્રી ચંદ્રકાન્તભાઇ ઉપાધ્યાય | - | ,, |
| ૧૪. | શ્રી ભીખાભાઇ પટેલ | - | ,, |
| ૧૫. | શ્રી અરૂણભાઇ પટેલ | - | ,, |
| ૧૬. | શ્રી રમેશભાઇ શ્રોફ | - | ,, |
| ૧૭. | શ્રી જયંતિલાલ જગાણિયા | - | ખંભાત મ્યુનિસીપાલીટી |
| ૧૮. | શ્રી નલિનીબેન સંઘવી | - | વિરબાઇ મહિલા કોલેજ, રાજકોટ |
| ૧૯. | શ્રી સાયમન કા. મેકવાન | - | આદિવાસી સંશોધન તા. કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ |
| ૨૦. | શ્રી ચંદ્રકાન્ત સો. પટેલ | - | ,, |
| ૨૧. | શ્રી કાંતિભાઇ મકવાણા | - | ,, |

યોજનાઓ દ્વારા મળતાં લાભોની જાણ થાય તે માટે શહેરના આદિવાસીઓ માટે એક નાની સરખી પુસ્તિકા બહાર પાડવી જોઇએ જે દ્વારા તેઓને બધી જાણકારી મળે.

૨૦. ગુજરાત રાજ્યમાં પછાતવર્ગોના કલ્યાણના કામમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું ઘણું મોટું યોગદાન છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ માત્ર ગામડાઓમાંજ કામ કર્યું છે. શહેરમાં વસતાં આદિવાસીઓના પ્રશ્નો માટે પણ સ્વૈચ્છિક સંસ્થાઓએ કામ ઉપાડી લેવું જોઇએ.

----

૧૩. મજૂર કાયદાઓના નવીનીકરણ વખતે આદિવાસીઓની સમસ્યાઓ અને કલ્યાણ સંબંધી કાયદાઓ પણ ઘડાવા જોઇએ.

૧૪. તમામ પ્રકારનાં કામોમા મજૂર કાયદાઓનું ચુસ્ત અમલ થાય એ માટે સરકારે ખાસ ધ્યાન રાખવું જોઇએ.

રહેઠાણ અને આરોગ્ય સગવડો :

૧૫. આદિવાસીઓને રહેઠાણો સહેલાઇથી મળી શકે એ માટે આદિવાસી પેટા યોજના અને ગંદા વસવાટ નાબુદી બોર્ડ વચ્ચે સમન્વય વધારવો જોઇએ અને આ અંગે કાર્યક્રમ ઘડી નાંખવો જોઇએ.

૧૬. જે સ્થળે આદિવાસીઓ જૂથમા રહેતા હોય ત્યાં પીવાના પાણીનુ નળ કનેકશન, જાજરૂ, લાઇટ જેવી પાયાની સગવડ આપવી જોઇએ.

અન્ય લાભો :

૧૭. શહેરમા આવતા આદિવાસી મજૂરોને તત્પુરતા સમય માટે પુરવઠા ખાતાએ રેશન કાર્ડ આપવા જોઇએ તેમજ તેઓ સસ્તા ભાવે અનાજ વગેરે ખરીદી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૧૮. શહેરોમા ચાલતી શહેરી સામુદાયિક વિકાસ યોજનાઓમાં આદિવાસીઓના વિકાસની યોજનાઓ અંગે પણ ધ્યાન અપાય એ જરૂરી છે.

૧૯. ટ્રાયબલ સબપ્લાન, સ્લમ કલીયરન્સ બોર્ડ તેમજ નગર સમુદાય વિકાસ તંત્રનું સંકલન થવું જોઇએ. અને શહેરની આ બધી સંસ્થાઓ દ્વારા શહેરના આદિવાસીઓનું કામ ગોઠવાવુ જોઇએ અને લાભો આપવા જોઇએ.

૨૦. શહેરમાં આદિવાસી છૂટાછવાયાં રહેતા હોય છે તેમને માટેની કઇ કઇ યોજનાઓ ચાલે છે અને કેવા પ્રકારનો લાભ કયાંથી મળે છે તેની માહિતી હોતી નથી. તેમને સરકારની જુદી જુદી

૪. આદિવાસીઓ ખાસ કરીને યુવાન વર્ગ જે ગામડાના અનૌપચારિક વાતાવરણમાંથી શહેરના ઔપચારિક વાતાવરણમાં આવતો હોવાથી તેઓને ઓછી હાડમારી વેઠવી પડે તે માટે ઔપચારિક વાતાવરણમાં સંલગ્ન થઇ શકે એવી તાલીમ વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૫. શહેરમાં વસતા આદિવાસીઓના જુદા જુદા પ્રશ્નો અંગે ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવો જોઇએ અને તેમના પ્રશ્નો કેવી રીતે ઉકેલી શકાય, તેમનો વિકાસ અને કલ્યાણ કેવી રીતે સાધી શકાય ? એ વિષય અંગે પણ ઊંડાણથી સંશોધન અભ્યાસો કરવા જોઇએ.

૬. શહેરમાં વસતા કેટલાંક આદિવાસી જાતિઓ સંખ્યાની દ્રષ્ટિએ ઓછી છે. જેમકે બાવચા, પોમલા પઢાર વગેરે તેમને સહેલાઇથી લાભો આપી શકાય તે માટે વ્યવસ્થિત તંત્ર ગોઠવવું જોઇએ.

શિક્ષણ :

૭. શહેરમાં છુટાછવાયા વસતાં આદિવાસીઓનાં ૧૫-૨૦ જેટલા કુટુંબો વચ્ચે પણ બાલવાડી કે આંગણવાડી આપવી જોઇએ.

૮. આદિવાસી મજૂરોના બાળકોનું શિક્ષણ જળવાઇ રહે તે માટે 'ટેન્ટ'-સ્કુલ' અંગે વિચારવું જોઇએ.

૯. શહેરના આદિવાસીઓને તાંત્રિક શિક્ષણની તાલીમ આપવા માટેની સંસ્થાઓ શરૂ કરવી જોઇએ જેથી તેઓ તાલીમ મેળવીને વધુ કુશળ કામ કરી શકે.

૧૦. વ્યવસાયિક માર્ગદર્શન, લોન અને સબસીડી અંગે માર્ગદર્શન આપવાની સગવડ કરવી જોઇએ.

કાયદાવિષયક :

૧૧. આદિવાસી મજૂરોને કાયદા પ્રમાણે મજૂરીનો દર મળવો જોઇએ.

૧૨. આદિવાસીઓનું ખાસ કરીને આદિવાસી સ્ત્રીઓનો કામમાં દૂરઉપયોગ ન થવો જોઇએ. બળાત્કાર જેવા ગંભીર કિસ્સામાં સરકારે સખત પગલાં ભરવાં જોઇએ.

કુલનાયક આદરણીય ડાહ્યાભાઇ નાયકે આ કાર્યગોષ્ઠીમા પેપરો રજુ કરનાર અને ચર્ચામાં ભાગ લઇ ઉપયોગી ચર્ચા કરનાર તમામને હાર્દિક અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે તમે આદિવાસીઓની આ રીતે એક ઉમદા સેવા કરી છે. તેમણે સૂચન કરતાં જણાવ્યુ હતુ કે હજુ આ દિશામાં આગળ વધવાનું હોવાથી શહેરી આદિવાસીઓ અંગે વધુ ને વધુ સંશોધન કામ કરવું જોઇએ જેથી કેવા પ્રકારનું કામ સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કરવાનું છે તેનું દિશાસુચન મળે. અંતમાં તેમણે ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતી અને શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓને શહેરી આદિવાસીઓની વિકાસ અને કલ્યાણ અંગે રસ લેવા જણાવ્યુ હતુ.

કાર્યગોષ્ઠીના અંતમાં સંયોજક શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાયે સૌનો આભાર માન્યો હતો.

<u>કાર્યગોષ્ઠીની ભલામણો અને સૂચનો</u> : જે કેટલાક ભલામણો અને સૂચનો પર સંમતિ સાધી શકાય તે નીચે પ્રમાણે છે.

૧. શહેરના આદિવાસીઓના પ્રશ્નો શહેરમાં વસતા અન્ય ગરીબ વર્ગોના પ્રશ્નોના જેવા જ છે. અલબત્ત આદિવાસીઓના પ્રશ્નો થોડા જુદા પડે છે. એટલે આ પ્રશ્નો શહેરી ગરીબોના પ્રશ્નો તરીકે સમજવા વધુ કારગર અને ફળદાયી રહેશે.

૨. શહેરમાં વસતા આદિવાસીઓના પ્રશ્નોમા પણ
   (ક) ઘણા લાંબા સમયથી વસતા અને સ્થિર થયેલા શહેરના મૂળ આદિવાસીઓ.
   (ખ) ત્રણ-ચાર પેઢીથી વસતા અને
   (ગ) સ્થળાંતર કરતાં કરતાં દસબાર વર્ષથી હાલ સ્થાયી થયેલ. એમ ચાર પ્રકારના આદિવાસીઓના પ્રશ્નો અલગ અલગ છે.

૩. આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગોને આર્થિક કે ભૌતિક લાભો ગમે તેટલા લાંબા સમય સુધી આપવામાં આવે તેનો વાંધો નથી પરંતુ રાજનૈતિક લાભો વધુ લાંબા સમય સુધી આપવા ન જોઇએ. આને કારણે એકતા નબળી બને છે. અને પ્રજાની કુલ કાર્યક્ષમતા ઓછી થાય છે.

૬. શ્રી ગિરીશ ભટ્ટ :

દ.ગુજરાતના વિસ્તારોમાંથી કેટલાક આદિવાસી યુવકો હવે મધ્યપૂર્વના દેશોમાં પણ પ્રગતિ માટે જવા લાગ્યા છે. આ પેપરમાં બે બાબત ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રથમ આ દેશોમાં જવા તૈયાર થયેલા આદિવાસી યુવકોનું ટ્રાવેલીંગ કંપની ઊંચા વ્યાજના દરે પૈસા કાઢવાથી થતુ શોષણ,મુખ્ય પ્રશ્ન છે જે કુટુંબોમાંથી યુવકો બહાર જતા હોય છે તેમની આવકમાં વધારો થતા એઓ ગરીબ આદિવાસી પાસેથી જમીન ખરીદે છે તેથી કેટલાક આર્થિક અને સામાજિક પ્રશ્નો ઉભા થાય છે.

૭. શ્રી એન. એ.વ્હોરા :

શહેરમા આદિવાસીઓ અને અન્ય જૂથો પણ આવે છે. શહેરોમાં આવતા આદિવાસીઓ કયા પ્રકારના હોય છે ?.જે આદિવાસીઓ નોકરીને કારણે આવતા હોય છે તેમના પ્રશ્નો અંગે વિચાર કે ચર્ચા કરવાની જરૂર હાલમા નથી. જે આદિવાસીઓ મજૂરી કામ કરે છે તેઓ તેમના કામમા નિપુણતા મેળવે છે.

૮. શ્રી હેમીક્ષા રાવ : જામનગરના સીદીઓ :

સીદીઓમા પુરુષોની સંખ્યા કામ કરનારાઓમાં વધુ છે. સ્ત્રીઓ બહાર કામ કરવા જતી નથી પરંતુ ઘરચોળાનું કામ, બાધણી ભરવાનું કામ વગેરે જેવા ગૃહોદ્યોગો સાથે સંકળાયેલા છે.

૯. શ્રી ચંદ્રકાન્ત પટેલ : બાવચા :

આદિવાસીઓમા સૌથી વધુ શિક્ષણ મેળવનારાઓમાં ધાડિયા પછીના બીજા ક્રમમાં આવતા બાવચાઓ પેઢીઓથી શહેરોમા વસવાટ કરે છે. તેઓ ગાયકવાડના તબેલાઓની સંભાળ રાખનારા તરીકે અહીંયા આવ્યા હતા. તેઓ જુદા જુદા છૂટક કામોમા તેમજ ઔદ્યોગિક ક્ષેત્રોમાં કામદારો અને કારીગરો તરીકે કામ કરે છે.

સમાપન અને પૂર્ણાહુતિ :

બીજી ચર્ચા બેઠકને અંતે ચર્ચાનુ સમાપન કરવામાં આવ્યુ હતું. કાર્યગોષ્ઠીની પૂર્ણાહુતિ કરતાં ગૂજરાત વિદ્યાપીઠના માજી

૩. **શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય : પોમલા :**

૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ પોમલા જાતિના કુલ ૭૨ કુટુંબોમાં કુલ ૪૫૪ની વસતિ હતી. ૧૯૮૧ની વસતિગણતરી મુજબ પોમલા જાતિની અડધી વસતિ માત્ર સુરતમાં વસે છે. પોમલાઓ લગભગ ૨૦૦ વર્ષ પહેલાં તેલુગુ પ્રદેશમાંથી આવીને વસ્યા હશે એવી એક માન્યતા છે. તેમની ભાષા પણ તેલુગુ ભાષાને મળતી આવે છે. તેઓનો મૂળ ધંધો તાડ અને ખજૂરીના પાંદડામાંથી ટોપલા, ટોપલીઓ, સાદડી, સાવરણી બનાવવાનો છે.

૪. **શ્રી સાયમન મેકવાન :**

શહેરોમાં મોસમી સ્થળાંતર કરીને આવતા આદિવાસી મજૂરોની અનેક સમસ્યાઓમાં મુખ્ય ગણી શકાય એવી ત્રણ સમસ્યાઓ અંગે રજુઆત કરી છે.

પ્રથમ સમસ્યા તેમના રહેઠાણની છે. તેઓ રહેવા માટે કેવા સંઘર્ષો વેઠે છે અને તેમને કેવી રીતે હેરાન કરવામાં આવે છે અથવા તેમનું શોષણ કરવામાં આવે છે. બીજી સમસ્યા મજૂરી કામમાં કરવામાં આવતી ગેરરીતીઓ અને મજૂર કાયદાઓનું ઉલંઘન કરીને તેમનું શોષણ કરવું અને ત્રીજી સમસ્યા તેમને સસ્તા અનાજની યોજનાનો શહેરમાં લાભ મળતો નથી તે અંગેની છે. સૂચનોમાં મજૂર કાયદાઓના નવીનીકરણ સમયે આદિવાસી મજૂરોનું શોષણ અટકે, સલામતિ અને કલ્યાણ અંગેની પૂરતી જોગવાઈઓ આ કાયદાઓમાં થાય. સસ્તા અનાજની યોજનાનો લાભ આપવા શહેરોમાં આવતા આદિવાસી મજૂરોને કામચલાઉ રેશન કાર્ડ આપવા જોઇએ.

૫. **ડૉ. અંબાલાલ પટેલ : અમદાવાદના ભીલોની**

**આર્થિક સ્થિતિ :**

અમદાવાદમાં વસતા ભીલો જે જુદા જુદા કામ કરે છે તેમજ મીલ વગેરેમાં નોકરી કરે છે તેમની આવક, ખર્ચ, ખર્ચના પ્રકાર વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

શહેરોમાં આવતા તમામ જૂથોને થાય છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણની પ્રક્રિયા એ અનિવાર્ય અને રોકી ન શકાય તેવી છે. શહેરના આદિવાસીઓને ગામડાંમાં પાછા મોકલી ન શકાય તેથી તેમના ગંદા વસવાટ વિસ્તારોમાં સુધારો કરવાનો, સગવડો આપવાનો વિચાર કરવો જોઇએ. અંતમાં તેમણે એવું સૂચન કર્યું હતું કે શહેરોમાં કયા સ્તરના આદિવાસીઓ આવે છે ? તેઓ કેવા પ્રકારના કામ-નોકરીઓમાં જોડાયા છે ? વગેરે વિષે વધુ અભ્યાસ કરવો જોઇએ.

કાર્યગોષ્ઠીની બીજી બેઠકમાં સાત પેપર રજુ કરવામાં આવ્યા હતા. આ પેપરોમાં મુખ્યત્વે શહેરોમાં વસતિ જાતિઓ અને સમશ્યાઓના સંદર્ભમાં હતાં.

૧. <u>શ્રી ગૌરીશ પંડયા : સીદી</u>

સીદીઓને ગુલામ તરીકે લાવવામાં આવ્યા હતા તેઓ મુસ્લીમ ધર્મ પાળે છે. તેઓ ખૂબજ ગરીબ છે. હાલમાં તેઓ નાના-મોટા કામો કરે છે. તેઓની મુખ્ય સમશ્યા રહેઠાણની છે. તેઓ ભાડાના નાના-નાના મકાનોમાં રહે છે. તેમના વિસ્તારો ગંદા વિસ્તારો હોવાથી આરોગ્યની સગવડો મળતી નથી. તેઓ કારખાનાઓમાં મજૂરી, ટ્રક ચલાવવી, માલ ચઢાવવો, ઉતારવો, સ્ત્રીઓ ઘરકામ વગેરે જેવાં કામો કરે છે. તેમની શિક્ષણની સમશ્યા પણ એક ગંભીર સમશ્યા છે.

૨. <u>ડૉ. અંબાલાલ પટેલ : ભીલોમાં સાંસ્કૃતિક પરિવર્તન :</u>

અમદાવાદમાં ભીલો લગભગ ૨૦૦ વર્ષ પહેલાંથી આવીને વશ્યા છે. તેમનામાં ઘણું પરિવર્તન થયેલું જોવા મળે છે. તેમના લગ્ન અંગેના રિવાજોમાં ફેરફારો થયા છે. આજે તો તેઓ એક દિવસમાં લગ્ન પતાવે છે. તેઓની ધાર્મિક માન્યતાઓમાં પણ અમુલ પરિવર્તન આવેલું જોવા મળે છે. આજે તો તેઓએ જાત્રાએ જવાનું અને દાન આપવાનું પણ સ્વીકારેલું છે. તેઓ જાહેર સુખાકારી સગવડોનો લાભ લે છે. હવે પ્રસૂતિ ઘેર ન કરાવતાં પ્રસુતિ ગૃહોમાં જાય છે. સંતતિ-નિયમનના સાધનોનો ઉપયોગ પણ કરતા થયા છે. તેમનામાં નેતાગીરીનો અભાવ એક વિકટ સમશ્યા બની ગઇ છે. આને કારણે તેમના સંગઠનને માઠી અસર થયેલી છે.

૪. ડૉ. પી. એસ. જેઠવા :

સાંસ્કૃતિક સંપર્ક અને સામાજિક પરિવર્તન :
(રાજકોટની ભીલ કોમ પર એક દ્રષ્ટિપાત)

હાલમાં રાજકોટના ભીલના પૂર્વજો ઇ.સ. ૧૮૩૦-૪૦ની આસપાસ ગુજરાત-રજપુતાનાની સરહદોના ડુંગરાળ પ્રદેશોમાં વસતા હતા. ઇ.સ. ૧૮૪૦ બાદ કેટલાક કુટુંબો બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સંપર્કમાં આવતાં તેમનું રાજકોટ તરફ સ્થળાંતર શરૂ થયું હતું.

ઇ.સ. ૧૯૦૦ સુધી ભીલો પોતાનું આગવું જીવન જીવતા હતા. પરંતુ ત્યારબાદ હિન્દુ કોમો, બ્રિટિશરો વગેરેના સંપર્કમાં આવવાને કારણે પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઇ હતી. આ પ્રક્રિયાને કારણે ભીલો આજના શહેરી વાતાવરણમાં સ્થિર થઇ શક્યા છે.

૫. શ્રી મુસ્તાઅલી મસવી અને શ્રી અરૂણ પટેલ

૧૯૬૧-૭૧ અને ૧૯૭૧-૮૧ના બન્ને દાયકામાં આદિવાસીઓની વસતિ વધી છે. પરંતુ ૧૯૬૧-૭૧માં આદિવાસી વસતિમાં વધારો ૩૫.૫૮% હતો જે ૧૯૭૧-૮૧માં માત્ર ૨૯.૮૩% જેટલો હતો.

આદિવાસી ગણાતા આઠ જિલ્લાઓમાં શહેરી આદિવાસીઓની વસતિ કુલ વસતિના ૧૦% કરતાં પણ ઓછી છે. શહેરી આદિવાસીઓનો સૌથી વધુ વધારો ૧૯૬૧-૭૧ દરમિયાન પંચમહાલ (૫૫૨.૭૨%)માં નોંધાયો હતો.

સામાન્ય વસતિ કરતાં આદિવાસી વસતિમાં પુરુષ અને સ્ત્રીઓ બંનેમાં કામ કરનારાઓની સંખ્યા વધુ જોવા મળે છે. કામ કરનાર આદિવાસી સ્ત્રીઓની સંખ્યા કામ કરનાર સામાન્ય સ્ત્રીઓની સરખામણીમાં ત્રણ ગણી છે.

પ્રથમ બેઠકનું સમાપન કરતા અધ્યક્ષ સ્થાનેથી ડૉ. ઘનશ્યામભાઇ શાહે જણાવ્યું હતું કે શહેરી આદિવાસીઓની જે સમસ્યાઓ છે તે શહેરમાં વસતા ગરીબ વર્ગની છે તેનો જેવી જ છે. સાંસ્કૃતિક સંપર્ક માત્ર આદિવાસીઓમાં જ નહિ પરંતુ

-૭-

ભરૂચની આસપાસ મોટાપાયે ઔદ્યોગિકરણ થઇ રહ્યું છે. આ પ્રક્રિયાથી નીચે પ્રમાણે પરિવર્તન થાય છે.

(૧) માન્યતાઓ, રિવાજો, વગેરેમાં તેમજ આ ગામે અનુકુલનના પ્રશ્નો અને તે દ્વારા આવતી નિરાશાને કારણે ઉભા થતા પ્રશ્નો.

(૨) વ્યવસાયિક ગતિશીલતા ઝડપી બને છે જે ગામમાં ખૂબ જ મંદગતિએ હોય છે.

(૩) યુવકોની સંખ્યામાં વધારો થાય છે.

(૪) શહેરોમાં જાતિ પ્રમાણે અસમતુલ બની જાય છે. પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા વધી જાય છે.

(૫) ઔદ્યોગિકરણ અને શહેરીકરણને લીધે તેમના વતન સાથેના સંબંધ તૂટતો નથી.

(૬) પરિવર્તન ઝડપથી નથી આવતું. દેશના અન્ય વિસ્તાર કરતા આ બાબતમાં ગુજરાતની સ્થિતિ સારી છે. સંસ્કૃતિ આગળ અને સામાજિક વાયુવિહીનતામાં આદિવાસીઓ મૂકાયા નથી તેમના મત મુજબ ઔદ્યોગિક એકમમાં કામ કરવાથી આદિવાસીઓની આવકમાં વધારો થયો છે પરંતુ અન્ય સમુદાયની સરખામણીમાં આવક વધી નથી.

૩. <u>ડૉ. ઠાકોરભાઇ નાયક :</u>

એક માન્યતા એવી છે કે આદિવાસીઓ શહેરોમાં આવતાં તેમની સંસ્કૃતિ છિન્નભિન્ન થઇ જાય છે. આ સાચુ નથી. પરંતુ તેઓ શહેરોમાં પણ સમૂહમાં રહેતા હોવાને કારણે તેમની સંસ્કૃતિ યથાવત રહે છે. કદીક વધુ ઘનિષ્ઠ થાય છે. (૨) આદિવાસીઓ શહેરોમાં આવતા હોય છે. તેઓ એક અનૌપચારિક વાતાવરણમાંથી ઔપચારિક વાતાવરણમાં આવતા હોવાથી એક પ્રકારનો અંજપો અને અનઅનુકુલન અનુભવવા પડતા હોય છે. તેમણે એવું સૂચન કર્યું હતું કે આ પ્રમાણે જે ખાસ કરીને નોકરીઓમાં જોડાતા આદિવાસી યુવાનોને યોગ્ય તાલીમ આપવામાં આવે તો આ ઔપચારિક માળખામાં ગોઠવવામાં સરળતા રહે.

૧. શ્રી રમેશભાઇ શ્રોફ :

'શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નોમાં સૈધ્ધાન્તિક પરિમાણો.''

તેમની દ્રષ્ટિએ શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો નીચે પ્રમાણે છે.

૧. રહેઠાણ,આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો
૨. નિયમિત અને કાયમી રોજગારી
૩. જીવન ધોરણ સુધારણાના પ્રશ્નો
૪. વ્યવસાયમાં સાથે કામકરતાં લોકો સાથે ઉદ્ભવતા પ્રશ્નો.
૫. અન્ય જાતિના આંતર સંબંધથી ઉભા થતા પ્રશ્નો
૬. સાંસ્કૃતિકરણની રીતીથી સામાજિક તથા આર્થિક ગતિશીલતા સાધવાના પ્રશ્નો.
૭. માનસિક સંઘર્ષ વચ્ચે સમાધાન સાધવાના પ્રશ્નો.
૮. સરકારી લાભ અંગેના પ્રશ્નો

૨. શ્રી રાસબિહારી લાલ

શહેરીકરણની પ્રક્રિયાથી આદિવાસીઓ કઇ સ્થિતીમાં મુકાઇ ગયા છે તે અંગેની ચેષ્ટા આ પેપરમાં કરવામાં આવી છે. ઔદ્યોગિકરણ ચાર પ્રકારની પ્રવૃત્તિને કારણે થાય છે.

(૧) ખાણકામને કારણે : ગુજરાતમાં છોટાઉદેપુર અને બનાસકાંઠામાં ખાણ કામ આદિવાસી વિસ્તારમાં થાય છે.
(૨) વાડીઓ (પ્લાન્ટેશન)ને કારણે, ગુજરાતમાં દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત અને વલસાડ જિલ્લાઓના ગામડાઓમાં ચીકુ, કેરી વગેરેની વાડીઓને કારણે ઔદ્યોગિકરણને વેગ મળ્યો છે.
(૩) ખેતીમાં રોકડીયા પાકનું ઉત્પાદન મોટા પાયે શરૂ થયું. ગુજરાતમાં ખાસ કરીને ખેડા જિલ્લામાં આ અસર સૌથી વધુ જોવા મળે છે.
(૪) ઔદ્યોગિક એકમો અને ઔદ્યોગિક સંકુલો તેમજ વ્યાપારવાણિજ્ય વધવાને કારણે પણ ઔદ્યોગિકરણ થાય છે. દ.ગુજરાતના વલસાડ જિલ્લામાં વાપી, અતુલ તેમજ ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર અને

કરવામાં આવશે તેના અમલ વિષે વિચાર સરકારશ્રી દ્વારા કરવાના સઘળા પ્રયાસો કરવામાં આવશે.

ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતા આદરણીય શ્રી ડાહ્યાભાઇ નાયકે ખુશી વ્યકત કરતા જણાવ્યું કે શહેરોમાં વસતા આદિવાસીઓ અંગે વિચાર કરવાનો આ પ્રથમ પ્રસંગ હશે. આ પ્રશ્ન અંગે વિચારણા કરો છો તેથી તમને અભિનંદન આપું છું. આ દિશામાં ન તો સ્વૈચ્છિક સંસ્થાએ કે ન તો સરકારે ખાસ વિચાર્યું છે. પોતે પણ આ અંગે કોઇ અભ્યાસ કર્યો નથી. શહેરોમાં મજૂરી કરવા આવતા કુટુંબોનો મુખ્ય પ્રશ્ન તેમની ગરીબાઇ, બાળકોનું શિક્ષણ, અને રહેઠાણનો છે. સ્થળાંતર કરવાને કારણે તેમનું જીવન વેરવિખેર થઇ જાય છે. અને તેમની સંસ્કૃતિ પણ જળવાય રહેતી નથી. તેમનું સ્થળાંતર ઓછું કરી શકાય એ અંગે આદિવાસીઓને ગામડામાં કયા કયા વ્યવસાય આપી શકાય એ અંગે વિચારવું જોઇએ. દાહોદ, ગોધરા જેવા શહેરી વિસ્તારમાં વસતા આદિવાસીઓ જેઓ શહેરનાજ મૂળ નિવાસી છે તેમના પ્રશ્નો જુદા છે. તેમના આર્થિક, શૈક્ષણિક, સામાજિક પ્રશ્નોનો પણ અભ્યાસ કરવો જોઇએ.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે આ કાર્યગોષ્ઠી યોજવાની પ્રેરણા આપવા બદલ આદિજાતિ વિકાસ કમિશ્નર શ્રી શંભુદયાલને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

કાર્યગોષ્ઠીમા આવેલાં લેખોની ચર્ચા બે બેઠકોમાં કરવામાં આવી હતી. બીજી બેઠકની અંતમાં કાર્યગોષ્ઠીની ફલશ્રુતિ રૂપે કેટલીક ભલામણો અને સૂચનો કરવામાં આવ્યા હતા બન્ને બેઠકોનું સંચાલન સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના નિયામકશ્રી ડૉ. ઘનશ્યામભાઇ શાહે કર્યું હતું.

### પ્રથમ બેઠક :

પ્રથમ બેઠકમાં કુલ પાંચ પેપરો રજુ કરવામાં આવ્યા હતા. આ પેપરો ઘણે ભાગે સૈદ્ધાંતિક હતા. આ પેપરોની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે.

કાર્યગોષ્ઠીનું ઉદ્‌ઘાટન કરતાં આદિજાતિ વિકાસ કમિશ્નર શ્રી શંભુદયાલે જણાવ્યુ હતુ કે આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસીઓના કલ્યાણની કામગીરી પ્રોજેક્ટ હેઠળ થાય છે અને શહેરોમાં વસતા આદિવાસીઓનું ધ્યાન સમાજ કલ્યાણ અધિકારીને હસ્તક છે. પરંતુ સમાજ કલ્યાણ ખાતાનો ઝોક અન્ય જ્ઞાતિઓ તરફ વધુ ધ્યાન આપવાનો રહ્યો છે. પરિણામે આદિવાસી પેટા-યોજનાના હેઠળ કુલ યોજનાના ખર્ચના ૪ ટકા રકમ શહેરોમાં વસતા આદિવાસીઓના કલ્યાણ માટે વાપરવાની હોય છે. છતાં વપરાતી નથી અને તેમને માટેની યોજનાઓનો અમલ થતો નથી અને યોજના માત્ર કાગળ ઉપર જ રહી જાય છે. સામાન્ય રીતે આદિવાસીઓ શહેરોમાં માત્ર રોજી માટે આવે છે. શહેરીજીવનથી પ્રભાવિત થઇને આવતા નથી. કેટલાક ખેતીની મોસમ શરૂ થતાં પોતાનાં વતનમાં પાછા ફરે છે. જ્યારે કેટલાંક લાંબે ગાળે શહેરમાં રહેતા થઇ જાય છે. ગામડામાં વસતા આદિવાસીઓને યોજનાઓનો લાભ મળે છે. જ્યારે શહેરમાં રહેતા આદિવાસીઓને યોજનાઓનો લાભ મળતો નથી કારણ કે શહેરી ગરીબને રીતે લાભ આપી શકાય તે માટે આપની પાસે કોઇ વ્યવસ્થિત માળખુ નથી. તાજેતરમાં આઇ.આર.ડી.એ કરેલા અભ્યાસોમાં પણ જોવા મળ્યું છે કે શહેરના આદિવાસીઓને લાભ મળતો નથી. લાભ નહી મળવાની ફરિયાદો અમદાવાદ, રાજકોટ સુરત શહેરોમાંથી મળતી રહે છે. શહેરોમાં આદિવાસીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. વળી સરકારે નક્કી કર્યું છે કે શહેરમાં ૭ વર્ષથી વધુ ન રહે તેમને મકાન ન આપવુ એટલે આ લોકો મકાનથી વંચિત રહી જાય છે. મોંઘવારીને કારણે બાળકો પણ મજૂરી કરતાં હોવાથી શિક્ષણથી પણ વિમુખ રહી જાય છે. મજૂર કાયદાઓ પ્રમાણે તેમને પીવાના પાણીની સગવડ, રહેવાની સગવડ વગેરે પણ આપવામાં આવતી નથી. જે કાયદાકીય લાભો તેમને મળવા જોઇએ તે કેવી રીતે આપી શકાય ? એ અંગે પણ વિચાર થવો જોઇએ. આદિવાસી મજૂરો અને માલિકો વચ્ચેના માણસો (મુકાદમ)નો પણ અંકુશ કેવી રીતે ઓછો થાય અને તેમનું શોષણ કેવી રીતે અટકે તે અંગે પણ વિચારવાનુ છે.

અંતમાં તેમણે ઉપરના મુદ્દાઓ અંગે ચર્ચા થાય એ વિશ્વાસ વ્યક્ત કરી ખાત્રી આપતાં જણાવ્યું કે આ કાર્યગોષ્ઠીમાં જે સુઝાવો

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદ - ૧૪

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત ''ગુજરાત રાજ્યના શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો તથા વિકાસ વિષયક કાર્યગોષ્ઠી તા. ૨૧ જાન્યુ. ૧૯૮૪.

### કાર્યગોષ્ઠીની ફલશ્રુતિ

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ''ગુજરાત રાજ્યના શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો અને વિકાસ ''વિષયક એક ગોષ્ઠી તા. ૨૧મી જાન્યુઆરી ૧૯૮૪ના રોજ આ.સં.તા.કેન્દ્રના સભાખંડમાં યોજવામાં આવી હતી.

આ કાર્યગોષ્ઠીનું ઉદ્ઘાટન આદિજાતિ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય શ્રી શંભુદયાલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારંભનું પ્રમુખ સ્થાન ગુજરાત વિદ્યાપીઠના માજી કુલનાયકશ્રી અને જાણીતા સામાજિક કાર્યકર શ્રી ડાહ્યાભાઇ નાયકે શોભાવ્યું હતું.

ઉદ્ઘાટન સમારંભની શરૂઆત પ્રાર્થના-ગીતથી કરવામાં આવી હતી. મહેમાનોને આવકારતા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયકે જણાવ્યું હતું કે શહેરી આદિવાસીઓના પ્રશ્નો અંગે વિચારણા કરવાની સ્ફુરણા અને આ કાર્યગોષ્ઠી યોજવાની પ્રેરણા અમને શ્રી શંભુદયાલની સંનિષ્ઠ અને પોતાની જવાબદારી અદા કરવામાં હરહંમેશ વ્યસ્ત રહેતા અધિકારી દ્વારા થઇ હતી. સમારંભના પ્રમુખ શ્રી ડાહ્યાભાઇ નાયક આદિવાસીઓ અને આપણી સાથે ઓતપ્રોત છે. તેમના વિષે ડૉ. નાયકે એવી આશા વ્યકત કરી હતી કે તેમનું માર્ગદર્શન અને સુઝાવ આ કાર્યગોષ્ઠીમાં આપણને મળી રહેશે.